અઠવાડીક મજાહ

વાર્તા-માળા-ત્રગડી.

૧ ચડતી-પડતી

અથવા

જ્યાં સાચા ત્યાં પૈસો.

૨ અંતે ધર્મો જય

૩ નગરશેઠાણ નશીબ

યાને

પાપીને માટે ધુળની ધુળ.

ADVERTISEMENT



મેસર્સ એચ એમ માસ્તર એન્ડ કંપની
ફોટોગ્રાફી એન્ડ સીવીલ ફર્મ.

અઠવાડિક મજાહ

વાર્તા-માળા-ત્રગડી.

૧-ચડતી-પડતી અથવા પ્યાર સાચો ત્યાં પૈસો.

લખનાર 'દીલશેર' તે-કરીમાન જે ઉદવાડીયા.

૨-અંતે ધર્મો જય.

લખનાર-'ગરીબ' તે-મેજન ફ્રામજી બોયવાલા.

૩-નખરાંબાજ નશીબવાન પાપીને મોંહે ધુળની ધુળ

લખનાર-'દીલશેર' તે-મી. કરીમાન જે ઉદવાડીયા.

પસીદ્ધ કર્તા,

હોમી દીનશાજી ડંગોર.

આધિપતિ, 'અઠવાડિક મજાહ'

નાનપુરા-સુરત.

ઈ. સ. ૧૯૧૪ વિ. સં. ૧૯૭૦

કિં. રૂ. ૦-૧૨-૦ કાચા પુંઠાના.

,, ,, ૧- ૦-૦ પાકા ,,

અર્પણ પત્રીકા.

મહેરબાન શેઠજી,

ખાનબહાદુર બમનજી એદલજી મોદી.

એમ. એ.

જુના અને જાણીતા દાવર ખાનદાનના નબીરા છો.

લોક સેવા અને રાજ્ય ભક્તિમાં પોતાનું તન, મન અને ધન અર્પી રહ્યા છો.

ગુજરાતી સાહિત્યને હમેશાં ઉત્તેજન અને આશરો આપતા રહ્યા છો, ગરીબો તરફ તેમનો વહાલ અને લાગણી અનહદ બતાવતા રહ્યા છો, તેમની માન તરફની આશા અને દીલસોજ લાગણીના બદલામાં આ નાનું અદના પુસ્તક ઘણાજ માન અને હેશાન સહીત અર્પણ કરવાની રજા લઉં છું.

સુરત તા. ૨૬-૬-૧૪

પ્રસીદ્ધ કર્તા,

હોમી ડંગોર.

Khan Bahadur Bomanji Edalji Mody M A



[illegible]

સુરત ખપાટીઆ ચકલાપર આવેલા ખુબચંદ અમીચંદના
"સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસ" માં મટુભાઈ ભાઈદાસે છાપ્યું,
અને હોમી દીનશાજી ડંગોરે પ્રસિદ્ધ કર્યું.

બે બોલ.

અઠવાડિક મજાહ વાર્તા-માળા-ત્રગડીનું આ પુસ્તક વાચક તારા હાથમા વિરાજે છે, જેમા બે સંસારીક અને એક ઇતિહાસીક વાર્તા સમાવવામા આવી છે એક પારસી સંસારીક છે બીજી ઇંગ્રેજી સંસારીક અને ત્રીજી મુસલમાન સંસારીક છે, અને તે બે જુદા જુદા જાણીતા લેખકોના હાથથી લખાયલી છે. તેઓએ પોતાના કીમતી વખતનો ભાગ આપી હમારે માટે ખંતથી વાર્તા લખી મોકલી છે તે માટે આ તકે તેમનો ઘણોજ અભાર માનીએ છીએ.

હમારા ગ્રાહકો જુદી જુદી કોમના મોટી સંખ્યામા હોવાથી ફકત એકજ સંસારની વાર્તા નહિ આપતા ત્રણ જુદા જુદા સંસારની આપી છે તે એજ સબબે કે દરેક કોમને વાંચવાને ઉત્સાહ આવે. દિલગીર છીએ કે હમો એક હિન્દુ સંસારીક વાર્તા આપી શકયા નથી.

આ વાર્તા દરેક વાચકોના ટેસ્ટને અનુસરતી થઇ પડશે એટલુંજ નહિ પણ તેમાંથી ઘણુ શીખવાનું અને જાણવાનુ મળશે એવી હમારી પુરી ખાતરી છે.

પુસ્તક ઘણુંજ ઉતાવળે છપાયું છે માટે તેમાં જોડણી વગેરેની ઘણી ભુલો રહી ગઇ હોય તો તે માટે વાચકો દરગુજર કરશે એવી આશા રાખીએ છીએ.

જો કે હમે અઠ્વાડિક મજાહનુ વારશીક લવાજમ રૂ. રાા નું રૂા. ૩–૨–૦ કીધું છે, છતા હાલ નીકળતા અઠ્વાડિક ચોપાન્યા સામું જોતા અને આ પુસ્તક ધ્યાનમાં લેતા ઘણુંજ જુજ જણાશે એમાં કાંઇ શક નથી, છતાં હમારા કદરદાન ગ્રાહકો અને જાહેર ખબરીઓના ચાલુ આસરાથી હમો અગાડી બાથ ભીડી રહયા છે હવે તો આવોજ યા એથી વધુ સહાસ પતેની અ ક વખતે કરી બતાવીએ ત્યાં તુલીક સલામ !

અઠ્વાડિક મજાહ
ઓફીસ.
સુરત તા. ૨૬–૬–૧૪.

લી૦ આપનો
આગ્નાકીત સેવક,
હોમી દીનશાજી ડંગોર.

ખાન બાહાદુર બહમનજી એદલજી મોદી. એમ. એ.

નું

ટુંક જીવન વૃત્તાંત.

ખાન બાહાદુર બહમનજી એદલજી મોદી, તે આપણી સુરતની પારસી કોમના વડા **સરદાર દાવર કેખુશરો એદલજી મોદીના** નાહના ભાઇ થાય છે એમનું ખાનદાન પહેલ વહેલું સુરતમાં ત્રણસો વર્ષ ઉપર **ભગવાથી** આવ્યું હતું. એક ભાઇ **નાનાભાઈ પુંજીઆ** સુરતમા વસ્યા અને ત્યા દખમું બંધાવ્યું અને બીજા ભાઇ **કાવસજી પુંજીઆ** ખંભાત જઇને વસ્યા અને તે શહેરમા પણ પારસીઓ ઉપરનું વડપણ એમના કુટુંબમાં ચાલતું આવ્યું છે.

ખાન બાહાદુર બમનજીનો જન્મ સન ૧૮૪૫ના જુલાઇ માસમાં થયો હતો. એઓએ અત્રેની હાઇસ્કુલમાં અભ્યાસ કર્યો હતો. એ સ્કુલમાથી પેહેલ વેહેલા મેટ્રીકયુલેટ થવા જનારમા એઓ એક હતા. તે પરીક્ષા પાસ કરી **એલફીન્સ્ટન કોલેજમાં** દાખલ થયા. બી. એ. ની પરીક્ષા પસાર કર્યા પછી **જુનીઅર દક્ષણા ફેલો** નીમાયા હતા. અને પછી એમ. એ. ની પરીક્ષા પસાર કરી શીનીયર દક્ષણા ફેલો રૂ. ૧૨૦)ના પગારથી નીમાયા હતા. તેઓ અંગ્રેજી

સાહિત્ય, લૅટીન તથા હીસાબ એ વીશયો શીખવતા હતા. ૧૮૭૦ના એપ્રીલ માસમા નામદાર સરકારે એમને સબ આસીસ્ટંટ સ્ટલમેન્ટ ઓફીસરના ઓદ્દા ઉપર નીમ્યા હતા. એઓ નોર્ધર્ન ડીવીઝનના કમીશનરના એક્ટીગ આસીસ્ટંટ ત્રણ માસ માટે નીમાયા હતા અને સબ આસીસ્ટંટ સેંટલમેન્ટ ઓફીસરનો ઓધ્ધો સરકારે કાઢી નાખ્યાથી ૧૮૭૧ના જુન માસમા ખેડા જીલ્લાના ડીસ્ટ્રીકટ ડેપ્યુટી નીમાયા હતા એજ વરસમા અકટોબર મહીનામાં ખંભાત તથા ખેડા જીલ્લાની હદ ઉપર ખંભાતના વસતાણા ગામના તથા અંગ્રેજી આડવા ગામના લોક વચ્ચે ઢોર ચરાવવ ની બાબદમા મોટી મારામારી થઇ હતી અને એક માણસ માર્યો ગયો હતો, ત બાબદ ખેડાના કલેક્ટર શેપર્ડ સાહેબે ખભતના રેવીન્યુ કમીશનર તથા એમને કમીશનમા નીમ્યા હતા તે વખતે બધી પુરેપુરી તપાસ કરી કીમતી રોપોર્ટ કર્યો હતો, ત માટે નામદાર સરકારે ખાસ ઉપકાર માન્યો હતો. ખારી નદીની નહેરમાથી વાવેતર માટે પાણી લેવા સબધ ઉઠતા તકરારોનો ફેસલો એમના અભીપ્રાય પ્રમાણેજ મહેરબાન કલેકટર સાહેબ આપતા હતા.

સને ૧૮૭૩માં બોરસદ તાલુકાના ઇશનાવ પીપલાવ ગામમાં ગાયકવાડી ગામના લોકોએ એક રાતમા મોટો એક ગાઉ લાબો કાશ અથવા પાણીનો કાહાડો ખોડી કાઢયો, તેથી અંગ્રેજી ગામોને ઘણાં નુકશાનનો સંભવ થયલો તે બાબદ તપાસ કરવા ગાયકવાડ તરફના મોટા કામદાર સાથે એમને કમીશનમાં નીમ્યા, તેમાં એમની બધી ભલામણો સરકારે મંજુર કરી હતી.

સને ૧૮૭૫ના નવેમ્બર માસમા એમની બદલી પંચમહાલમા થઇ. તે વેળા ખેડા જીલ્લાના લોક ઘણાજ દલગીર થયા હતા પંચમહાલમા એવો છેક સને ૧૮૮૨ સુધી રહ્યા. તે દરમ્યાન ત્યાની રૈયતનો પ્યાર એમણે સંપુર્ણ જીતી લીધો હતો ત્યાના બુઢા માણસો હજુ પણ એમને યાદ કરે છે.

પંચમહાલમાં દોહદ તથા ગોધરામાં પેહેલ વહેલી મ્યુનીસીપાલીટીઓ એમણે સ્થાપી હતી. અને ફક્ત ઘરવેરામાથી ઉપજ ઉત્પન્ન કરી હતી ઓકટરોઇ કે જેથી વેપારને નુકશાન થાય છે અને લોકોને હેરાનગતી થાય છે તે એવણે મુદ્દલ દાખલ કીધી નહી. દોહદની મ્યુનીસીપાલીટીમા પ્રથમ ઘણી ઓછી ઉપજ હતી તોપણ ઘણી કરકસરથી કામો કીધા. સાંકડી ગલીઓને સાગ પાકા રસ્તા ગાડીઓ જાય તેવા કર્યા તેઓએ પાચ વર્ષ રહીને ચાર્જ છોડયો, ત્યારે સાત હજાર સીલક એકઠી કરી. જોકે તે વાર્ષીક ઉપજ ફક્ત પાચ હજાર હતી અને નવા કૂવા કર્યા તથા દુકાળ વખતે ગામનું તળાવ સુકાઇ ગયું તે ખોદાવીને ગરીબોને કામે લગાડવા ઉપર મોટી રકમો ખરચી હતી.

સને ૧૮૭૭મા સખ્ત દુકાળ દોહદમાં પડયો તે વખતે કાઇ ફેમીન કોડ નહી હતા, પણ એમણે હજારોના જાન બચાવ્યા. તે વેળા દોહદમા એક પુઅર હાઉસ ઉંઘાડી તેનુ કામ એવું તો કુનેહ અને ચાલાકીથી કીધું કે તેઓને સરકારે ઘણીજ શાબાશી આપી. ઝાલોડમાં પણ એવાજ પાયા ઉપર એક પુઅર હાઉસ ઉઘાડયુ.

શેનશશ સને ૧૮૮૧ નો લીધો તે વખતે ભીલ લોકો માટે ઘણી ફીકર રખાતી હતી. તેમજ જંગલના ભાગ ઘણા તેથી મુશ્કેલી પડે

તેમ હતું પણ એવી કુનેહથી કામ લીધું કે ભીલ લોકો શાંત રહ્યા અને એવું સરસ કામ થયું કે હેડ ઓફીસમાં પત્રકો તપાસવામાં આવ્યાં ત્યારે કાંઇ ભુલ જણાઈ નહી.

સને ૧૮૭૫ મા ગોધરામાં ઇદને દહાડે મુસલમાન, ઘાંચી, વોહોરા વચ્ચે સખત તકરાર ઉઠી. સેંકડો આદમીઓ લડાઇ કરવા લાગ્યા અને પોલીસના માણસો કેટલાએક ઘાયલ થયા એમને પોતાને એ ફુલડની ખબર પુગતા તરત એકલા ઘોડા ઉપર દોડયા. તેમને જોતાંજ તોફાન બંધ પડયુ અને કેટલાકને પકડયા.

બીજે વરસે દાહોદમા કનલની રાત્રે સરકારી તાબુતવાલાઓ વચ્ચે રસ્તો આપવા બાબે સખત તકરાર ઉભી થઇ અને પોલીસનું નહી માનતા તલવારો કાઢી લડવા તૈયાર થયા એ વેળા તેમને આસીન્ટંટ સુપ્રિન્ટેડન્ટને બોલાવી તોફાન નરમ પાડયુ. બંને તરફની હકીકત સાંભળી તેમને પોતાના ચંચળ ભેજામાથી એક યુક્તિ શોધી કાઢી બંને સાઇડોને ખુશી કરી ઘણાંકને લડી મરતા બચાવ્યા

સને ૧૮૮૨ માં એમની બદલી ખેડા જીલ્લામાં થઇ, ત્યાંના લોક એમના આવ્યાથી ઘણા ખુશ થયા. કપડવંજ કસ્બામાં કોલેરા ફાટી નીકળ્યો તેથી તે વખતના કલેટર સાહેબે એમને ત્યાં તુરત મોકલ્યા અને જો કે ચોમાસુ હતુ તોપણ એવા ચાંપતા ઉપાયો લીધા કે થોડી મુદતમાં રોગ નરમ પડયો. કલેકટર સાહેબે પોતે આવી તપાસી એટલા તો ખુશી થયા કે એમને માટે સરકારમાં ખાશ રીપોર્ટ કરી ઉપકાર મનાવ્યો.

સને ૧૮૮૩ ની શરૂઆતમાં નામદાર ગવરનર સર જેમ્સ ફરગ્યુશન સાહેબ એક દહાડો કપડવંજ પધાર્યા ત્યારે તેમની શર

ભરા કરવાનું કામ ખાન બાહાદુર મોદીને સોંપવામાં આવેલું તે તેમને ઘણીજ કુનેહથી બજાવ્યું.

સને ૧૮૮૩ માં એમની બદલી ભરૂચ હજુર ડેપ્યુટી કલેક્ટર દાખલ થઇ ત્યાં પણ બધી કોમના લોકોનો અત્યંત પ્યાર ખેંચી લીધો અને ૧૮૮૫ મા તલાવીઆ લોકોને તેમના ભગતોએ સમજાવ્યુ કે આપણે દારૂ માસ છોડી દઇશું, સત્માર્ગે ચાલશુ અને પુંજા પાતરી કરશું તો આપણુ પાછુ રાજ થશે. આગળ પાવાગઢમાં અગ્ની પોતાની મેળે પ્રદીપ્ત નહી થયો તે કેટલાક લોકોના પાપી કૃત્યકને લીધે થયુ હતું, પણ હમણાતો જરૂર રાજ મળશે. એ તળાવીઆ લોક તે સુરતના દુબળાને મળતા છે. એ લોક કહે છે કે એ અશલ રાજવંશી રાઠોડ હતા

આ તળાવીઆ લોકોએ કલેકટરને કહ્યુ કે "રાણી સાહેબે હમને હમારૂં રાજ્ય પાછું સોપવાનો હુકમ મોકલ્યો છે તો તે પ્રમાણે હમને પાછુ સોપો."

આ સાંભળી કલેકટરે તેમને દીવાના ગણી ત્યાંથી કાઢી મુકયા. પાછા નવેમ્બર માસમા કારતકી પુનેમને દહાડે તેઓ સેંકડોની સંખ્યામાં એકઠા થયા અને જબરૂં રમખાન જગાડયુ. તેમની પાસે ડાંગો, તીરકામઠા અને તરવારો હતી. તેઓ કલેકટરને બંગલે ગયા પણ તેઓ ત્યા નથી એવું કહેવાથી ગામમાં ચાલ્યા અને રસ્તામાં પોલીસ સુપ્રીનટેન્ડંટ મી. પરેશકોટને મળ્યા તેમને તે ધાંટકીઓએ મારી નાંખ્યા. તેઓ પોલીસ ચોકી વીગેરે ઉપર લૂટફાટ કરતા આગળ વધ્યા.

ખા બા. મોદીને જેવી ખબર મળી કે શહેર લૂટાય છે અને સાહેબને મારી નાખ્યા કે તરતજ બહાર પડયા અને તળાવીઆ કે જેવા પાંચસોથી સાતસો હતા તેઓની સામે થોડાક પોલીસના માણુસો લઇ ગયા. આ જોઇ તેઓએ લડવાનું માડી વાળ્યું અને નહાસવા લાગ્યા, જેઓની તેઓએ પુઠ પકડી. એક જગ્યાએ તેઓ સામાસામે તરવાર અને ડાંગથી લડવા લાગ્યા. ખા. બા બહમનજી અગાડી રહી ઘણી બહાદુરીથી પોતાના જીવના જોખમે લડયા અને તે ઝુંબેસમાં બે વખતે જીવે જતા બચી ગયા હતા તેમને પોતાની ખરેખરી બહાદુરી અને બળ આ વેળા વાપર્યું. આખરે તે બળવાખોરો નાઠા. તેમની પુંઠ પકડી બેજણને તેમણે પકડયા. થોડી વારમા તળાવ્યા કોઇ કયા તો કોઇ કયા નાસી ગયા અને ખા. બા મોદીની હુશીયારી અને બહાદુરીથી તોફાન કાબુમાં આવી ગયુ, આથી કલેકટર સાહેબ તેમની ઉપર અત્યંત પ્રસન્ન થઇ ગયા. નામદાર ગવરનર તેમની આ બહાદુરી સાભળી ઘણાજ ખુશી થયા અને જયારે ભરૂચ આવ્યા ત્યારે પહેલા તેમનેજ મળ્યા અને તેમને મુબારકબાદી આપી ઉપકાર માન્યો

પોતાના ઇન્સાફથી અને પોતાના સાદા સ્વભાવથી સર્વે રૈયત નો પ્યાર પોતા તરફ મી. મોદીએ ખેંચી લીધો હતો.

નામદાર ગવરનરે એમને અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ દાખલ નીમવાને માટે જણાવી એમની મરજી પુછી અને એમણે હા કહયું, તે ઉપરથી ગેઝેટમાં જાહેર ખબર આવી. તે જાણીને લોક ઘણા દીલગીર થયા અને સરકારને એમને ભરૂચમાંજ રાખવા અરજીઓ

હજારો સહી શાથેની કીધી. સરકારે પાછી એમની મરજી પુછી ત્યારે લોકની લાગણીને માન આપી એમણે ભરૂચ રહેવા કબુલ કર્યું.

ભરૂચમા કોલેરા ચાલ્યો ત્યારે એવો બંદોબસ્ત કર્યો કે થોડા વખતમાં શાતી ફેલાઇ. હેન્ડબીલો છપાવી લોકોને સમજુતી આપી કે કેવી રીતે વર્તવું.

સને ૧૮૮૯મા એમની બદલી **અમદાવાદ ડીસ્ટ્રીકટ ડેપ્યુટી** ની જગ્યા ઉપર થઇ.

સાનંદ તથા **ધોળકા** તાલુકા એમના ચારજમાં હતા. ત્યાં પણ લોકોની પ્રિતી સંપાદન કરી. ધોળકામા ઇનફલુ એનઝા તથા ન્યુમોનીઆનો રોગ ફાટી નીકળ્યો ત્યારે ઘેર ઘેર ઓસ્પીટલ આશીસ્ટંટને મોકલવાનો બંદોબસ્ત રાખ્યો અને જે કુટુંબમાં કોઇ રસોઈ કરવાને શકતીવાન નહીં હોય ત્યા તેમને મ્યુનીશીપાલીટીના ખરચે બ્રાહ્મણ પાસે કાંજી વગેરે ખોરાક પુરો પાડવાનો બંદોસ્ત કર્યો અને આવા ઉપાયથી એ રોગ બંધ પાડયો.

અમદાવાદ જીલ્લામાથી સને ૧૮૯૨માં ખેડા જીલ્લામાં એમની બદલી થઈ ત્યા ઘણા વરશ કાઢયાં અને પછી તેમને પેનશનની અરજી આપી, પણ સરકારે એમને છ મહીના વધારે રાખીને પછી રીટાયર થવા દીધા ત્યાના લોક એમને હજુ પણ હેત અને માન સાથે યાદ કરેછે પલેગ વખતે ત્યાં એમને ઘણો સારો બંદોબસ્ત રાખીને એ રોગ વધારે ફેલાવા દીધો નહોતો. સને ૧૮૯૮ મા પેહેલ વેહેલો પલેગ **ઉમરેઠ** કસબામાં પ્રગટ થયો. ત્યાં ધીમે ધીમે

લોકોને બહાર કહાડીને માંડવામાં રાખ્યા. લોકોને કાંઇભી હરકત થવા દીધી નહીં.

સતર હજાર માણસની વસતીમા બધું મલીને ૯૬ મરણ થયાં. એકંદર મરણ તો હમેશની સરેરાસ કરતાં પણ ઓછા થયાં. બીજે વરશે ચાર પાચ કેશ થઇ રોગ શાંત થઇ ગયો. ત્યાર પછી પણ બીજે વરશે થોડાક કેશ થઇ રોગ નરમ પડી ગયો છેલ્લે જ્યારે મી મોદી પેનશન ઉપર રીટાયર થયા ત્યારે રોગ એટલો બધો ફાટી નીકળ્યો કે બે હજાર માણસો મરણ પામ્યા.

નડીયાદ કસ્બામાં એ રોગ દાખલ થયો તે પણ એમની મહેનતથી ઘણો હદમાં રહ્યો.

આણંદ સ્ટેશન ઉપર લોકોને **કુવારન ટાઇનમાં** રાખવાને કેમ્પ સરકારે કાઢી, તે વખતે પારસીઓને માટે એમણે એટલી તો સારી ગોઠવણ કરી હતી કે કોઇને જરા પણ અડચણ પડી નહીં. સુવાના પલંગ, ગોદડા, ટેબલ, ખુરશી, રાંધવાના વાસણ અને બબરચી વીગેરેની સગવડ રાખી હતી ત્યાં ફીનાઇલથી નહવાડતા હતા, તે વખતે પારસીઓ માટે પોતાની ગાંઠથી પગાર આપી બે માણસો રાખ્યા હતા અને નહાતી વખતે સદરા, લેઘા બદલવા માટે એમણે ઘણી મોટી સંખ્યામા રાખ્યા હતા.

સને ૧૯૦૦ના સખત દુકાળની એમની મેહેનતના વખાણ એમના ઉપરી તેમજ રૈયત કરતા હતા.

જ્યારે એઓ રીટાયર થયા ત્યારે લોક ઘણાજ દલગીર થયા કે એવા અમલદાર ભાગ્યેજ મળશે.

એમના રીટાયર થયા પછી જુદા જુદા કસબાઓની રૈયતે ઉઘરાણું કરીને એમની ઓઇલ પેનટીંગ સબી સાત મ્યુનીસી પાલીટીઓમાં મુકવાને કલેકટર સાહેબની રજા માંગી અને તેમણે ખા. બા. મોદીની બહાલીથી કલેક્ટર સાહેબે છબીઓ પસંદ કરીને જુદે જુદે ઠેકાણે અમલદારોને હાથે ખુલ્લી મુકાવી ઉઘરાણામાંથી રૂપીઆ વધ્યા તેને માટે ઠરાવ કીધો કે તેના વ્યાજમાંથી નડીઆદ સ્કુલમા ઇનામ આપવા.

હમણા એઓ સુરતમા આવીને રહ્યા છે એમને કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીના ગુજરાતના હોનરરી ઓરગનાઇઝર થવાને રજીસ્ટ્રાર સાહેબે પુછ્યુ પણ તે વખતે એમના બાવા બીમાર હતા તેમની નોકરીમાં હાજર રહેવાને લીધે એ કામ માથે ઉઠાવી શકયા નહી અને પોતાના મીત્ર ભરૂચાવાળા રાવ બહાદુર મોતીલાલ ચુનીલાલને એ કામ સોપવાની ભલામણ કરી ત્યાર પછી એમણે સુરતમાં ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ યુનીયન સ્થાપ્યુ અને એમણે તથા રાવ બાહાદુર ખંડુભાઇ ગુલાબભાઈ દેશાઇ સાહેબે એ સંસ્થા ઘણા સારા પાયા ઉપર લાવી મુકી છે એમની લોક સેવા અને રાજ-ભક્તિની કદર કરી નામદાર સરકારે ખાન બહાદુરનો માનવંત ખાતાબ એનાયત કર્યો છે.

તેમની હાલ વૃદ્ધ ઉમ્મર થવા છતાં પોતાના તન, મન અને ધનથી પ્રજા સેવા બજાવતા રહ્યા છે.

દોસ્તની સલાહ.

મી૦ પેસ્તનજી—હલો, મી૦ માણેકશાહ, કેમ તમે હજી તૈયાર થયા નથી? પરભ જેવો સપરમો દહાડો ને સાત વાગામાં આતશબહેરામ બંદગી કરવા જવું જોઇએ.

મી૦ માણેકશા—તે તો ખરૂં ફ્રેન્ડ, પણ નળખોડ થયા નળમાં પાણી નથી આવતુ તેનું શું કરૂં? કંઇ નાહીને કપડા બદલ્યા વગર જવાય!

મી૦ પેસ્તનજી—અરે, પણ ભલા આદમી પાણી બે દીવસ ચાલે એટલું ભરી રાખતા શું થાવય કે કોઇ દીવસ ફજેતી થાય નહિ?

મી૦ માણેકશા—શામાં ભરૂં? મારા હાથ પગમાં? એક તો હાલ 'દોશમરીયા'ની મારામારી છે અને હાથની ધરતીના કાપડયાના ને દરજીઓના બીલ ચુકવવા મરવા પડયોય તેમાં વળી પાણી ભરવાનું ત્રાંબાનું પીપ પચીસ ત્રીશ રૂપિયાનું આવે તે કયાંથી લાઉ?

મી૦ પેસ્તનજી:—અરે દીકરી, પચીસને ત્રીસ શાના કાઢવાના? હજી તું ઘણોજ કાચો જો સમજ, હમના નળબજાર તરફ એક દુકાન ખુલી છે, જે આપરા જેવા કરકસ કલાસ માટે ઠીક છે, ત્યાં જેવા જોઇએ તેવા મનપસંદ પીપો તથા ટાંકો બને છે અને ભાવ પણ ઘણાજ સસ્તા

મી૦ માણેકશા—અરે બિરાદર ત્યારે મને તેનું એડ્રેસ આપ કે સાંજે જઇને એક પીપ લઇજ આવું.

મી૦ પેસ્તનજી—લેર આય તેના નામનો કાર્ડ.

વોહરા ઇબરાહીમ કરીમભાઇ
મોરબીવાલા.
ઠે નળબજાર કુંભારવાડા ૧ લી ગલીના નાકે
સેન્ડહર્સ્ટ રોડ મુંબઇ નં—૪

ચડતી--પડતી.

અથવા

પ્યાર સાચો ત્યાં પૈસો.

(એક પારસી સંસારીક વાર્તા.)

લખનાર—" દીલશેર " તે-કરીમાન જે. ઉદવાડીઆ.

(પ્રકરણ પહેલું.)

કવાબમાં હાડકું.

(દોહરો.)

પૈસાને સૌ માન છે, પૈસો છે પરમેશ,
મુરખને પંડીત કહે, જ્ઞાન હોય ન લેશ.

સૌનો રસ્તો એક છે, સઉની એકજ વાત,
ગરીબ તવંગર માનવી, સૌનો એકજ તાત. (ગોકુળ)

"સીપાઇ, ઓ સીપાઈ, જાવ કાવસ શેઠકુ બોલો, શેઠ તુંમકુ બુલાતે હય." એક અઘોર વયના પારસીએ સીપાઇને હુકમ કર્યો.

"બહોત અચ્છા શેઠ! જાકે કહે દેતા હું." કહી, તે નોકર ત્યાંથી ગયો. બે મીનીટમાં બીજા ઓરડામાથી એક ખુબસુરત જવાન, જેને આપણે કાવસના નામે ઓળખશું, તે નોકર સાથે આવ્યો.

"સાહેબજી શેઠ!" તે જવાન બોલ્યો "કાંઈ મારૂં આપણે કામ છે?"

"હા કાવસ, હું તારી સાથે ઘણી અગત્યની વાત કરવા માગુછ, માટે આય બારણુ બંધ કરી પેલી ખુરસી ઉપર બેસ." તે પારસી કે જેને આપણે **બહમનજી**ના નામે ઓળખશું, તે બોલ્યો.

"વારૂં સાહેબ!" કહી, કાવસે બારણું બંધ કીધું અને એક ખુરસી ઉપર ગોઠવાયો કે બહમનજીએ ચલાવ્યું.

"મી કાવસ, હવે આપણે આપણી વાત ઉપર આવ્યે," બહમનજી બોલ્યો, "તુ કોટમા રહેતા **જમશેદજી પ્રીંનતરને** ઓળખે છે?"

"હા, સાહેબ! હું તેવણને સારી રીતે ઓળખુ છ" કાવસે કહ્યું.

"અને તેવણુની એક ખુબસુરત છોકરી છે, જે તહારી સાથે પરણુવ ની હઠ લઇ બેઠી—"

"હા. શાહેબ! એ તો બધું ખરૂં છે, પણ તમુને પુછવાનું કારણ?"

"તેનું કારણ એજ કે તારે તેણી સાથે હવે ફરીથી વાત કરવી નહી." બહમનજી હુકમ કરતી ઢબે બોલ્યો.

."વાત કરૂં તો તમુંને શું અડચણ છે સેઠ! હું હમેશાં વાત કરતો આવ્યોચને—"

"નેને એ કાઇ નહી છોકરા! સમજ, એ છોકરીનો બાપ મારો પોતાનો જીવે જહાનનો દોસ્ત થાયછ, ને વળી એ છોકરીનું કાજ મારી સાથે આવેલું છે, તે માટે હું તુંને કહુંછ કે તારે બાજુ જવું જોઇએ, નહી તો પૈસાવાલાના સગ કરતા તું ગરીબ અતવાઇ જશે."

"શેઠ, જયાં પ્યાર સાચો છે ત્યા પૈસાની શી જરૂર છે? તેણી મને ચાહેછ, ને હું તેણીને ચાહુંછ, ત્યારે પૈસા શાને માટે જોઇએ?"

"એ તારી ચાહે–કાહી હું સમજવા નથી માગતો" બહમનજી બોલ્યો, "જો આજથી તુ તે છોકરી સાથે વાત કરવાની છોડી દેશે તો હું તુહને મારો પોતાનો મેનેજર બનાવસ, તારો પગાર વધારસ અને ભુલ ચુકે જો મારા હોકમથી ના ફરમાન થયો છે, તો લાત મારીને બહાર કહાડસ" શેઠે તરીયાપાવ પર આવતા જણાવ્યું.

"શેઠ, તમે એક કંપોઝીટર પરથી પહેડીનાં માલેક થયા તેથી તમે મને લાત મારી કહાડી મુકવા માગોછ નહી! અરે તમે મને કહાડો તે અગાઉ કહેતા હોય તો હમનાજ ચાલી જાવું." કાવસ ગુસ્સે થઇ બોલ્યો.

"તું પોતે જશે તો હું તારો પગાર એક અરધી નહી આપસ" સેઠ બોલ્યો.

"તમારા એવા પૈસાને હું ઠોકરે મારૂંચ." કાવસ તુચ્છકારથી બોલ્યો.

"કાવસ દીકરા, જીદ નાકર" બહમનજી નરમ પડી બોલ્યો, "તું જાણેછ કે આજે પૈસાને કેટલું માન છે? પૈસાથી મુરખ પંડીતમાં ખપે છે, ને અકલવંત હોયચ તે હીનાયછ, તે પૈસાને લીધે છે. દીકરા, જો તું જીદ છોડી દે તો મારા લગનને દીવસે તુંને પાંનસો રૂપીઆ આપસ."

"શેઠ, મને એક અરથી તમારી જોઇતી નથી" કાવસ ચીઢવાયો

"અરે દીકરા, મફતના મરી કોણને મીઠા નહી લાગે? જા દીકરા, હજાર પણ આપસ, ને પછીથી બીજા આપસ." બહમનજીએ કાવસના બરડાપર હાથ ફેરવતા કહ્યું ને કાવસે પણ હાલમાં ઉડાવાનોજ વીચાર રાખ્યો.

"શેઠ, જો તમારી પોતાની પરણવાની ખુશી હોય તો મારો પોતાનો હક તમારે ખાતર છોડી દેવા તૈયાર છું"

'વાહ! હવે કેવો ડાહ્યો દીકરો લાગેછ! ભલા માણસ, આટલી ખંચાતી કાંથી ત્યારે અગાઉથીજ કાય નહી "હા" કહ્યું? લે આય સો રૂપીઆ ને જા મજાહ કર પછી લગનને ચાર દીવસ અગાઉ હું તુંને બે હજાર રૂપીઆ આપસ."

(પ્રકરણ બીજું)

પ્રેમી જોડાની બદબખ્તી ચુકતી.

વખત સમી સાંજનો હતો.

એક કમનશીબ પારસી જવાન પોતાના ઓરડામાં એખલો કાંઇક વીચાર કરતો બેઠો હતો.

પ્રીય વાચક, તે જવાન આપણો જવાન કાવસ હતો. તેના સેઠની વાતથી તે અત્યંત નારાજ થઈ ગયો હતો, અને તેની સાથે કેવી રીતે કામ લેવું તે માટે વીચાર કરતો હતો

"અરે પાપી પૈસા ! આજે તુને કેવું માન છે ! આય બે બદામના બન્ને જણુ લોકોના ગળા ફાંસીને દોઢીયાવાલા થયલાઓનો શું મીજાસ ! જમશેદજી અને બહમનજી જે આગળ એક વીશ રૂપીઆના પગારદાર–તે સત્તાની મહેરથી પૈસાવાલા થયા, તેઓનો આવો તોર ! અરે ખોદા, ત્યારે શું રાત દહાડો તારી બંદગી કરનારને કાંઈ તારી બખસેસજ નહી ?

અરે પરવરદેગાર, જે ગરીબોનાં ગલાં ફાંસે છે, તેને ત્યાં તું લક્ષ્મી દેવીને ઉતારેછે, અને જે તારી રાત દીવસ બંદગી કરે છે, તે લોકોથી હાદ્યુત થાય છે. કાંઇ નહી, સબુરી ! જે દુ:ખ પડે છે તે સુખનેજ કાજે." કાવસ પોતાના ઓરડામાં બેસી એખલો આ મુજબ બડબડતો હતો. તે પોતાના વીચારમા એટલો ગુંથાયલો હતો કે બહાર કોઇ બારણું ઠોકતું હતું તેનું પણ ભાણ રહ્યું નહી.

"કાવસ, ઓ કાવસ !" બહારથી કોઇ "સ્ત્રી" જેવાનો મહોટો સાદ આવ્યો કે તે ચોંકયો ને તુરત જઇ બારણું ઉંઘાડયું.

"અરે, કાવસ, અંદર બેઠા બેઠા શું કરતા'તા ? હું ત્યારની બારણું ઠોકું છને !"

પ્રીય વાંચક, આય આવનાર જમશેદજી પ્રીનટરની છોકરી અને આપણા કાવસની વફાદાર માશુક ધનબાય હતી.

"ધન, ડીયર ધન, હવે તું મારૂં નામ છોડી દે." કાવસ નારાજીથી બોલ્યો.

"કાય કાવસ ? આજે એવી વાત કેમ કરોછ ?" ધનબાય અજાયબીથી બોલી.

"ધન, તારા બાવા તારી સાથે બહમનજીને પરણાવવા માગેછ તે તું જાનેછ કે ?"

"પણુત્રાની બાબતમાં બાવાજીનું કંઇ ચાલશે નહિ. મહારી ખુશીમાં આવશે તેની સાથે હું પરણુશ. બહમનજી કોણ મુંવો ?" ધન ગુસ્સાથી બખાળી.

"ધન, તું એકદી ગુસ્સે ના થા. પરવરદેગાર કરશે તો સહેજ વારમાં આપણે એક થઇશું. પણ એટલું હું કહું તે કામ કર." કાવસે તેણીને સમજાવવા મડયું.

"શું તમે મને તે બુઢ્ઢા ધુવડ સાથે પરણુવા કહેવોછ, નહીં !"

"નહીરે, હું કયાં કહુછ કે તું લગન કર ! ફકત બુઢ્ઢા સાથે થોડો વખત પ્યાર કર."

"કભી નહી, કાવસ એ વાત બની શકશે નહી. તમેજ આગળ રહીને પોતાની સ્ત્રી થવાનીને બીજાની સાથે પ્યાર કરવા મોકલોછ !" તેણી નેણુ ફેરવી બોલી.

"અરે ધન, તું દીવાનીની કાની શું બકેછ ! હું કહુંતું તે સમજ તો ખરી."

"વારૂં બોલોની શુ કહોછ ?"

"જો ધન. મેં એક બધબેસતી યુક્તી રચીછ." તે તેણીને સમજાવતા બોલ્યો "તું એની સાથે લગન કરવાને "હા" કહે, પછી તું એની સાથે રૂપીઆ પહેડ, પછી એ તુંને મળવાને આવશે, એટલે થોડાક ઘણા ઓકાવીયા કરજે ને જયારે લગનને ચાર દહડા હોય ત્યારે યુક્તીથી બીજા કહડાવજે."

"પછી તો માયરે, એની સાથે લગન કરવાંજ પડશે."

ધન વચમાં બોલી ઉઠી.

"સમજ તો ખરી ધન ! જયારે લગનનો દીવસ આવશે ત્યારે તુને સાસરેની જણસ પહેડાવશે, એટલે બધો મળી પાંચ છએક હજારનો માલ આપણી પાસે થશે"

"પણ જણસ તો સાંજે બામમાં પહેડાવશે" ધન બોલી.

"અરે હા, હું તે સાંજે મોટર લાવી તૈયાર રાખસ. તું કાંઇ યુક્તીથી સતકી આવજે, આપણે પસાર થઇ અમદાવાદ જઇશુ"

"ત્યાં જઇને શું કરશું?"

"તે તો પછી મારા હાથમાં છે દીકરો અગાઉથી મને બે હજાર રૂપીઆ આપવાનો છે."

"એમ ? ત્યારે તો હુંબી પાંચેક હજાર ઓકાવીશ ને પછી અમદાવાદમાં આપણે એક દુકાન કાઢીશું." ધન હરખથી બોલી.

"અરે પછી તો હજાર રસ્તા છે, ધન! દીકરો એક બે ચુંમા-ળી લેય તો તું કાંઇ ઇંકારતી ના. એ તો તારા બાપ જેવો લાગે."
"ને તેમા નવાઇ શું છે? મારા બાવાથી કાંઇ પાંચેક વરસ નાનો છે" ધન બોલી. અહીં વખત થવા આવેલો હોવાથી તેણી મજલસ ઊઠી છુટી પડી

પરવરદેગાર! સર્વ ધરતી જોડાં ઉપર તહારી રહેમની નજર હોજો!

(પ્રકરણ ત્રીજું)

કહ્યાગરની દીકરી, તેજ બાપને વહાલી લાગેછ.

(દોહરો)

માલી ચાહે બરસના, ધોબી ચાહે ધુપ,
લોભી ચાહે મરના, ઔર ચોર ચાહે ચુપ.

કાવસને મળી ધન પોતાને ઘેર ગઇ અને કપડા બદલી પોતાના ઓરડામા બેઠી.

ધનને આવ્યાને થોડાક વખત પછી જમશેદજી આવ્યા અને કપડાં બદલ્યા વગર ધનમાય આગળ બેઠા.

'ધન દીકરી, શું વીચાર કરે છે?" જમશેદજી બોલ્યા. "ધન, જો આય સુંના જેવું ઘેર છેજો!"

"બાવાજી, મે ક્યાં નાં કહ્યું જે" ધન ચેસ્ટાથી બોલી. "તમારી ખુશી છે તો હું લગન કરવાને રાજી છું."

"હવે કેવી દાહી લાગેછ." તે ખુસી થતાં બોલ્યો, "જે કલ્યાસરની દીકરી હોય તેજ માય બાપને વહાલી લાગેછ"

"પણ બાવાજી, તમે મને એવણ સાથે પરણાવોછ તે કદાચ એક બે વરસમાં લાબો થઇ જશે પછી"

"લાંબો થઇ જશે તો તુને શું દુ:ખ પડશે? આય તો પાચ લાખ રૂપીઓ મળશે" જમશેદજી મોહ બટબટાવતા બોલ્યા.

"બાવા, તમે કેમ જાણ્યું કે એવણ પાસે પાચ લાખ રૂપીઆ છે?" ધને સવાલ કીધો

"વળી જાણે નહી? એની પહેડી શું ધમધોકાર ચાલેછ. ધન દીકરી, એ બુઢો એકના દસ કરવામા વણો હુશીઆર છે, મે બેજી મદી તો એના માય ને બાપ છે."

"બાવાજી, એ બુઢ્ઢો કંજુસ છે કે સખી છે?" ધનબાય પોતાની મતલબ માટે સવાલ કીધો

"લહેરી છે દીકરી, લહેરી છે. જ્યા એક ખરચવાનો હોય ત્યાં સો ખરચી કહાડે છે."

"કે સો ખરચવાનો હોય ત્યા એક ખરચે છે?" ધને હસીને કહ્યું

"તારી ખાતરી કરવી હોય તો કાંઇ માંગી જોજે, તરતજ દુલતાંની એકમાથી લાવી આપસે"

"નહીરે બા, મને તો ખરાબ લાગે" ધને કહ્યું.

"અરે ખરાબ સાનુ લાગે? પરણ્યા પછી જે છે તે તારૂંજ છે ને." જમશેદજીએ કહ્યું.

"બાવાજી, તમે જાણી જોઇને મને પચાસ વરસના બુઢા સાથે પરણાવોછ. તેના કરતાં કોઇ જુવાન છોકરો જુવોની."

'ધન દીકરી, તું નહી સમજે, બુઢ્ઢો જીવી જીવીને કહાં વેર જીવવાનો છે ? પ્હોંચી ગીયો પછી પૈસાની માલેક તો તુજ થશે ને ! અને પહેડી છે તે હું ચલાવસ. હવે તું પરણાવાનું કારણ સમજી ?" જમશેદજીએ કહ્યું, અને ધનમાંયએ ત્યારેજ જાણીયુ કે બાવા કેટલા લોભી છે, અને પહેડીના માલેક બનવાની ઉમેદથી, પોતાની એક પુતી દીકરીને બુઢ્ઢા સાથે પરણાવવા માગતા હતા.

એક બાજુથી ધનમાય આવો વીચાર કરતી કે બીજી બાજુથી જમશેદજી પોતાની ધારણામા ફતેહ પામ્યા કરી ખુસી થતા હતા.

વાચનાર, ચાદનાતને દીવસે ચાંદ જોઇ રસ્તામા આ ખડ ખડ મુસીઆથી આજ જરા જરામા મલક મલક હશાઇ જવાતું હતું.

(પ્રકરણ ચોથું.)

કાવસની બનાવત.

જોતું હતું તેવુંજ વૈદે ફરમાવ્યું.

બહમનજી બા પોતાની ઓફીસમાં બેઠા બેઠા કાંઇ કામનું કાગળ લખતા હતા, એટલામાં રામોશીએ કોઈ મલવા આવવાની ખબર આપી કે શેઠે તેને અંદર લાવવાનો હુકમ આપ્યો.

હુકમ મલતાંજ એક પારસી જવાન અંદર દાખલ થયો અને તેને બમનજીને સલામ કીધી

"સાહેબજી બમનજી શેઠ !" હું ચીન જવાની બમાઉ તમુને

મલવા આવ્યો છું, અને આશા રાખું છે કે મારેથી કાંઈ બોલાયું હોય તો તમે મને માફ કરશો?"

"ચીન જાય? અરે દીકરા, ચીન જઇને શું કરશે?" બમનજી દયા ખાતા બોલ્યા.

"મને મા। કાકાએ ત્યાં બોલાવ્યોચ" કાવસે જવાબ દીધો.

"ત્યારે તો દીકરા ફ્તેહ કર, પણ કાગળ લખતો રહેજે." બમનજીએ કહ્યું

"અરે, હારે સાહેબ, તમારા જેવા સેઠને કાંઈ ભુલી જવાય? પણ શેઠ, તમે હજાર રૂપ્યા આપવાના હતા તે—"કાવશ ધીમેથી બોલ્યો, અને હજુર કઇ બીજુ બોલે તેટલામાં અઘોર વયનો એક પારસી દાખલ થયો

"સાહેબજી બમનજી, કેમ છેવો સેઠ?" જમશેદજી બોલ્યા.

"સારી પેઠે છેઉ બાવા!" બમનજી બોલ્યો, "આય મારો હેડ કલાર્ક ચીન જાયછ, તેની સાથે વાત કરૂંછ"

"કોણ કાવશ બહારગામ જાય છે?" જમશેદજી બોલ્યા.

"જા દીકરા, ફ્તેહ કર! જ્યા જાય ત્યા સુખી રહેજે!"

"બાવા તમારી મહેરબાની છે એટલે બસ."

કાવશ બોલ્યો.

"કાવશ દીકરા, તું બપોરે આવજે, મને જરા એવણની સાથે વાત કરવાની છે." બમનજી બોલ્યા અને સાહેબજી કરી કાવશ બહાર પડયો.

"કેમ જમશેદજી, કાઇ અહિં તમુંને આવવું પડયું?" બમનજીએ સવાલ કીધો. "આય તમુને ખુસીનાં સમાચાર કહેવા માટે

હવે તમે કયારે રૂપ્યા પહેડવાનો વિચાર કરોછ?" જમશેદજી મોહ મલકાવતા બોલ્યા

"પણ જાનાની બમનજી, ધન તો કમળખત મને સતર વખત મુછી સુરી કે એવણ લેદરી છે કે કંજુસ છ માટે તમે એનું મન રાજી રાખવા આય હું રૂપ્યા મારા પાચ હજાર આપુંચ, તેના રૂપ્યા પહેડ તે દીવશે મોતીનો હાર તમે પહેડાવજો."

"અરે નહિરે, મારી બૈરાને હું પોતેજ પહેડાવિશ." બહમનજી બોલ્યા.

'ત્યારે તમે પહેડાવજો. એ થેડી મારે ત્યાં મુકીને જવાની છે કે તની વાત!" જમશેદજીએ કહ્યું.

"નહિ, તમારે ત્યા મુકીને આવે તો પણ શું છે?" બમનજી હસતાં બોલ્યા, 'તમારી બીજી કઈ દીકરી છે કે તેને પહેડાવા કામ લાગે?"

"તે વાત ખરી છે બમનજી!" જમશેદજી બોલ્યા.

"જે છે તે મારા મુવા પછી ધનનુજ છે."

"અરે હા ખરી વાત પણ એવામાં આપણે બેઉ જણાઓ મરી ગયા તો?" બમનજી બોલ્યા ને અહિં બેઉ ડોકરાઓ હસવા પડયા.

"હા, હા, મારા સાહેબ, અત્યારથીજ મરવા માગેચ કે?" જમશેદજી બોલ્યો, "ચાલો બાવા, હું તો જાવુંછ, સાહેબજી!"

(પ્રકરણ પાંચમું.)

ઘરડી ઘોડી ને લાલ લગામ.

વખત સમીસાજનો હતો. ચોપાટી પર એંડ વાગતુ હતું. કેટલાક ગ્રહસ્થો પોતાની મહેરદારોના હાથ બગલમાં મારી ફરતા હતા અને નહાનાં બુચ્ચાઓ એંડ આગળ ફરી ફરી કુદકા ભુસકા મારી મજાહ મેળવતા હતા કેટલાક છોકરાઓ ઇંગ્લીશ ડ્રેસમા સાઇકલ પર આવજાવ કરતા હતા.

"અરે દોસ્ત, પેલો ઘોડો કોણને ઉપાડી લાવ્યોછ ?" એક છોકરો બોલ્યો.

"દીકરા, તારૂંબી ચશકી ગયુચ, એતો એનો બાપ છે." બીજો બોલ્યો

"નહિ દીકરા, તુ નહિ જાણે, બુઢ્ઢો "દીયર-દીયર" કરી બોલેછ. જ્યાં છે ત્યાં આય પૈસા પર નાજનીન મરી પીટીછ," એક બીજો છોકરો બોલ્યો અને એની ધારણા ખરી હતી.

તે ફરવા આવનાર કોઇ નહિ પણ બમનજી ને ધન હતા. બમનજી બા આજે પોતાની ભવિષ્યની મહેરદારને લઇ ચોપાટી પર ફરવા નીકળી પડયા હતા.

વાંચનાર, આજે બમનજી ચુસ્યાની દુન્યા સુખી હતી. જેમ એક પચીસ વરસનો જુવાન્યો છાતી કહાડી ચાલે તેમ આય કમબખ્ત બુઢ્ઢો છાતી કહાડી ચાલતો હતો, અને વારંવાર ધનના મહોડાં ગમ જોઇ હસતો હતો. તેઓ ચાલતાં ચાલતાં એંડ વાગતું હતું ત્યાં આવ્યા અને એક બેન્ચ પર બેઠા.

"ધન મારી સાથે ફરતા શરમાયછ કે ?" બમનજી બોલ્યા.

"નહિરે, મરે શરમ ય શાનુ?" ધન બોલી 'શું જુવાન હોય તેજ માણુસ ને બુઢ્ઢા નહિ કે? હું તો જુવાન કરતા તમુને વધારે પસંદ કરૂછ."

"વાહ, મારી મીટ્ઠી મધુરી, જો તું એમ હંમેશાં મને ચાહશે તો હું મારા મનથી મને મોટો ભાગ્યશાળી સમજશ."

"ને તમુને હમેશા હું એવાજ પ્યારથી ચહાશ."

"જો તુ મને ઘાડા પ્યારથી ચહાશે તો હું તુને રાજાની રાણી કરતા વધારે સુખ દેખાડશ, તુ માગશે તે આપશ, ને તારો ગુલામ થઇ રહેનશ."

"ઓવાના નાખુરે તમારા નામ પરથી! ગુલામ થવાનું— તમે મારા ધણી છો એ બોલ બોલશો તો હુ ખફા થઇ બેસશ."

"અરે કોણ એવો તેવો તારા જેવી નાજનીને એ બોલ બોલે કોઇ "તુ" કરીને બોલે તેની આંખ ફોડી નાખું" બમનજી બોલ્યો.

"હવે બમનજી એ વાત માડી વાલો ને આપણા લગનની વાત કરીએ." ધન બોલી "તમે જાણોછની કે પરમ દિવસે આપણે રૂપ્યા પહેડવાના છીયે"

"હા, તે હુ જાણુછ, ને કાલે તારે માટે મોતીનો હાર લેવા પણ જવાનું છે."

બમનજી મોતીના હારનુ કાંઇ કામ નથી. જો તમે મને એટલા રૂપ્યા આપશો તો આપરા લગનને દિવસે હું મારી સખિઓને કાંઇ ભટ આપી મહારી ને તમારી નામનાં મેળવશ."

"અરે એથી દબલજ લેજે, પાંચ હજારને બદલે દસ હજાર આપસ. તારે ગમે તેમ સખીઓને કરજે" બમનજી, ખુશી થઈ બોલ્યા. તે બિચારાને કયાં માલમ હતુ કે ધન તેની સાથે દગાઇ કરવાની છે અને એક વહાલાની વફાદાર માસુક નહાસી જશે.

(પ્રકરણ છઠું)

હજારો નીરાશામાં આશાનું એક કીરણ.

બમનં, જમશેદજી અને ધનમાયને છોડી આપણે કાવશને ઘેર જઇશું, ને તેને-આપણે કાઇ કામમાં રોકાયલો જોઇશું. આજે રાતે તે અમદાવાદ ઉપડી જવાનો છે અને તેને માટે પોતાની સઘળી તૈયારી કરતો હતો; એવામા પોસ્ટમેને તેના હાથમા તેનાં નામનું કાગળ મુકયું "અરે વળી આય કાગળ કોણનુ આયુ છ ?" કાવસ મનથી બડબડયો અને તેને તે કાગળ ઉઘેડયુ.

"હોંગકોંગ તા૦ ૨૩–૧૨–૧૮૭૪.

મારા વ્હાલા દીકરા કાવશ,

જત લખવાને ઘણોજ દલગીર છું કે તારા કાકાજી પીરોજશાહ તા૦ ૨૭ એ બેહસ્તનશીન થયા છે બીજું દીકરા અહિં હવે મને એખલાને રહેવા ગમતુ નથી અને વળી પાછી મારી ઘરડી ઉમ્મર થવાથી મહારેથી મહારૂ કામ બરાબર બનતું નથી, માટે તું જો હોગકોગ આવવા મરજીતો હોય તો આય કાગળ વાચી મહારી ઉપર એક તાર કરજે, કે હુ તારી ઉપર રૂપ્યા મોકલું. કારણ મને બીજા માણુસની મદદની જરૂર છે અને તું વળી મારા ભાઇનો દીકરો છે. પાચે દીવશે મને ફરજંદ નથી એટલે મારોજ દીકરો થશે. માટે તું આય કાગળ એક તાર બરાબર ગણી આવતા મેલમાં આવવાનુ નક્કી કરજે.

લી૦ તારૂ હમેશનુ ભલુ ઇચ્છનાર,

સોહરાબજી રૂસતમજી પસ્તાકીયાની

દુવા સલામ વાંચજોજી.'

પ્રીય વાચક, ઉપલુ કાગજ કાવસના કાકા તરફનુ હતું. કાવશનો કાકો ચીનમા વેપાર કરતો હતો અને તેમાથી તેને ધુમ પૈસો પેદા કીધો હતો

જયારે કાવસે કાકાનું આવેલુ કાગળ વાંચ્યુ ત્યારે તેનો ખુસાલીનો પાર રહ્યો નહિ.

"અરે, કાકા મને બોલાવેછ? દીકરા કાવશ, તારે માથે હવે કુદરતની મહેર ઉતરી ખરી! અરે પણ કાગળમા શુ લખેછ? પારોજબાઇ ગુજરીયા! અરે કેવા ભલા કાકી! પરવરદેગાર તેવણના રૂહને શાંતી બક્ષો!" તે મનથી પટપટીયો અને તરતજ પોતે તે કાગળ લઈ પોતાની ધન આગલ ગયો, પણ સુભાગ્યે ધનજ રસ્તામા મળી "કયાં જાવોછ કાવસ? તેને ઉતાવળે જતાં જોઈ સવાલ કીધો. કે કાવશ એકદમ ચોકયો અને અટકયો.

"ખુશીના સમાચાર ધન! ખુશીના સમાચાર!" કાવશ બોલ્યો

"અરે પણ છે શુ જરા મને તો કહેશો?

"અહિં રસ્તામાં શું કહેવું? તું મારી સાથે ઘેર ચાલ" કાવસે ધનને કહ્યુ અને તેઓએ ઘર તરફનો રસ્તો લીધો. તેઓ ઘેર જઇ પહોંચ્યા અને બેઉ જણ સામસામી બેઠા.

"ધન, હવે કાઇ મારી ઉપર નશીબ દેવીની મહેર ઊતરેછ ખરી," કાવશ બોલ્યો, "તારા પેલા બમનું પ્રડયતને કહેજે કે હવે બચ્ચા તારા કરતાં સો ઘણો પૈસાવાલો હું થવશ."

"અરે, પણ છે શું? મને તો કહેશો?" ધન બોલી અને કાવસે પોતાના કાકાનું આવેલું કાગળ તેણીનાં હાથમાં મુકયું કે તેણીએ ઊખેડીને વાંચ્યું.

જ્યારે ધન સઘળું વાંચી રહી ત્યારે તેનો પણ ખુશાલીનો પાર રહ્યો નહિ.

'કાવશ ડીયર, ત્યારે આપણે બેઉ જણા છુપાછુપ ઊપડી જઇયે ?" ધન બોલી

"નહિ ડીયર, એ બુઢ્ઢાને આપણે લટકાવીનેજ જઇએ કે ફરીથી એ મતારો કોઇના સાચાં મહોબ્બતમાં કવાબમા હાડકુ થઇ પડે નહિ"

"હવે મરવા દેની મુઆના બોલોને આય સુકરવારે આપણે ઉપડી જઇએ"

"નહિ નહિ, મેં તુને કહ્યું તેમ આપણે એને બાગમા વરરાજા નરીકે બેશાડીને પસાર થઇશું." કાવસ બોલ્યો

"જો તમારી એર્વાજ ખુશી છે તો તેમ કરવાને હું ખુશી છેવું" ધન બોલી.

"કાવસ ડીયર, એ દોકરો દસ હજાર રૂપ્યા મને આપવા માંગેચ તે લેવું કે માંડીવાળું?"

"અરે, વળી નહિ કાંવ લેય ? જે મળ્યા તે આપણા બાપનાં." કાવસ બોલ્યો.

"ત્યારે હું એની પાસેથી લઇ તમુંને આપી જવશ." તેણી ઉઠતાં બોલી,

"ચાલો હવે હું જાવુંછ મને મોડુ થાયછ."

"હા ચાલ મને પણ કાકાજીની ઉપર તાર કરવોછ." કાવસે કહ્યું અને તેઓ બન્ને સાથે બહાર પડયા.

(પ્રકરણ સાતમું.)

સખી સુરજ ભલે ઉગેયારે !
વારીમાં ઉગેયારે !

આજે પાછલી રાતથી જમશેદજી પ્રીન્ટરનાં ઘેરમાં ગાયણો ઉપલું ગાયણ ગાતી હતી.

વાચનાર, આજે ગાયણ કેમ ગવાયછે તે તું જાણેછ કે નહિ ? ત્યારે જો હું તુને હરસે કહેલુંછ કે ધનમાય આજે પેલા બમનું ચુશ્યા સાથે રૂપ્યા પહેડવાની હતી, અને તેની ખુસાલીમાં આપણી પારસી ગાયણો પોતાનાં બેંસાશુર સાદથી આખો મહોલ્લો ગજાવતી હતી. એક ગમ ગાયણો ગાયણ ગાતી હતી ને બીજી બાજુથી રૂપ્યા પહેડવાની તૈયારી થતી હતી. બરાબર નવ વાગે બમનજીને ત્યાંથી બૈરાઓ આવી પહોચ્યા, અને ધનમાયને રૂપ્યા પહેડાવી, મીઠાઈ ખવડાવી, વલતી ગાડીએ સઘળાં પાછા ગયાં બરાબર દશ વાગતે ધનમાય ને બમનજીને સામસામી પાતલા પર ઉભાં રાખવામાં આવ્યાં અને બન્ને રૂપ્યા પહેડી, આનસબહેરામ સુખડ ચહડાવા નીકળ્યાં આતશબેહરામમાં પણ આ જોડાને જોઇ કેટલાક દસ્તુરો વિચારમાં પડતા, કેટલાક હસતા અને વળી કેટલાક સલામ કરી શેઠ પાસેથી રૂપો આઠ આના ઓકાવી જતા બરાબર અગીયાર વાગતે દાદારઅહુરમજદની બદગી કરી તેઓ બહાર પડયાં.

"ધન, હવે આપણે વિકટોરીયામાં જવા કરતાં ચાલીને જઇશું ?" બમનજી બોલ્યા.

"મનેબી ચાલવાનુંજ પસંદ છે." ધને કહ્યુ ને તેઓ બન્ને-જણુ પ્રેમભરી વાતો કરી રસ્તો કાપતાં હતાં. રસ્તામાં ધનમાય બમનજીને ખુબ તરેહથી બનાવતી અને બમનજી તે ખરેખર સમજી ખુશી થતો.

"બમનજી, તમે મુરદાલ જેવા દેખાવોછ તે કાંઇ દવા ખાચોની" ધને રમુજમાં બમનજીને કહ્યું.

"દવા તો ઘણી ખાધી પણ કાંઇ શકિત આવતી નથી." બમનું બોલ્યો.

"તમે જનમથીજ મુરદાલ છેવો કે?" ધને સવાલ કીધો.

"અરે નહિરે ધન! પહેલે મારી કાઠી શું હતી? અરે એક વખત હું નાટકમાંથી આવતો "તો જયારે પાચ પઠાનો મને મારવા આવેલા પણ કમબખતોને એક એક પછી એક એકને સુવારી દીધા."

"ને હમણા તમે પાંચને મારો કે?" ધન બોલી.

"અરે નોબી કાઇ ખાઇ ઘી દીવેલમાથી જાય! એવો એવો બી બેને રમારી નાખુ."

"મારા બાપરે, તારે તમેબી પહેલવાન છેવો" ધન બોલી.

"પહેલવાન કરીને અસલ કસરત કીધેલી તેથી હાલમાંબી આટલું જોર રાખુંછ" બમન મગરૂરીથી બોલ્યો.

"વારૂં બમનજી, તમે મોટરકાર અટરાવી શકતા'તા કે?"

"અરે, વળી અટકાવેલીબી. એક મારો કરજદાર હતો તે મને જોઈ મોટરમા નહાસવા લાગો, તે હું બી જે મંડયો કેની તે પૈડું પકરી મોટર ઉભી રાખી, ઉપર ચહડી તેને પકડયો ને ખુબ મેથી જમારી."

"તમે આટલું જોર રાખો છો ત્યારે કોઇ વખત હું વાંકમાં આવું ત્યારે મનેખી મારશો કે ?"

"અરે એમ તે હું ગાંડો થયોછ, કે તારાં જેવી ખુબસુરત નાજનીને હાથ લગાડું ! અરે, જે તારા જેવી નાજનીને એકબી આડો ખુન બોલે તેને હું ખરો હામીશ સમજું." બમનજી બોલ્યો.

"બમનજી એતો આજકાલનાં પોરીયાઓ પરણુવાનાં હોયછ ત્યારે એવીજ વાતો કહેછ, પણ ગરજ સરી ગઇ કે ોરીને ખાસ-ડાંને ઠેકાણે ગણેછ."

"ધન, તેમાંનો કાંઇ હુ નથી. અરે ધન, પ્યારી ધન જો તને વિસવાસ નહિ આવતો હોય તો આજથી બસ સઘળી દોલત તારે નામે કરી આપું, ને જેટલા મારા સુલતાની બેકમાં નાણાં છે, તેટલા તારે નામે ચહડાવું." બમનજીએ ધનને કહ્યું ને પછી ઘેર નજદીક આવેલું હોવાથી પાસેથી વિકટોરીયા કરી ઘેર ગયાં.

(પ્રકરણ ૮ મું.)

લગનનો દીવશ.

પાંચ દીવશની વાત ઉપર આપણે બમનજી અને ધનમાયને આનશઍહુરામમાંથી જતાં જોયાં હતાં, તે દીવશે તેઓ ફક્ત અદરાચલાં હતાં. અદરાવાની બીજે દીવશે ધનમાયનાં માદવસરાની ક્રીયા થઈ ને તેજ દીવશથી બમનજીએ કામાબાગમાં ચાર દીવશ અગાઉથી જમણુ આપ્યું હતુ.

"પ્રીય વાંચક, આજે તેઓ બન્ને શાહદીનાં ગાંઠથી એક થવાના છે બમનજીબા તો નહાન નાહિને ખુરસીપર વટીક બેઠા હતાં. પાંચ વાગતે પરોણાઓ વરરાજાને શેશ કરવાને ઉઠયાં અને જેને જે પહેડાવવા ઘટતું હતું તે પહેડાવી પાન ગુલાબ લઇ પોતાની જગાપર બેઠા. બમનજીની ધામધુમ ખલાશ થયા પછી વર બેડું લઈ કેટલાક બૈરાંઓ ધનમાયને લઇ બહાર પડયાં. તેઓ એક દરવાજેથી નીકળી બીજે દરવાજે વધાવી લઇ છોકરીને અંદર લઇ ગયાં. બમનજીબા તો પોતાની મુર્તીને જોઇ મનમાં ઝીણું ઝીણું હશીયા કરતા હતા. તે સાઠ વરસનો બુઢ્ઢો તેને મનથી આજે ત્રીશ વરશનો જુવાન છોકરા જેવો લાગતો હતો. તેને પોતાનાં સફેદ બાલને અગાઉથી કલર કરી કાળા કીધા હતા, કે લગનમાં કોઇ બુઢ્ઢો ધારે નહિ.—ને શાલો માડીવાળો.

૭ વાગ્યા હતા.

"કામાબાગના છેલ્લાં દરવાજા આગલ ૭ સીલીનડરની ડીડીચોર મોટરકાર લઈ ઈંગ્લીશ ડ્રેસમાં સજ થયલો કોઇ પારસી જવાન કોઇની રાહ જોતો ઉભો હતો. વાંચનાર, તે જવાન કોઇજ નહિ પણ આપણો બીરાદર કાવસ હતો.

તેણે પોતાની માસુક સાથે કીધેલી ગોઠવણ મુજબ ૭ વાગાની અગાઉ રાક્ષસી મોટર લઇ આવ્યો હતો. કાવશે અગાઉથી મોટર ડ્રાઇવરને ભણાવ્યો હતો, તેમજ આપણી ધનમાયે પોતાની એક વીસવાસુ આયાને શીખવી મુકી હતી. ધનમાયે તેની વિસવાસુ આયાને કહી મુકેલુ હતું કે જયારે વરરાજા કરતી કરે ત્યારે મને કોઇ ઐરાં બહાર બોલાવેછ કરી તારે મને કહેવા આવવું. બરાબર સાત વાગતે વરરાજા કરતી કરવા ઉભા કે આયા ધનમાય આગળ આવી.

"ધનબાઇ, બાવા તમુંને પછવાડે મલવા માંગેછ."

તે આયા બોલી કે ધનમાય એકલી હતી તે આયા સાથે ગઇ. પેલા જવાનની તેણી ઉપર નજર પડી અને ડ્રાઇવર (Driver) ને મોટર હાંકવા કહયું. ડ્રાઇવરે ઝટ મોટર (start) સ્ટાર્ટ કીધી અને તેમાં તે નાજનીન, આયા અને પેલો જવાન બેઠા.

"ચલો બેનડોરા સ્ટેશન લેકર જાવ." કાવસે હુકમ કીધો કે તે મોટર ડ્રાઇવિરે પોતાની મોટર પુરજોશમાં છોડી દીધી અને તરત તે જગાથી દુર નીકળી ગયાં.

બરાબર સાડાસાતે વરરાજા કરતી કરી ખુરસીપર બેઠા હતા.

"અરે મકુંજે, વરરાણીને લાવોની, વરરાજા ! ખોટી થાયેછ." દસ્તુરે પોકાર કીધો.

"જી, એવણ વહુમાય—મકુંજે જમશેદજી ધનમાય તમારી સાથ વાત કરવા આવી તે કહાં ગઇ ?"

"નહિ, મારી સાથે વાત કરવા કાંઇ નથી આવી." જમશેદજી બોલ્યા.

"અરે ખોટી વાત છે." જમશેદજી ગભરાયા અને અહિં સોધાસોધ ચાલી, પણ વરરાણી મળે નહિ.

અરે કયા નાસી ગઇ? ગરીબ બીચારા વરરાજા તો બેઠા બેઠા કયારના તરેહવાર વિચાર કરતા હતા. સોધખોળ કરતા બરાબર આઠ વાગા પણ વરરાણી મળે નહિ. સઘળો કામાબાગ ખોળી વળ્યા, પણ પત્તો મળ્યો નહિ. હવે સાડા આઠ તો થવા આવ્યા ત્યારે વરરાજા શું કુંમારા જાય? ના, તેવણુને કુદરતી ગુસ્સો છુટયો. જમશેદજીને આડા અવળા સખુન કહયા. તરતજ તેવણુની એક સગી હોસ્પીટાલની નર્સ હતી, તેને બેસાડી દીધી અને તેની સાથે શેહાદીનાં ગાઠથી જોડાયા ગરીબ બીચારા જમશેદજી! તેવણુની આંખે આવો બનાવ જોઇ અંધારા આવી ગયાં. તેવણ છુપાછુપ બાગમાંથી નીકળી એક વીકટોરીયા કરી ઘેર ગયા અને બીછાનાં ઉપર ઉંધે મસ્તકે પડયા.

"વાંચનાર, એઓને રહેવા દઇ હવે આપણે પેલી મોટરમાં બેઠેલા પાછળ જઇયે. તે ૭ સીલીનડરની રાક્ષસી મોટર **વાંદરા સ્ટેશનપર** જઇ પુગી હતી, તેમાંનાં ત્રણ ઉતારૂઓએ નવશારીની ટીકીટ લીધી હતી, કારણ કે તેઓ પહેલે નવશારી જઇ છુપાછુપ લગન કરી, બીજી ગાડીમાં મુંબાઇ આવી, ત્રીજે દીવસે ચીન ઉપડી જવાનાં હતાં. બરાબર ૧૦ વાગતે મેલ વાંદરે આવ્યો અને તેઓ ત્રણ જણાઓ અંદર બેશી નવશારી ઉપડી ગયા.

(પ્રકરણ નવમું.)

સુલતાની બેંક દીવાલામાં.

જમસુ—બમનજીની પડતી.

વરસ દીવસનો ગાળો—

મુંબાઇ શહેરમાં જે **સુલતાની** બેંક ઘણી મોટી કહેવાતી હતી, તેનું દીવાલું ફુંકાયું હતું. આ દીવાલામાં કેટલાક બીચારાઓ એક ખોટી દમડી વિનાનાં થઈ ગયાં હતાં, અને સાથે વળી આય બેંકમાં આપણા જમશેદજીનાં ૬૦) હજાર રૂપેયા અને બમનજીનાં પાંચ લાખ રૂપેયા હતાં, તે સઘળા ડુબી ગયા હતા. તેઓ ખોટી પાઇ વગરનાં થયાં હતાં. જયારે ચીનમાં ધનમાય લાખો રૂપેયાની દોલતમાં ત્યારે આય તેનો સગો બાપ એક અરધી વિનાનો અહિંથી ત્યાં ભટકતો હતો.

વાંચનાર, હવે એ ઉપરથી વિચાર કરજે કે ચડતી પડતી દુન્યામાં સૌ કોઇની છે. જયારે તારો ચડતીનો વખત હોય ત્યારે તારૂં દીલ હમેશાં સખાવત ભરેલું રાખજે કે તારા બદશીતારાનાં વખતમાં તે દયાળુ કીરતાર તુંને ઠોકર ખાવા દેશે નહિ, અને એથી જો ઉલટું આલી પૈસા જોઇ ગરીબને હિણુશે તો પરવરદેગાર સહેજ વખતમાં તુને દેખાડશે અને તારા કરોડો રૂપેયાની દોલતને ધુળમાં મેલવતાં તેને વખત લાગશે નહિ. માટે ઓ ઇનસાન! તું તારા સારા વખતમાં ગરીબોને સખાવત કરજે, તેઓ પર મહેર રાખજે, ભુખ્યાંને ખવાડજે, કે તે તારા કીધેલા પુન તારા બદ-સેતારાને મારી હઠાવી, તુંને હમેશાં જેવો ને તેવો રાખશે, અને

તારૂં પુન તારા એક બાલને પણ ઇજા થવા દેશે નહિ. અગરજો સારા વખતમાં શેખી કીધી તો તેનું ફળ તુંને ઉલટું ચાખવું પડશે. જે તારા થયલાં કામો બદ સીતારા સાથે મળી જશે, અને તારી પર પડતાં શીતારાથી તુંને વધુ ખમવું પડશે. એજ પ્રમાણે આપણે બમનજીને જોઇશું. તેણે પણ અગાઉ આપણા કાવસને કહ્યું હતું.—

કે "અગરજો તુ ધનમાય સાથ પરણુવાનો હક છોડી દેશે તો હુ તુંને પ્રાઇવેટ સેક્રેટરી બનાવસ, ને અગરજો ભુલેચુકે તું મ રા હોકમથી ઉલટો ચાલ્યો તો લાત મારીને બહાર કહાડસ અને એક અરધી પણ પગાર આપસ નહિ." આવું બોલનાર પેહેડીના માલેક બમનજી હતા. આજે તેજ બમનજી અહિ થી તહિં ભટકતા હતા. તેઓ હાય-અફસોસથી પોતાનાં દહાડા ગુજારતા હતા. બમનજીને સ્વપને પણ ખબર નહિ હતી કે મારા બદ દીવશો પછવાડેથી આવશે ત્યારે મને ખમવું પડશે. ખોદાયે તેવણુને આગાહિ પણ નહિ કીધી કે સુલતાની બેંક દીવાલું ફુંકશે ને તેમાં તેનાં નાણાં જશે. વળી અધુરામાં પુરી તેવણે બૈરી કીધી હતી, તેને પરવરદેગારે એક ફરજંદ આપ્યું હતું. આ બેવડા પડેલા ઘાથી બમનજીને વધારે ને વધારે ખમવું પડતું ને જ્યારે તેને આગલા વખતમાં કીધેલા કામો યાદ આવતાં ત્યારે તે જારજાર રડતો ને પસ્તાઇને બબડતો કે, "ખોદા કર્યાની ક્યાં મારાથી ભલાઇ થઇ નહિ."

(પ્રકરણ દશમુ.)

કાકાજીની નસીયત.

વખત થયો મારો હવે, જાઉં કીરતારને જહાંન,
ભલાઇ કરજે તુ રહી હયાં, ધર્મપર રાખજે ધ્યાન.

(દીલશેર.)

બમનુ, જમશેદને છોડી વાંચનાર આપણે ચીન જઇશું અને ત્યાં આપણે જોઇશું તો એક બુઢ્ઢો પારસી પોતાનાં મ્હોત સાથે લડત લડતો હતો. કેટલાક બાહોશ દોકતરો પોતાનાં ઉપાયો અજમાવતા, પણ જમના ઝેરી હથીયાર સામે તેઓ ફાવી શકતાં નહિ.

" મી૦ કાવસ, તમારા કાકાની પર્લ્સ રફતે રફતે ધીમી પડતી જાય છે અને હવે હું ધારૂંછ તેમ એવણ બે કલાકબી બીજા કહાડશે નહિ." ચીનનો મોટો ડોકટર દિલગીરીથી બોલ્યો.

" મી૦ ચીકું, ત્યારે એવણુની સારા થવાની આશા નથી." કાવસે નખાયલા શાદે ડોકટરને કહ્યું. ડોકટરે દરદીને કહ્યું. " મી૦ પેસતનજી, તમારી જીંદગી હવે લગભગ ખતમ થવા આવીછ, માટે તમારે કાંઇ કહેવું હોય તે તમારા બન્ને છોકરાંને કહી દેવ." તે તબીબ બોલ્યો. પેસતનજીએ લઠડતી જબાંએ પોતાના કાવસને બોલાવ્યો અને તે આંખમાં આંશુની ધાર સહિત કાકા પાસે ગયો.

" અરે બાવાજી, હું માયબાપ વગરનો ને તમેબી મને છોડી જાવોછ ?" તે રડતાં બોલ્યો.

"દીકરા કાવસ, તું જાણેછ કે આય જહાંનમાં જેનો જન્મ થયો છે તે મરવાનોજ છે. દીકરા, મારી પોણોસો વરસની ઉમ્મર થઇ, હવે મને ખુદરતનું તેડું છે, માટે મને જવું જોઇયે. દીકરા, આય મારી દોલત છે તે તારે સ્વાધીન છે, તે તું ખુદાઇ રાહપર ખરચજે, સખાવત ચાલુ રાખજે, કે મારા ને તારા નામ ને જશ મલે; ને બીજું હંમેશાં આપણા અશો જરથોસ્તનાં કલામો યાદ કરજે કે તારેથી બદી દુર નહાસે અને તુને સારો માર્ગ સુજાડે,!" આટલુ તેવણ ધીમેથી બોલ્યા, અને એક ધીમી અડગરી ખાઈ તેવણ આય જહાન છોડી પેલી જહાંન જવાનાં તે ચીનવડ પુલને માર્ગે રવાના થયા.

ચીનનાં વેપારી પેસતનજીની ગુજરવાની ખબર સઘળે ઠેકાણે ફેલાઇ ગઇ અને દરેક વર્તમાન પત્રવાળાઓએ તેવણને માટે દીલગીરી દેખાડી.

એક દીવસ જયારે જમસુને બમનજી બેઉ દોસ્તો ઇરાનીને ત્યાં એકઠાં મળ્યાં ત્યારે નીચલી વાત થઇ—

"બમનજી, આપરે ચીનમાં કયો પારસી મરી ગયો? લાવની જરા વાંચ્યે." કહી, તેને ન્યુસપેપર લીધું અને તેઓએ નીચલું વાચ્યું,

"ચીન તા૦ ૨૧-૭-૧૮૯૫.

ચીનનો "ચાઇનાં મેલ" જણાવે છે કે અહિંયાના એક બુઝરગ પારસી શેઠ પેસતનજી રૂસતમજી પસ્તાકીયા તા૦ ૨૦ મીને દીને ગુજરયાં છે. અને તેવણુની સઘળી દોલત થોડાક વખત થયો મુંબાઇથી આવેલા તેવણનાં ભાઇનાં છોકરા કાવશજી અને તેની ધણી-

ચાણી ધનમાય, તે જમશેદજી પ્રીન્ટરનાં છોકરીને સોંપી ગયાં છે. મરહુમ ઘણા ભલા અને સખી હતા ખુદા એવનાં રૂહને શાંતી બક્ષો!"

"મારી ધન કાવશ સાથે ચીન ગઇ છે અને વળી સઘળી દોલતની વારસ?" જમશેદજી અજબ થઇ બોલ્યો.

"ત્યારે જમશેદ, તુંને અનખનાત્ર છે ને? અરે ખુદા, મને સ્વપ્ને પણ ખબર નહિ હતી કે કાવસ દોલતવાલો થશે ને હું ગરીબ થવશ." બમનું કપાલપર હાથ મારી બોલ્યો.

"અરે, મેં ક્યાંની ક્યાં કાવશ સાથે દુશમનાઇ કીધી! એવું જો હું જાણુતે તો મારા હાથે ધન અને કાવશને જોડી આપતે કે આવા વખતમાં કાવસ મને મદદ કરતે." બમનું બોલ્યો. "અરે, આપણે કાઇ જોઇ બેઠેલા હતા કે કાવશ દોલતવાલો થશે! બમન, એતો નશીબ કોઇનું પહેલે હશે ને કોઇનું પછી હશે."



(પ્રકરણ અગ્યારમું.)

કાવશ મુંબાઈમાં.

પેસ્તનજીનો મારસીસો વિત્યા બાદ કાવશ પોતાની મહેરદારને લઇ મુંબાઇ આવવા ઉપડયો હતો.

"ચીનનો જાણીતો વેપારી મુંબાઇ આવેછ." એવી વાત સઘળે ઠેકાણે ફેલાઇ રહી અને તે વાત બમનજી તથા જમસુને પણ કાણે આવી. ભેસપતવારે સદુવારના ચીનનો મેલ મુંબાઇના બારામા આવતો હોવાથી જમશેદજી તથા બમનજી બંદરપર ગયા હતા. બરાબર અગ્યાર વાગે મેલ આવ્યો અને તેમાથી સઘળા ઉતારૂઓ ઉતરીયા જેવી બમનજી, જમશેદજીની નજર ધન, કાવશ પર પડી કે આગળ જઇ પગે પડી માફ માગવા લાગ્યા, પણ ભલા કાવશે તેઓ તેમ કરવા દીધુ નહિ અને સામી તેઓની હાલત જોઇ દીલગીર થયો. તેઓ વીકટોરીયા કરી ઘેર આવ્યા અને ત્યાંની સઘળી બીના બેઉ દોકરા આગળ કહેવા લાગ્યા.

વાંચનાર, એક વખતનો આય મારતે મીયા બમનું આજે કાવશની સાથે ઓર નરમાસથી વાત કરતો હતો અને તે પણ જરા જરામાં સલામ પગે હાથે પડતો.

એ પણ કુદરતની બલીહારીજ તો!

"કાવશ, તમે ચીન કયારે જવાનાં છેવ?" બમનજીએ સવાલ કીધો.

"મહિના બે પછી જવશ. તમે બાવા અવસોની?" કાવસે બમનજીને કહયું.

" તમારી મહેરબાની હોશે તો આવશ." બમનજી શરમાઇને બોલ્યો.

" કાવશ, આગલી વાત કાંઇ મનમાં લાવતા ના અને જે મારેથી બોલાયું તે માફ કરજો." બમનજી કરગરીને બોલ્યો.

" અરે તમે મારા બાવા જેવા બોલ્યા તેમાં છે શું ?" કાવશ બોલ્યો " અરે, પણ હું એમ પુછું કે તમે લગનને દીવશે લગન કીધેલા કે ?"

" હા, લગન તો એની વાર જોઇ પછી મારી સગી એક નરસ હતી તેની સાથે કીધેલા અને તેને એક છોકરીબા થયલી છે."

" કોણ ! આપણી હિલાંની સાથે ? ' ધને સવાલ કીધો.

" હા દીકરી ?" બમનજી બોલ્યા અને વાંચનાર અહિં પીજન ખતમ કરૂંછ.



(પ્રકરણ બારમું)

સુખી સેવટ.

બે મહિના જોત જોતામા વીતી ગયા અને તેઓ ચીન પણ જવાને ઉપડી ગયા ચીન પુગયા પછી કાવશે પોતાના બુઝરગ કાકાનું કામ ચલાવા માંડયું, તેમાં તે લગભગ ફાવતો હતો. ટુંક વખતમાં, અગાઉ સગાં વ્હાલાંથી હિણાયલો કાવશ ચીનનાં મોટા વેપારી તરીકે મશહુર થયો હતો તેણે પોતાનાં કાકાનાં વેપારને આગળ કરતાં ઘણે દરજજે વધારી મુકયો હતો. જયારે કાવશ પહેડીપર જતો ત્યારે બમનું પોતાની છોકરીને રમાડતો હતો

પ્રીય વાચક, બમનુંની છોકરીનુ નામ ફ્રેની હતું અને તે એવી ખુબસુરત હતી કે તેની આગળ એક ઇંગ્લીશ માણસનું બચ્ચુ પણ પાણી ભરતું હતું બીજી બાજુથી જમસેદજી કાવસના બુચા કેકીને રમાડતા હતા અને તેવણ દીકરીના દીકરાને જોઈ ખુશી ખુસી થઇ જતા હતા.

વાચનાર, હવે વધુ લખવાની જરૂર નથી. પાંચ વરસ પછી નાની ફ્રેની ને કેકાંની નવજોત થઇ અને તેજ દિવસે ચીનમાં નાના પારસી બાળકોનાં લગન પણ થયા. ચાલો, ખોદા આપણા કેકી ને ફ્રેનીનાં જોડાને સુખી રાખે!

સમાપ્ત.

"અંતે ધર્મો જય"

(એક અંગ્રેજી સંસારીક ટુંકી વાર્તા.)

લખનાર.—"ગરીબ" તે-બેજન ફરામર્ઝ બોયવાલા.

(પ્રકરણ ૧ લું.)

પ્યારની ફત્તેહ.

"હોય છે દર્યામાં મોતીનો પાક,
ને આકાશના અંતરમા તારાની જાત,
પણ જીગરમાં છે માહરા દીપતો હ્યાત-
તારા ને મોતીથી ચહડનો મુજ પ્યાર"

(મનસુખ)

ઊનાહલાની એક સુંદર સાંહજે યોર્ક ટાઉનમાં આવેલા **રાઊઅરી પાર્કની** સુંદર છાંયાવાળી જગ્યામાં, આપણી વાર્તાની નાયક રોઝ સ્ટોરન્સ આતુર ચશમોએ કોઇની રાહ જોતી હોય તેમ અહીંથી તહીં નીહાળતી અને નીસાસા પર નીસાસા નાખતી બેઠી હતી.

પોતાના સાદા સુફેદ પોશાકમાં આજે તેણી ગમગીન છતાં અતી મોહોક લાગતી હતી.

આજે રવિવારનો દીવસ હોવાથી રોઝબરી પાર્ક ઠઠમાર લોકથી ભરાઇ ગયો હતો, અને ગરીબ રોઝ કદાચ આ ગીરદીમાં નહિ જણાય કરી દોકયાં તાણી તાણી કોઇની રાહ જોતી હતી. "ઓ ખુદા!" તેણી બોલી, "કદાચ હું નહિ જણાવસ તો? અરે, મને કેવો ઓરતો રહી જશે?"

હાલ સાડાચાર થયા હતા; સુરજ પોતાના ઠંડા કીરણો ચોપાસ ફેંકી રહ્યો હતો. સુંદર ઠંડી લેહકી ઝાડો અને ફુલો પરથી પસાર થઇ, ત્યાંના ફરવા આવેલા સહેલાણીઓના દીલ બાગ બાગ કરતી હતી. હાઇ કલાસ ફેમીલીઝથી તે સુંદર બાગ દીપી રહ્યો હતો તે પાર્ક હમ્મેશાં આવનારાઓથી ભરેલો રહેતો હતો, પણ આજે રવિવારનો દીવસ હોવાથી તે જગ્યા ઓરજ દીપી નીકળી હતી.

રોઝ, ગરીબ ગોલાબ! તેણી આ ખુદરતની બલહારી યા આવજાની ધમાલ જરાબી જોવામાં મોજ લેતી નહતી. તેણીનું હૈયું જાણે ટુકડાજ થઇ જતું હોય તેમ તેણીને આજે લાગતું હતું. ફક્ત એકજ ખ્યાલ,-ઓ, તે વ્હાલાનાંજ ખ્યાલમાં તેણી ચકચુર બેધ્યાન ત્યાં બેઠી હતી. આય તેણીની હંમેશની માનીતી જગ્યા આજે તેણીને કરડવા આવતી હતી. આખર તેણી પટપટી, "મારો વ્હાલો ચાર્લી કયારે આવશે? ઓ તે આવશે કે નહિ? હા, આજે આય જગ્યા પર મારા વ્હાલા ચાર્લી સાથે મને પેહેલી મળ્યાને એક માસની મુદત પુરી થાયછ, તેટલા કેવી જુદાઇ? ઓ કાટીલ ઝુહરાઓ! ઓ વ્હલા ચાર્લી, તારા વીના આય બાગે બેહસ્ત મને

કરડવા આવશે." અને આટલું ધીમે બોલતાં, તેણીની આંખ્યોમાંથી નીરમળ આશુંના ટીપાં તેણીના સુંવાળા ગાલો પણ ખરી પડયાં. વળી તેણી વીચારમાં પડી, તેટલાં તેણીની પાછળથી કોઇએ તેણીના સુંદર માથાંપર પ્યારથી હાથ મુકી તેણીના સુંદર બાલો પસવારતો તે વહાલો ચેહેરો તેણી તરફ ફર્યો.

"ઓ પ્યારા ચાર્લી, તું તો મને ટવલાવી મારી નાખવાનો !" આટલું બોલતાં તેણી તે વ્હાલા આકારની મીઠ્ઠી ગોદમાં જઇ પડી.

આ આવનાર ચાર્લ્સ લૉ (Charles Law) એક સારા ઊંચા લોર્ડ ખાનદાનનો પણ હાલ ગરીબ સ્થીતીનો માણુસ હતો. તે આગે ઊંચો, ભરેલો અને સહેજ સામળો આદમી હતો. તેના ભરાવદાર ચેહેરાપર ફુટેલી નવજુવાનીની નીશાનીથી તે અતી દીલખુશ લાગતો હતો. તેનું ખરૂં નામ રોબર્ટ મેકે હતું, પણ એ નામની મોહોટાઇ તેને ન ગમવાથી તેને પોતાનું નામ ચાર્લ્સ લૉ રાખ્યું હતું, અને તે ચોકમાં એક જાણીતા મ્યુઝીશ્યન તરીકે પંકાયલો હતો.

"વ્હાલા ચાર્લી. તારી વાર જોતાં જોતાં તારી રોઝા તો મરવાજ પડે કે ?"

"નહિ માહરા જાન !" ચાર્લી તેને પોતાના હૈયાં સાથ ચાંપી બોલ્યો, "તું જાણેછ કે કાલે તો હું જનાર છું, ત્યારે બધું કામ પડેલું છોડી હું કેમ આવું ? તે છતાં મેં અરધું કામ તો રહેવાજ દીધુંછ અને ત્રુ ટુ માઇ પ્રોમીસ, હું આં આવ્યોછ, માહારી પ્યારી રોઝા ! બોલ હવે તું મને કયારે મળશે ? મારી ડાર્લીંગ, હવે તારા વગર મારો જીવ કેમ માનસે ? પણ નહિ." તેને થેડાવથી કહ્યું.

"મારે દુન્યામાં ફરવુંજ જોઇએ. હું મારી કમઇ પુરતી કરી શકસ અને પછી મારાં જીગર તું મારીજ થશે અને પછી દુન્યાં સુખીજ સુખી !" અને તે અહીં ખુશાલ હસ્યો.

"ઓ, વ્હાલા ચાર્લી !" તેણી કગલીને પોતાના વ્હાલાની છાતીપરજ માથું રાખી, પોતાની આતુર ચશમો તે વ્હાલા ચહેરા તરફ ફેરવતાં બોલી, "વ્હાલા, શું તમો મને આય મારાં માસીના ઘરમાં બીન આધારે છોડી જશો ? ઓ પ્યારા, આજ સુધી તમો રીયેલીટીમાં માહરા માસ્તર હતા, અને બાતેનમા માહરા સરતાજ હતા, ત્યારે શુ તમો તમારી પ્યારી રોઝાને છોડી જશો ?"

"માહરાં જીગર," તે પોતાની ડાર્લીંગના દીદાર ચુમતો બોલ્યો, "હું તુંને થોડા વખત સારૂં છોડી જવસ ખરો, માહરાં જાન, પણ તે તાહરાં અને માહરા ભવીષ્યના સુખને માટેજ."

"ઓ પ્યારા ચાર્લી, તમો એમાંજ સંતોશ માનો, આપણે ગરીબ સંસારે સુખ માનશુ તમોજ માહરી દોલત છો, તમોજ માહરા હૈયાંના હાર, છો" આટલુ કહેતાં તે કોમળ બાળા, કે જેણીએ હજુર પોતાના શબ્દો પુરાં કર્યાં નહતાં, તેણી ધસાંધસ રડી પડી. "વ્હાલા, માહરી કઝનો કે જેઓને હું તમોને ચાહું છુ એમ મજબુત શક ગયો છે તેઓ તમારા જવા પછી માહરા ઘણા ટીકા કરશે, અને ટાણા મારશે હું રીચ ફેમીલીની પુત્રી તમોને ચાહી શકું એ વાતજ તેવો અણઘટીત ધારે છે. અરે, આગ લાગજો એ મોહોટાઇને પૈસાને અને એથી મળતાં પૈસાના સુખોને !"

"માહરી પ્યારી રોઝ, તું જરાબી ના ઘભરા. ખોદા આપણો મદદગાર છે, તો આપણો બેહેડો પાર છે; માટે થોડાજ વખત ધીરજ

અને સદાનું સુખ મળસે. વ્હાલી રોઝ, તું ધીરજ ધર. રાખ હાલ હયાંથી હું એક નાટક કંપનીમાં એકટર તરીકે ત્રણ પૌંડના અઠવાડિક પગારે જાઉં છું. હમારી કંપની કયાં અને કેમ જશે તે હું કહી શકતો નથી, પણ ઘણું કરી હમો અમેરિકા જઇશું. લવ, હું દર મેલે તાહરી પર કાગળ લખસ. તુ લખસે કેની માહરા જાન?"

"પ્યારા ચાર્લી, તે તો હવે માહરા જીવની છેલ્લી આશા, મોજ અને સુખ કેહવાસે. ચાર્લી, તું તે માટે બેફીકર રહે, પણ સંભાળીને રેહેજે, કારણ તું એક એવી લાઇન પર હાલ જાય છે કે જ્યાં લોભ, લાલચ, ફ્રેબ, ધ્રો સર્વે તુને લલચાવશે, પણ હું જાણુંછ કે તમો વ્હાલા કદીબી તેની જાળમાં ફસસો નહિજ."

"ચાલ ત્યારે લવ, હવે આપણે બે દહાડા સાથે છૈએ તેટલાં તો હસીખુશીમાં રહી પછી છુટા પડયે." એમ બોલી પોતાની સ્વીટીનો હાથ પોતાના હાથમાં લઇ તેણીને પોતાની ધડકતી છાટી સાથે ચાંપી તે જવાન તેણીને ઘેર તરફ લઇ ચાલ્યો. પ્રીય વાંચક, કદી તુંને પ્યાર અને તેનાથી છુટું પડવાનો કડવો અનુભવ મળ્યો છે! અરે, અરે, તોજ તું આપણી ગરીબડી રોઝની લાગણી અને તેણીનું જીગરતોડ દુઃખ તું સમજી શકસે. ગરીબ રોઝ! તેણી ફક્ત પોતાના પ્યારાના પાસામાં હાલ તો તે મળે ત્યાં સુધી છેલ્લીજવાર ચંપાઇને તેની ગોદની પનાહમાં ઘર તરફ તુટતાં જીગરે ચાલી.

પ્રકરણ ૨ જું.

"જરદારોનો છે બહુ જંગી જગમાં સૌથી મોટો છાપો,
જરથી જગમાં આજે યારો ઢંકાયાંછ કંઇકનાં પાપો."

ખીતાબોનું વેચાણ.

ડૉબીશીયરનાં એક નદીને કીનારે આવેલાં દમામદાર બંગલામાં મી. જેમ્સ સ્ટીવન્સ નામે ગ્રહસ્થ રહેતા હતા, તે બંગલો ઘણો ડીસન્ટ આરટીસ્ટીકલી શણગારેલો હતો. તેની ત્રણે બાજુઓ ઉપર સંભાળથી આરાસ્ત કરેલો બાગ અને દેની ચોથી બાજુથી વ્હેતી નીર્મળ નદી, ખરેજ તે બંગલાને અતી ખુશનુમાં બનાવી રહ્યાં હતાં.

મી. જેમ્સ સ્ટીવન્સ એક મોટા વગવાળા પૈસાદાર માલેતુજાર શેઠયા હતા. ત્યાં તેઓ પોતાના ધન્યાણી તથા એક રોઝી નામની રૂપસુંદરી પુત્રી સાથ વરતા હતા. તેઓને ખેતાબ મેળવવાનો અતી ઘણો અભખરો હતો; અને અત્યાર આગમજ તેઓ હઝારો રૂપિઆ ઘણા હાઇ ઓફીસ્યલ્ઝ અને બડેખાંઓને ખવાડી ચુકયા હતા, પણ આખર તેવો થાકા હતા અને હવે પોતાની પુત્રીને કેળવી, કોઇ ડયુક યા લોર્ડ સાથ પરણાવી, તેઓ પોતાની આબરૂમાં વધારો કરવાની ખાહેશ રાખતા હતા. શેઠ પોતે આશરે ચાલીસની ભરતીમાં દીસ્તા હતા અને પાસે દોલતનું જોર હોવાથી નોકર ચાકરની તો કોતાઇ તેઓને ત્યાં હતીજ નહિ, છતાં તેઓએ નામ પ્રમાણે કામ લેવા એક પ્રાઇવેટ સેક્રેટરી નામે મી. રોબર્ટ મેકેને રોકયો હતો.

ઊનાહલાની એક ખુશનુમાં સહવારે મી. જેમ્સ, એક ડેલી ન્યુસ લઇ કોફી સીપ કરતાં વાંચતા બેઠા હતા, તેવામાં તેમનની નજર એક અગત્યની ખબર ઉપર પડી. તેવન તે વાંચી ગોયા અ-ભતીજ ગયા, 'રોબર્ટ મેકે?" તેઓ પટપટયા "રોબર્ટ મેકે, બીજો તો કોઇજ નહિ હોય." વળી તેવણે ન્યુસ પાછું લીધું, ચશ્મો ચઢાવી ફરી જોયું. "નહિ બસ એજ, પણ ઓ ગોડ, ત્યારે તો હવે એ લોર્ડ રોબર્ટ મેકે કહેવાસે." અને હયાં વીચારમાં ને વીચારમાં તેઓએ બેલ વગાડયો

ત્રણેક મીનીટમાં તે ઓરડાનું બારણું ઊઘડયું, અને એક એરકી કપડામાં સજ થયલો જુવાન 'રોબર્ટ મેકે" ત્યાં હાજર થયો. "કંઇ મને કહ્યું સાહેબ?' તેને નમીને પુછયું.

"અં? હા, મેંજ તમુને બોલાવ્યા," તેવણુ અચકી બોલ્યા, "ત્યારે જાણે તમે આજનું ન્યુસ તો નહિ વાંચ્યું હોય મી. રોબર્ટ મેકે?" "હા સાહેબ, હું વાંચી ચુકયો છુ" તેને પુરૂં કરતાં કહ્યું.

"અને ત્યારે તેમાં કંઇ અજાયેબ બીનાં તમોએ વાંચી નથી? 'હેં શું નથી વાંચી?" તેવણે અધીરાઇ નહિ સમાવાથી ઊપરા સાપરી સવાલ કર્યા.

"તમો શું કહેવા માંગોછો તે હું ધારૂં છું કે હું સમજું છુ. છો હા, મેં તે બીના વાંચી છે." તેને જરા અકડવકડ કરતાં કહ્યું.

"અને ત્યારે આજથી તમો લોર્ડ રોબર્ટ મેકેના નામે ઓળખાશો નહિ?"

"હું એમ ધારૂંછ સાહેબ!" તેને જરા અણુગમતે સાદે કહયું.

"ધારૂંછ? અરે માહરા સાહેબ, આય ખુલ્લું લખેલું છેને. પણ ત્યારે તમો માહરા પ્રાઇવેટ સેક્રેટરી, તે હવેથી લોર્ડ મેકેના મગરૂર નામે ઓળખાશો હં!" તેવણુને વીચારવંત ઢપે પુછ્યું, "ત્યારે મી. મેકે આઇ બેગ યોર પાર્ડન! લોર્ડ મેકે, હવે તમો ક્યાં જશો?"

"જાઉં? હું ઉમેદ રાખુંછ સાહેબ કે હું તમારેજ ત્યાં રહીશ."

"પણ શું તમો એમ કેહેવા માગો છો કે તમે લોર્ડ માહારે ત્યાં માહારો"

'હા સાહેબ, હું તમારા સેક્રેટરી તરીકેજ રહીશ કારણુકે લોર્ડ મેકે યા મી. મેકે માહારે મનથી બધું એકજ છે, કારણુ કે એ ટાઇટલ પોતા સાથે કશીએ દોલત લાવનાર નથી ત્યારે હેતર કે હું એમજ રહું"

"ત્યારે શું તમો એ ટાઇટલ કબુલવા ના પાડશો?" મી. જેમ્સે એન્ઝાયટી બતાવી.

"હા સાહેબ!" રોબર્ટે ધીમો જવાબ આપ્યો.

"ના પાડસો? એ ટાઇટલ ના કબુલ કરશો? માહારા ખોદા હું એ ટાઇટલ મેલવવા શું નહિ કરૂં?"

"હા માહરા સાહેબ, પણ તમો માહારી જગ્યા પર હોવ તો તમો સમજી શકો કે હું લોર્ડ મેકે કહેવાઉં તો સાહેબને કહું જે ખાઉં કોણુને? મને કોઇ ઊભોજ નહિ રાખે ને ચાકરી વગર તો હું ભુખે મરૂં. હવે તમો સાહેબને તમારી દોલત સાથ ટાઇટલ હોય તો શોભે"

"ઓ, જો હું એ ટાઇટલ મેળવી શકું તો માહરી અરધી દોલત આપી દેવા હાલ તૈયાર છું."

"પણ ત્યારે તે તમો લઇ શકો તેમ છે, માહરા શેઠ! હું તેમાં કંઇ અડચણુ જોતો નથી"

"હેં તે કેમ ?" મી. જેમ્સે દાચું વકાસી ખડા થઇ બેસતા અતી ઘણી આતુરતાથી પુછયું.

"સમજો ત્યારે સાહેબ, હું મરનાર લોર્ડ મેકનો ભત્રીજો થાઊં છું, મને તે મરનારે જોયો નહતો, તેમજ મેં તેમને નજરે નથી દીઠા કે નથી તેઓના કોઇ સોલીસીટર્ઝ મને પીછાણુતા, ત્યારે તમો જો માહારૂ નામ ધારણુ કરો તો બની શકે. પાછો આપણી ઉમ્મરમાંબી જાહાજો ફરક નથી. બાકીની વધુ વીગતો હું તમને પુરી પાડું તો પછી વાધોજ શાંનો છે, મહારા શેઠ ?"

મી જેમ્સના લોભી દિલમાં ટાઇટલ મેળવવાની જબરી હોંશ થઈ પણુ તોબી જરા ટેક રાખી તેઓ બોલ્યા, "છટ, છટ, એ આઇડયાજ કેવો બેહુડો છે અરે, એમ બનેજ કેમ ? હું લોર્ડ મેક ? પણુ—પણુ—ત્યારે મી મેક એ ટાઇટલ જાણે તમે મને આપવા માંગોછ એમ ?'

"હા માહારા લોર્ડ !" તેને જરા ફીકકું હસ્તા કહ્યું, "આપણું શુ જાયછ? હ્યાં તો દોઢયા આવ્યાં કે બસ." તે મનમાં પટપટયો.

"વારૂ, હું વીચાર કરી કહીશ." એટલુ બોલતાં તેવને રોબર્ટ ને કંઇ કામ સર બાહાર મોકલી મન સાથ વમાસવા લાગ્યા.

"એમાં ખોટું શુ છે ? પણુ—આપણે એક ઘોડો, ઘર, કે પીકચર વેચાતું લઇ શકયેછ કેની ? હા ! તો પછી આમ ટાઇ-ટલ કાંશ નહિ લઇ શકું ? બસ હું એ લેવસને લોર્ડ થવસજ અને પછી હું કોણુ ? ઓહહો ! લોર્ડ રોબર્ટ મેક ?"

પ્રકરણ ૩ જું.

મદદગાર મીત્રો જડે છે કહાં,
ભલા દોસ્તોથી છે વાઝણી જહાં;
સાચા મીત્ર કેરી ભલી વાત છે,
બુરા મીત્રની તો સદા ઘાટ છે.

બે દોસ્તો ચાર્લ્સ અને ફ્રેક્ષ.

ન્યુયોર્કની નવી બાંધેલી ગેઈટીથીયેટરના સ્ટેજના એક ખુણામાં બે જુવાન શખ્સો રીહારસલ પુરૂં થવા પછી તોલ ટપ્પા મારતા બેઠા હતા, જેમાં એક આપણો ચાર્લી અને બીજો એક સાધારણ એક્ટર મી. ફ્રેક્ષ કરી હતા.

"ત્યારે મી. ચાર્લ્સ, તમારૂં ખરૂં નામ શું કહ્યું વારૂં?"

"રોબર્ટ મેક" તેણે થંડાંપણે ઉત્તર દીધો.

"તમો મી. ચાર્લી લોના નામે કાંય ત્યારે ઓલખાવો છો?"

"એ નામ મને પહેલાં કરતાં વધુ પસંદ છે" તેને સભ્યતાથી કહ્યું.

"ત્યારે તમે તો પેલા લોર્ડ મેકીએનના સગા થતા હશો! તમુનેબી કોઈ દીવસ લોર્ડ થવાનો ચાન્સ ખરો હાં"

"નહિ" તેને નરમાસ્થી કહ્યુ, "લોર્ડ મેકનો એક નાહનો પુત્ર છે. હું તો તેહનો ભત્રીજો થાઉં છુ, અને મેં માહરા કાકાને બચપણમાં ચારેક વરસનો હતો ને જોયા હતા તેજ, બાકી તેઓ મને હાલ પીછાણેબી નહી, કે નહિ હું એમને ઓળખું. પણ મી. ફ્રેક્ષ, તમે ત્યારના બેસી સાંમે મીસ અલીસ ગમી શું

ટીકયા કરોછ ? આપણા મેનેજરે તમને ચાર વાર માર્ક કર્યા, મનેબી ખરાબ લાગેછ."

"હં ! ત્યારે તમે શું કહ્યું ? તમોને કોઇ તેવનનું સગુંબી પીછાણતું નથી?"

"પણ સગું હમારી ફેમીલીમાં કોઇ છેજ નહિ, માહારા કાકા અને તેમના દીકરા અને હું એજ મેકે ફેમીલીના સરવાઇ વર્ઝ છૈએ."

"પણ ત્યારે, તમો તમારા કાકાને ત્યાં કાંય નહિ જઇ પડતા ?"

"શું ? હું ત્યા રહી ઓસ્યાલો તુકડો ખાઇ બધાના તાણાં જાણાંમાં આઊં ! ઓ માહારા ખોદા ! તે કરતાં તુ મને તાહરી પનાહમાં પાછો ઉપાડી લેજે !"

"શાબસ મી. ચાર્લી, તમો એક ખરેજ સુદ્ધા ગ્રહસ્થ છો." મી. ફ્રાક્ષ જોકે બળી મરતાં, છતાં ઉપરનો દેખાવ કરી બોલ્યો, "મીં. ચાર્લી, આજથી આપણે રીયલ ફ્રેંડ થયા છીએ હં !"

"થેંક્યું !" ચાર્લીએ જરા થંડાં પણે જવાબ દીધો, કારણકે આ એકટર સાથ ફ્રેંડશીપ પાડવા તે કઇ ઘણો રાજી હતો નહિ, કારણકે તેને પહેલાંથીજ તેની ચાલ ચલણ સારી લાગતી નહતી. "મી. ફ્રાક્ષ," તે કચવઇને બોલ્યો "તમો તો હવે હદ કરોછ; જુવો મીસ એલીસ પોતાની જગયા પરથી ઉઠી ચાલી ગયાં. શું આપણે નાટકકાર તેથી કંઇ દરજ્જે યા આબરૂ જાળવવી નહિ ? આથીજ તમો લોક નાટક જેવા એક નામાંકીત હુન્નરને એક નીચ પેસો બનાવ્યો છે."

"પણ ચાર્લી," તે જરા હીબરતીઝ લેતાં બોલ્યો, "એની સાથ તું પાર્ટ કરેછ તે વખતે તો ઓઘઇ પંથરઇ જાયચ તે ?"

"હા ! યાદ રાખજે મી. ફોક્ષ, કે હું એક ગ્રહસ્થ છું. એ બાનુ સાથ મને સજોગ પાત્ર કામ કરવું પડે છે; પણ તોબી એ બાંનુંને હું માહારી માજણી બેહેન દાખલ ગણું છું. ખરેજ તેણી એક લેડીના નામને સોભાવે તેવી છે."

"પણ ભલા માણુસ તું એટલો ગરમ શાનો થઇ જાય છે ? હું તો ફક્ત જરા હસુંછ." તેને એક ટપલી ચાર્લીને લગાવતાં કહ્યું; "હું તો એના ગલાંમાનો પેલો નેકલેસ જોતો હતો; ને તેમાં એને મરદાત કરવાનુ કઇ કારણ ?"

"શેઠ, હવે તો અતેરૂં થયું. મેં તમારે વીશે કંઇક વધુ પ્રમાણુમાં હલકી વાતો સમજી છે; અને હવે ખુલ્લું કહું છુ કે જો તમો વધુ કંઇ અતેરૂં કરશો તો હું કઇક વધુ પ્રમાણુમાં એક એસીસ્ટંટ મેનેજર તરીકે માહારો વગ લગાડી તમુને ચાકરીથી રૂખસદ અપાવસ" તેને કંઇક દ્રઢતાથી કહ્યું.

મી. ફોક્ષ ચાંઇ પડેલો હસી દાંત કચકચાવતો ત્યાંથી ડ્રેસીંગ રૂમ તરફ ચાલ્યો "જોજે બચ્ચા, હુંબી તુંને દેખાડસ ! તેં મારૂં અપમાન કર્યુંછ નહિ ? તો હવે જોજે તેનો બદલો." અને એટલું બોલતાં તે કીનાથી દાંત પીસતો ત્યાંથી મક્કમ થેડાવે ચાલતો થયો.

પ્રકરણ ચોથું.

જરર ઈનિ દુશમનોંકી દુશમનીસે કુચ્છ હો નહિ શકતા,
ખુદા જબ દોસ્ત હય તો દુશમનસે કુચ્છ હો નહિ શકતા.

"આગમાંથી બચ્યા."

પ્રીય વાંચક, આપણા ચાર્લીને પોતાની માનીતી સ્ત્રીટીથી છુટા પડવાને આજે છ માસ પસાર થઇ ગયા છે; તે આરસામાં તેને પોતા માટે એક બાહોશ એકટર અને સ્ટેજ મેનેજર તરીકે નામના મેળવી હતી. રોમ્યો જેવી બીકટ કેરેકટર્ઝ તે એવી કુશળતાથી ભજવતો કે આખા ન્યુયોર્કની શોખીન મંડલીઓ એની પર ખુશ ખુશ હતી. હાલ તે એસીસ્ટંટ મેનેજર અને એકટરનું કામ કરતો હોવાથી તેની વીકલી આવક વધીને છ પૌંડ થઇ હતી.

ચાર્લી પાછળ લોકો અતો ઘણુ ફીદા હતુ. તેની સ્ટેજને જેબ આપતી લોર્ડલી ફેશન, ક્મામદાર દેખાવ અને શાર્પ આવાઝ સાથ મેન્લી વોઇસથી જાને તે સ્ટેજનાં ખુણેખુણાં ધુજાવી મુકતો હતો. તેની સાથ જુલ્યતની કેરેકટર કરનાર આપણે ઉપર જોઇ ગયાં તે એલીસ હતી. આ બંનેની જોડી જાણે ખોદાએજ એક કરી હતી, છતાં તેઓ બન્ને પવીત્ર ભઇ બેહેનના પ્યારે એક એકને ચાહતાં હતાં.

આજે ગ્રાંડ હોલીડે હોવાથી સ્પેસ્યલી રોમ્યો જુલ્યતનો નાટક થનાર હતો. મોટા રાજવંસી કુટુંબોની પનાહ હેઠલ તે ખેલ ફ તેહમંદ નીવડશે એવી દરેક વકી હતી. ચાર્લી આજે પોતાની પાછળજ નહિ જોતાં દરેક એકટર્ઝને તપાસવામાં મસગુલ હતો,

કે કંઇ ખામી રહે નહિ; પણ તેવામાં માલમ પડયું કે ફ્રાંક્ષ પોતાની કેરકટરમાં હાજર હતો નહિ. પણ એ ગયો ક્યાં? તુરતા તુરત ખોળ કાઢવામાં આવી, પણ ન મળવાથી ચાર્લ્સે તૈયાર રખેલા સ્પેર એકટરને દાખલ કીધો અને સીન ઉઘડયો. ફર્સ્ટ પાર્ટ તાળીઓના ગગડાત સહીત પાસ થયો, જ્યારે એકટમાં જુલ્યટ અને રોમ્યો વાત કરતાં નજરે પડેછ, તે સીન ઊંચકયો કે સ્ટેજને એક છેડેથી "આગ," "આગ" ની બુમ ઉડી રહી અને થીયેટરમાં અતી ઘણો ઘભરાત ફેલાઈ રહયો. તુરત પડદો નાખી દેવામાં આવ્યો અને ઘણી ઝડપે અને સરસ મેનેજ-મેન્ટના સબબે આગ તુરત કાબુમાં આવી, પછી બીજો અંક ખલાસ થયો. લોક વીસરજણ થયું અને એકટર્ઝ પણ પોતપોતાને માર્ગે ગયા. ચાર્લ્સ દરેક બાબદ તપાસ્યા પછી પોતાના રૂમ તરફ ચાલ્યો કે જેમ કરતાં એક સાંકડા અંધારા પેસેજ માંથી જવું પડયું. "આજે લાઇટ આટલી જલદી કેમ બુજાવી નાખી? તે" જરા અજાયબીમાં આગળ તંતોસ્તો ચાલ્યો, એટલામાં તેની જરા દુરથી એક કાલો આકાર તેને ચાલી જતાં જોયો. "એ કોણ છે? મી. સ્મીથ કે?" તેને પુછ્યું, પણ તે આકાર કંઇ પણ જવાબ આપ્યા વીના ત્યાંથી ગુમ થઇ ગયો. "એ આજે બધુ એમ એકેકી વખતે શું થયું? આગ લાગી, મી. ફ્રાંક્ષ ગુમ થયા, આય હયાંની લાઇટ ઓફ થઇ, એ છે શું તે હું સમજી શકતો નથી?' એમ વમાંસન કરતો તે આગળ દશેક પગલાં ચાલ્યો નહિ હશે કે તેને ઠોકર લાગી અને જરામાં પડતો બચી ગયો. "અરે! એ વલી આય વચમાં શું મુકયુંછ?" એમ બોલી તે વાંકો વળ્યો તો તેને એક

માણસનું શરીર ત્યાં પડેલું લાગ્યું. વધુ તપાસતાં તેને એક લેડીનાં ખોડી તરીકે પીછાણ્યું, અને અતી ઘણી દેહેસતથી તેને પોતાનું પોકેટ લેંપ ખેંચી કાઢી, સ્ત્રીચ દાબી પેલા પડેલા આકાર તરફ ધીમી લાઇટ ફેંકી. "ઓ! કોણ એલીસ?" તેના ધુજતાં હોઠો-માંથી એક ધીમી ચીસ નીકલી પડી. અને હયાં પોતાની ખાત્રી કરવા તે, તે આકારની ઉપર તુરત વાંકો વળી તપાસવા લાગ્યો. "હા તેજ, માહરી વ્હાલી બેહેન, આય તાહારો શું હાલ? પણ એતો તદન મુવેલી જેવી શાંત પડી છે, હવે એને હું કેમ હાથ લગાડું? કોઇ હયા આવી જશે તો માહારે માટે શું ધારસે? આય પાકદામન છોકરી માટે કેવું હલકું માનસે? પણ ત્યારે શું હુ હયાં એને આય હાલતમાંજ છોડી ચાલી જાંઉ? નહિં, નહિં, એટલું બોલતાં તેને તે સુદરીને સંભાળથી પોતાના બંને હાથોમાં ઉપાડી લીધી, અને તેણીના પોતાના રૂમ તરફ લઇ ચાલ્યો બીછા-નાપર મુકવા પછી તેણીનાં મોંઢાપર પાણીના ફટકા મારી, કોલન-વોટર વગેરે તેણીનીજ તેબલપરથી લઇ સુંઘાડી તેણીને હુસ્યાર થવાની રાહ જોતો તે બેઠો. પાંચએક મીનીત-અને તેણીએ હોંશી-યાર થઇ, આંખ ઊંઘાડી. "દુર રહે બદમાશ, હીચકારા, મારા તનને હાથ લગાડ અને હું તુને ચીરી નાખશ" એમ તેણી બોલવા લાગી.

"લેડી એલીસ!" ચાર્લીએ ધુજતાં સવાલ કર્યો, "કોણ બદમાશ, હીચકારો? હું?"

તેણીએ સાવધ થઇ તેની ગમ જોયું. "મી. ચાર્લી!" તેણુ અતી ઘણા ધીમાં અવાજે બોલી, "તમો હયાં?"

"હા, બાનું, હુંજ તમુને હર્યા લાવ્યો છું." એમ કહી તેને બધી વાત તેણીની આગળ કરી.

"ઓ કેવો આભાર! મી. ચાર્લ્સ!' તેણીએ પોતાનાં બંને હાથો તેની આગળ લંબાવતાં કહ્યુ તેને તેણીના નરમ હાથો પોતાના હાથોમાં લઈ એક ભઇના હેત સાથ કહયું, 'એલીસ, તમોને ઉપકાર માનવાની કઇંજ અગત્ય નથી. માહારી ફરજ બજાવવા સીવાય મેં કઇજ કર્યું નથી. આશા રાખુંછ કે હવે તમો તદ્દન સારી કાની હશો! હાલ તો તમે આરામ લેવો, હુ જરૂર સહવારે આવી તમુને મળી જવસ, ગુડનાઇટ એલીસ!"

"ગુડનાઇટ મી. ચાર્લી.!"

પ્રકરણ ૫મું.

કરતુકી કારસ્તાન.

મુર્ખ માનવી શું કરી તુ રહયો,
સીધો માર્ગ મુર્ખાઈ જેવો કહયો;
બદીનો લતીએ મલશે કેમ નેક ?
બદીનો જગ માંહે ટકશે કેમ ટેક ?

રોઝ, ગરીબ ગોલાબ, તેણી પોતાના પ્યારાથી છુટી પડયા પછી તદન એકલી પડી ગઇ. તેણીના પીતા જેમ્સની તેણી એક પુરી લાડકાઇ બેટી હતી, અને તેણીની કઝીન્સ સાથે તેણી સારૂ શીખસે એમ ધારી તેણીના પીતાએ તેણીને મારીને ત્યાં ડારબી ખાતે મોકલી હતી મી. ચાર્લસ લો ત્યા મ્યુઝીક ટીચર તરીકે આવતો હોવાથી, રોઝ તેનીપર સાચા દીલથી ફીદા થઇ હતી અને ચાર્લી પણ એક સુદ્ધા ગ્રહસ્થને છાજતી દરેક સાચ્ચી લાગણીથી આ મોહોક સુંદરીને ચાહતો હતો. તેઓએ ખુલાસો કર્યા બાદ એક વાર તેઓ પેતાની ખુશ ગોફતેગોમાં હતા, ત્યારે તેણીના એક કઝનની નજર પડી અને તેણી પર શક લાગવાથી મી. ચાર્લી લો નો પગાર જે ૪ પાંઊડનો હતો, તે ઘટાડીને ૨ પાઊડ કર્યા કે તે ત્યાંથી ચાલી જાય. આખર તેમજ થયું. ચાર્લસ ગયો, પણ તે સુંદરીની ખુબસુરતી, તેણીનું જીગર, તેણીની ખુશાલી, સર્વે સાથેજ લેતો ગયો. "ઓ પ્યારા ચર્લી, તાહરી સુંદર છબી પણ હવે તો ચુંમતા ચુંમતા ફેન્ટ થઇ જવા આવી, પણ હજુરે તું વ્હાલાનો જવાબ કે નામ નીશાન નહી મલે. ઓ

"આહારા હૈયાના હાર, કહે કે તેં કોય તાહરી રોઝને ગળે લગાડી ગરદન મારી હોસે ? શું નાટકની લાઇનમાં તુંબી ખુહાર થયો ? ઓ અફસોસ આફત ! આય લોક તાહારે માટે હલકું બોલે તે હું કેમ ખમી શકું ? તાણ્યા જાણી અને દરેકના બીના ખમતાં હું મરવા પડીય, પણ તું કયાં હોરો વહાલા ? કંઇ નહી, ભણુરીનો બદલો સાહેબ આપસે !"

પ્રીય વાંચક, આજે છ માસ વિતી ગયા છે, પણ ચાર્લી તરફથી એક કાગળનો ટુકડો પણ તેણી મેલવી શકી નથી. તેનું કારણ ચાર્લીની બેવફાઇ નથી, પણ વફા પર જફા ગુજરી છે. રોઝની કઝીનોની અદેખાઇનું આ પરીણામ છે. તેઓ તેની તરફથી આવતા દરેક કાગલો પોતેજ ખોલી લેતા અને ગરીબ રોઝ, તેણી ઝુરી મરતી. આખર એક દહાડે તેઓમાંની એકે હલકો ખયાલ દેખાડી ચાર્લી પર લખ્યું કે "રોઝે લખાવ્યું છે કે હવે તમોએ તેણી સાથ વધુ પત્ર વહેવાર ચલાવવો નહી. કારણ તેણી નાટકકાર ને ધીક્કારે છે, અને જલદી ભાંજ તેણી હમારા ભાઇ સાથ પરણી જનાર છે."

આહહા, ઓ વાંચક, જો તુંને આ વાંચ્યાં પછી ચાર્લસના દીલની ખબર હોય તો તું આવો સ્થાર:બેસે નહી. ગરીબ ચાર્લી, તેનું હાર્ટ તદ્દન ટુતી ગયું, તેની ઊમેદો ભંગ થઇ ગઇ. તેણીને ખાતરજ આય નહીં જોયલા મુલકોમાં તે આવા બેજમારી ધંધામાં પડયો હતો, પણ આખર બદલો શું ? "બેવફાઇ !"

આવા કાળા કરતુકી ફેરગાઓ અને તુમડા અડાવનાર હયાનતી ખવીસો ક્યાં આપણી કોમમાં નથી ! એક પ્યારાં જોડાનું સુખ

તોડનાર બાળા બંડાખોરોનો ખોદા દોઝખમાં માર કરશે.

આખર રોજની વધતી જતી માંદગીથી તેણીના બાપે ડાબી શાયરમાં બોલાવી લીધી, અને તેણી ત્યાં પોતાની હેતાળુ માતાના પાસામાં તેણીની કાળજી હેથળ જરા સારી થતી ચાલી, પણ તેણી હરતી રમતી હતી તે હવે બદલાઈને ગંભીર વીચારવંત બની હતી.

પ્રકરણ ૬ઠું.

આખર હું લોર્ડ થયો.

ઉદય થાય તેનો જરૂર અસ્ત છે,
જમાનો હમેશાં જબર જસ્ત છે,
નથી એ રહ્યો એક સરખો વફા,
ખુશી કોઇ દીન—કોઇ દીન ખફા.

" મી. જેમ્સ, ત્યારે શું તમો મારી ઓફર ના પાડશો"? થોડાક વખત પછી મી. રોબર્ટ મેકેએ પાછું ફરતા મી. જેમ્સ ને સવાલ કર્યો, "એક હજાર પૌંડ હમના અને ૨૦૦ પૌંડ દર વરસે મને પોહચતા કરોનો હું તમો શેઠને આ ટાઇટલ બક્ષી, એ બાબેની વધુ વિગત તથા સત્તાવાર ખબર આપી, હું ઓસ્ટ્રેલ્યા જઇ શીપ ફારમીંગનો ધંધો કરું, અને નચિંતે બેસું. જયારે તમો અતરે લોર્ડ રોબર્ટ મેકેના પ્રાઉડ ટાઇટલ અને તમારી ઓહોદાથી દોલત સાથ ઘણા પ્રખ્યાત થઇ પડશો."

" અં, પણ શું કોઇ વાર તમો—"

"નહિ સાહેબ, ફરીથી કોઇ દહાડો હું તે ટાઇટલ તમો પાસે પાછો મંગીશ નહિજ તે માટે હું તમો સાહેબને ખાતરી આપુંચ"

મી. જેમ્સે ખોપ્રી ખજવાળી અને મનમાં પટપટીયાં, "શું એવી ચીજ્બી વેચાતી લેવાય? હું હવે એને શું જવાબ આપુ!" "ત્યારે મી જેમ્સ તમો વખત ખોસો નહિ, તમારો જવાબ શુ છે સાહેબ!"

" ભાઇ, હું તમોને જરા વિચાર કરી બોલાવું તેટલા તમો ટોભશો! હું તમોને જલદીજ બોલાવશ, હાલ તો ગુડબાઇ' અને આટલું બોલતા મી. જેમ્સ તે ઓરડો છોડી ગયો.

"ગુડ મોનીંગ મીસ એલીસ, કેમ તમો રાતે નીરાંતે ઉંઘાયાં હતાં કે?" સવારના એલીસની આયા મારફતે ખબર મેલવ્યા પછી મી. ચાર્લસ તેણીની ખબર લેવા આવ્યો.

"થેંકસ મી. ચાર્લી, હું હાલ ઘણીજ સારી કાની છું, પણ નેકલેસ ગઇ કાલ રાતના બનાવ પછી ગુમ થયો છે, તેની જુસ તેજો કરશો? તમારી ઘણી મહેરબાની મુજ ગરીબ પર છે, મી. ચાર્લસ, શું તમો મારી ફ્રેન્ડસીપ કબુલશો? જોકે આપણે આપણા પાત્રોમાં હંમેશા સાથેજ કામ કરીયે છીએ, છતાં તમારી ફ્રેન્ડસીપ હું હજુ મેળવી શકી નથી."

'મીસ એલીસ, અલબત હું તમારી ફ્રેન્ડસીપથી મગરૂર છું, પણ તમારી ગઇ કાલની વાત પર આવશું? તમો ગપ કાલે ત્યાં બેસુદ્ધ કેમ પડેલાં હતાં વારૂ?"

"ગઇ કાલે રાતે આપણા પાર્ટમાંથી ખલાસ થઇ હું પેલી ગગી ઓળંગતી હતી, તેવામાં એકા એક લઇટો બુજાઇ ગઈ અને મારી ધાસ્તી વચ્ચે હું ત્યાંથી ચાલતી હતી તેટલામા કોઇ કાળા આકારે મારી સામે ધસી આવી મને ગલચીમાંથી પકડી નીચે પટકી તેના જોરાવર હાથો આગળ હું લાચાર થઈ પડી. મેં ઘણી બુમ પાડવાની કોશેશ કરી પણ તેને મારૂં ગળું દાબવાથી હું ગુંગળાઇ ગઇ, અને પછી પડતા પડતાં મેં કોઇના ધીમાં પગલાં અમો તરફ આવતા સાંભળ્યાં," જે વાંચનાર જાણેછે કે ચાર્લીનાજ હતાં.

"અને ત્યાર પછી શુ થયું તે હું કશું જાણતી નથી"

"પણ ત્યારે તમારા નેકલેશની કયારે તમને ખબર પડી ?" ચાર્લીએ આતુરતાથી પુછ્યું.

"તમારા ગયા પછીજ." તેણી દલગીર થતાં બોલી, "પણ મી ચાર્લસ, મને કહેશો કે કાલે મારા ફાધદના પાર્ટમાં મી. ફ્રોક્ષ ને બદલે **મી. મેક ફરસન** ને પાર્ટ આપવાની શુ મતલબ ?"

"મી. ફ્રોક્ષ હાજર હતા નહિ." તેને અતી વીચારવંત ધપે ઉઠતાં કહ્યુ.

"પણ તમે કયાં જાઓ છો મી. ચાર્લસ ? આપણે સાથેજ બ્રેકફાસ્ત લઇશું તો તમુને વાંધો છે ?"

"નહિ, હું હમણાજ આઉ છ, જરા થોભસો, મીસ એલીસ!" એટલું કહી તેને પોતાના મક્કમ કદમો પેશી લાંબી ,ગઇ કાલની ગગી તરફ લંબાવ્યાં. "ફ્રોક્ષ ગુમ થયો, આગ લાગી, નેકલેશ ચોરાયો, મેં પોતે પેલા ઓળા એલીસે કહ્યો તેજ જોયો, એ ઉપરથી

એમ માલમ પડેછ કે પેલો આકાર મારા પગલાં સાંભળવાથી તુરત નેકલેસ લઇ નાઠાં હશે, એ બનવા જોગ છે." તે મનમાં બોલ્યો. "ફ્રેન્કની નજર એ નેકલેસ પર ઘણી હતી, કદાચ તેને–" આટલું વીચારતાં તે પેલી જગા આગળ આવી પુગ્યો. પોતાનું ફાનસ આઠી દીવસની જુજ રોશની પડની હતી, તેમાં ઇલેકટ્રીક પાવરથી વધારો કરી નીચી પણ ઢાવકી નજરે તે આગળ વધ્યો. પણ અરે! આય શું? તેના પગને કંઇ ઝીણું ચળકતુ બટન જેવું અડડયું. "અરે એતો મી. ફ્રેન્ક નું કોલર બટન છે. એ ત્યાં કેમ! પણ એની બેઠક કયાં છે? એતો ફક્ત ઉપરનોજ પાર્ટ છે. ત્યારે આખર મી. ફ્રેન્ક તમો ચોરજ નીકળ્યાની! ને આય બીચારી ગરીબડી બાવાને હેરાન કીધીની? પણ કઇ નહિ, હું આય છોકરીને મારી એક માનીતી બહેન દાખલ ચાહતો આવ્યો છું અને ચાહવશ. આઈ શેલ મેક ગુડ ધ લોસ, હું એની બેનીફીટ નાઇટ આ ગાવાની ત્રાઇ કરશ, મી. ડેર તેના નહિજ પાડશે." આટલું બોલી, તે આગળ વધ્યો પણ પછી કંઇ બી વધું ખબર વગર તે એફીસના રૂમમાં તેણીની બેનીફીટ નાઇટ માટેની પરવાનગી મેળવી તે વધાઇ કહેવા ગયો.

"ઓ તમારો કેવો આભાર મી ચાર્લસ, તમોજ હમો ગરીબોના મુરબ્બી છો." એટલુ બોલતાં તે ભલી છોકરી ચાર્લીનો હાથ પોતાના નાજુક હાથોમાં લઇ લગભગ રડી દેતાં બોલી, "થેંક્યુ સર!"

"મીસ, એમાં કંઇજ આભાર જેવું નથી. તમેજ આય કંપનીને તેરની તેરવીને પહેલી પંક્તીએ પુગાડી છે, અને કંપનીની રજછે કે તેઓ તમુને મદદ કરે."

"થેંક યુ મી. ચાર્લ્સ હો ! તમારા જેવા નાટક લાઇનમાં થોડાંજ કીંમતી મવહરો હશે, એમ હું તો ખાતરીથી માનુંછ."

આવાર ચાર્લ્સના બોયે એક કાગળ તેના સરનામાનું લાવીને તેના શેઠના હાથમાં મુક્યું. પ્રીય વાંચક, આ તેજ પ્રપંચી કાગળ હતું કે જે રોઝાની કઝીઝીને લખ્યું હતું. આ કાગળ વાંચી ગોયા તે ફાટીજ ગયો. "મારી રોઝ બેવફા ?" તેના લોહીનું ટીપે ટીપું ઉડી ગયું અને તેને તમ્મર આવવા લાગ્યા. હોઠ ફીકા પડી ધ્રુજતા હતા અને આવી હાલતમા તે ઉઠયો, પણ નહિ, તેજ પલે તે કમનસીબ સખસ ત્યાંજ ધીમરા માફક ઉંઘાધ પડતો બચી ગયો, કારણકે માયાળુ એલીસે સમયસુચકતા વાપરી તેને મદદનો હાથ આપી તુરત બચાવી લીધો.

"મી. ચાર્લ્સ તમો બાંજરા લેતશો ? તમારી તબીયત હું ધરૂછ કે એકદમ બગડી આવી છે." એલીસે તેનું માથું માયાથી પસવારતાં કહ્યુ.

"નહિ, થેંકસ ! હું મારા ઓરડામાંજ જઇશ." એટલુ બોલી, તે તદન લથડતે પગે પોતાના બાજુમાં આવેલા રૂમમાં જઇ ઉંધે મસ્તક ઢોળ્યા પર પડયો. તેના દુઃખનો ખ્યાલ એક રતી ભારબા આપણને થશે નહિ, તેમજ આ નાનવાન કલમમાં પણ તે વર્ણવાની શકતી નથી, પણ એટલું કહેવું બસ થશે કે તે ચાર્લી આગળના ચાર્લી જેવો રહ્યો નહિ. તેનું જીગર છુંદાઇ ગયું, તેની દેહ તુટી ગઇ અને આખરે તે મરણ તોલ માંદગીને શરણ થયો. વીસ દીવસની મોહોત અને જીવન વચ્ચેની લડત પછી, ભલી એલીસની જીગર તે

મહેનતને જશ મળ્યો, તેને આખરે પહેલીજ વાર આંખ્યુ ખોલી જોયુ અને "રોઝ" ફક્ત એ એકજ બોલ બોલી નીસોસ જેવો પાછો પડયો.

તેના વીના થીએટરનું કામ તથા પાર્ટી ઘણુંજ અયોકસ ચાલવા લાગ્યા અને ન્યુ યોર્કના લોક આ જુવાન એક્ટરની માંદગી માટે અતી ઘણું દલગીર થયું હતું. આખર તે સાજો થતો ચાલ્યો અને સહેજ ફરવા હરવા લાગ્યો. પણ તેનો ગમ તેનાથી ભુલાતો ન હતો. આંખમાં અને ગાલમાં ખાડા પડયા હતા, તેનું કદાવર અંગ હવે તદન નાતવાન દેખતું હતું, અને ચાર્લીને બદલે ફકત ચાર્લીનો પડછાયો તે હવે થઇ રહ્યો હતો. તેને પાછી જરા પોતાનો ગમ ભુલાવવા ઉજમ પકડી અને તેની માંદગી વેળા ખરે દીલે મહેનત કરનાર તથા દરેક રીતે પોતા પર ઉપકાર કરનારનો બદલો પાછો આપવા તે પહેલ વહેલો ને પાછો એલીસની બેનીફીટ નાઇટને દહાડે પ્લેમાં ઉતર્યો હેમલેતના પાટમાં તે પોતાના ખરા ગમખ વાર દેખાવથી ઓરજ મોહક લાગતો હતો, તેના બહાર નીકલવા સાથજ તાલીઓના મોટા ગડગડાટ વચ્ચે ગજરા,હાર, ફુલ તોરાથી તેને વધાવી લેવામાં આવ્યો, જેનો તેને ઘટતી રીતે આફથી જવાબ વાળ્યો આ તે કંપનીની છેલ્લીજ રાત ન્યુયોર્કમાં હતી. હયાંથી ઉપડેલી તે કંપની ઇગલંડ ડારબીશાયર જનાર હતી. એલીસને એક હજાર પાઉંડની પર્સ અને એક હીરાની નેકલેશ ઓડયનસ સન્મુખ મી. ચાર્લ્સ લો એ ભેટ આપ્યા હતા અને ત્યાર પછી ત્યાંથી ઉપડી તે કંપની માન સહીત ઇંગલાંડ રવાના થઇ.

પ્રકરણ ૭મું.

આગ આગ

તલેસમ ખુદાનો ખુદાને ખબર,
બધી જહાન તેના હુકમની ઉપર,
ખુશી કે ગમી ખુદ ખુદાથીજ જરે,
ખુદાનું નીમેલુ કદી ન ફરે.

વહાલાં વાંચક, આપણા પેલા નામાકીત નર **બી ફ્રેક્ષની**તો જરા ખબર લઇએ. તેઅન કાકા જે કીનાનો વીચાર લઇ બેઠા હતા તેથી હથ ન ઉઠાવતાં તાગડો સખત રચ્યો,.પણ એક સીવાય બીજાં બધામા તે ફાવી શકયો નહિ તે ચાર્લસ આગળથી બડબડતો ગયો કે "ઉભો રહે ઓ કેરગા, હું તુને મારા અપમાનનો સ્વાદ ચખાડું છ," એમ કહીને પોતાના રૂમમાં ગયો અને વીચારવા લાગ્યો કે હવે શું કરવું? "હા" તે મનમાં પટપટયો "એજ ખ્યાલ ઘણો નેક છે. જો પાર પડ્યો તો કંપની ફના થશે અને એનો બી મોસ તુટસે, પેલી ચીબાવલી કાગડીને બી હું દેખાડુંછ, તેને મારા હાથની માંગણી તુચ્છકારી કાઢીછ, નહિ?" તે દાંત કચકચાવી બોલ્યો, "ઠીક છે, તું બી જોઇ લેજે."

રાત પડી અને પેલા "રોમ્યો જુલ્યેત" આજે ફુલ બિકાર ઓડયનસ સનમુખ થનાર હતો.

ફ્રેક્ષ હાથે કરીને તે દહાડે ગેરહાજર રહયો અને કોઇને પણ પોતાની ગેરહાજરીનું કારણ દેખાડયું નહિં. છુપે રસ્તે તે થીએટરના

ભોંયરામાં દાખલ થઇ ત્યાં પડેલી જુનના સીન સીનરી તથા ડ્રેસીસ અલમારને એક બાજુથી સલગાવી ગુપચુપ બહાર નીકળી ગયો. સારે નસીબે ત્યાં એક મોટી ખુરસી જે આજના ખેલમાં વાપડાવાની હતી તે લેવા એક માણસ આવ્યો અને તેને આગ જોઈ બુમો પાડી. તુરત આગને બુઝાવાના ચાંપના ઉપાયો લેવામા આવ્યા અને જુજ નુકસાન સાથ તે આગ કબુમાં આવી. પોતાની પહેલી હાર જોઇ તે પાછો હઠયો નહિ, પણ એલીસ અને ચાર્લીપર વેર લેવા તેને નક્કી વિચાર કર્યો તે ભ ાતો છુપાતો ઇલેક્ટ્રીક રૂમમાં ગયો અને ત્યાંના માણુસને હોકમ કીધો કે "મી. ચાર્લ્સે કહેવાડયું છે કે, પ્લે પુરો થવા પછી તુરતા તુરત બહારના પેસેજીઝની લાઇટો બુજાવી નાખવી." આટલું કહી તે બહાર પડયો, અને પેલા હંમેશના જવાના પેસેજપર છુપાઇ ઉભો. જેવો પડદો પડયો કે તુરત હોકમ મુજબ તે પેસેજની લાઇટ બંધ પડી અને તે કરતુકીના કારસતાનને ટેકો મળ્યો. આખરે તેને તે તરફ એક નાજુક પગલાં દુરથી આવતાં સાંભળ્યાં હા, તેને તે સેજ વારમાં ડ્રેસપરથી ઓળખ્યા કે તેણી એલીસ હતી. તુરત તે હીચકારાએ ધસી આવી પોતાના પાપી હાથો તે ભલી સદગુણી બાલાના ગળાં આસપાસ સખત ચાંપીને વીટ'ળ્યા અને તેણીને ગુંગલાવી. ભારી હોજાનોજીમાં ગરીબ એલીસ, તેણીએ ઘણું જોર કર્યું પણ કંઇજ વળ્યુ નહિ, અને આખર તેણી ગુંગલાઈ પડી તે બુરો સખસ વધુ કંઇ પણ કરે તે આગમજ કોઇના તે તરફ આવવાના પગલાં વાગ્યાં અને તેને ઝપાટામાં પેલો નેકલેસ તે બાલેસ ગળાં આસપાસથી ખેંચી કાઢી ભરાતો છુપાતો તે ત્યાંથી નહાઠો. તેને ચાર્લીએ આવતાં જોયો

હતો પણ કોઇ કંપનીનુંજ માણુસ હશે એમ ધારી તેની વધુ કનવાર કરી નહિ. ફ્રેન્ક ત્યાંથી નાહઠો અને પોતાના રૂમમાં છુપીથી બરછ બેગ લઇ બારીએથીજ બહાર પડી સ્ટેશનનો રસ્તો ઝપાટામાં લીધો. ત્યાંથી ઉપડેલો તે અમેરીકાના એક જાણીના બારામાં આવી બહારને ઉપડતી એક ઇંગલીસ સ્ટીમરપર રોબર્ટ મેકેના નામે ચઢી બેસી ઇંગલંડ આવ્યો અને ડારબીશાયરમાં મી. જેમસ સ્ટીવનને ત્યાં આજે પ્રાઈવેટ સેક્રેટરી તરીકે રહયો છે જે આપણુ જોઇ આવ્યા છીયે.

(પ્રકરણુ ૮ મુ.)

અંતે એક.

નસીબો જાગે જે કરે તે ખરૂં,
નસીબે ટકેલું બધું છે ખરૂં,
નસીબો ફરે તો જગત કુલ ફરે,
નસીબો જાગે ચાહે તેવું કરે.

ડારબીશાયર પાર્ક થીએટરમાં "બારમોરચતી" નામનો ખેલ લોકોની વાખવાખી અને એપ્લોઝ સાથ ખતમ થયો અને ધીમે ધીમે લોકો બહાર પડતુ હતું. તે જોવા આવનાગઓ આ કંપનીના નામાંકીત એકટર મી. ચાર્લ્સ લો માટે ઘણી વાખવાખી કરતાં હતા, તેવામાં ત્યાંથી તેજ પ્રખ્યાત એકટર અતી ઘણી ઉતાવળમાં પોતાના મોઢાંપર પેંટ અને પગમાં પ્લેનાંજ બુટ સાથ ક્યાં જતો

હતો તે કોઇ સમજી શક્યું નહિ. " મારી રોઝ, હા, આજે લગભગ દોઢ વરસે તે વ્હાલા ચહેરાને મેં જોયો ! ઓ ખુદા, પણ હું ઘેલો તો નથી થયો તેણી તો હવે કદાચ મી. માર્સની ધણીયાણી પણ થઇ હશે, પણ કંઇ નહિ તોબી તેણી મને કદીબી હડકાવી તો નહિજ કાઢસે. વહાલી રોઝ, મારા જીગર મેં એવો તે શું ગુનાહ કીધો કે તેં મને એમ ઓવાર નીવાર કીધો ?" પ્રીય વાંચક, આજના પ્રેમમાં આપણી વાર્તાની નાયક રોઝ પણ આવી હતી તેણીએબી ચાર્લીને પાર્ટમાં જોયા હતો, "ઓ વહાલા, તમો કેવા મારીપર જીવ આપતા હતા. અરે, મુઇ હુ અભાગણી ! મેજ તમુને જવા દીધા" તેણી રસ્તાપર બહુજ ધીમે ચાલતા બગડી તેણી ધરતી હતી કે કદાચ ચાર્લી તેણી પાછળ આવે બી અને તેમજ થયુ. ચાર્લસ પુરતી ઝડપમાં તેણીની લગોભગ આવી લાગ્યો પણ તે વિચારમા એવો લીન હતો કે તે રોઝ આગળથી આગળ ચાલી જતો હતો તેનું પણ તેને ભાન આવ્યું નહિ, પણ રોઝથી આ સખતાઇ જોવાઇ નહિ શકાયાથી કુદરતી તેણીથી એક નીસાસા સાથ બોલાઇ ગયું "ઓ ખોદા !" અને હવેજ ચાર્લીની સુદ્ધ ઉંચકી કે જે રોઝી આગળથી પસાર થઇ જતો હતો.

"હલ્લો રોઝ, તમો હીંયા?" તેને અજાયબીથી નજદીક આવતાં સવાલ કર્યો, " પણ હા, તમો તો હવે હીયા કદાચ તમારા ફાધરને ત્યાં આવ્યા હશો, કેમ છેવ ?" તેને તેણીનો નરમ હાથ પોતાના હાથમાં લઇ સેકહેંડ કરતા કહ્યું. વહાલા વાંચનાર, આ એટલું તો જલદી બન્યું હતું કે ગરીબ રોઝ તેણીના જીગરમાં પ્યાર અને બેવફાઇ સામે સખત જંગ ચાલી રહયું હતુ તે ચાર્લી

જાણી શકયો નહિ, પણ આખર તેણીની પ્યારથી ભરાયલી છાતીએ આંસુમાં રસ્તો લીધો અને તેણી તે જુવાનની છાતીપર માથું નાખી રડી પડી.

"ઓ ચાર્લી!" તેણી દચકાં ખાતી બોલી, "તમને દોઢ વરસ સુધી શું તમારી રોઝને કદી કાગળના ટુકડાએથી યાદ કરવાની ફુરસદ નહિ મળી?"

ચાર્લી આ સાંભળી અતી ઘણો હેરત રહયો.

"શું ઉલ્લના તમો મારી પરજ ઠપકો મુકોછ? મેં તો દર મેલે લગભગ ત્રણ માસ સુધી તમો પર કાગળ લખ્યાં હતાં બાનુ!" તે જરા તાપથી બોલ્યો, "પણ તમેજ તમારાં કઝીન પાસે લખાવ્યું હતું કે તમો તમારા કઝીન મી૦ માર્સ સાથે ટુંક મુદ્દતમાં એક થનાર હતાં, તેથી મારે વધું કઇ તમારી સાથ વહેવાર રાખવો નહિ"

"ઓ મારા ખોદાં!" તેણી ફાટેલે દોળે ચાર્લસ તરફ જોતાં બોલી, "ચાર્લી, મી૦ ચાર્લસ! આય એક ખરેજ કાવતરું છે. મને તમારા ગયા પછી એક પણ કાગળ મળ્યુંજ નથી, અને તેથી તો હું મરવા પડી હતી. મેં કદી પણ તમોને બેવફા થવા જેવું કારણ આપ્યુંજ નથી. શું મી૦ ચાર્લસ, તમો માઉં નહિ માનશો?" ઓ ખોદા તેણીનું હૈયું તે વહાલા ચહેરાને એક પ્યાર ભરી કીસ લેવા કેવું તલપતું હતું. તેણીએ વળી આતુરતાથી પુછ્યું, "મી૦ ચાર્લસ, શું હજુર તમો સીંગલજ છો?"

"હા, મારા બલાના સણગાર, મારા બહાદુર ગોલાબ, આજ પલથી તારો સદાનો વહાલો ચાર્લી પોતાની માનીતી રોઝા સાથ

અદ્દરહ દખલ થયોઝ." એમ કહી પોતાના હાથમાંથી એક બીલ્યાનની વીંટી કાઢી તેણીના નાજુક હાથોમાં સેરવી દીધી. "વહાલી રોઝ, બોલ હવે તું મને ચાહી શકશે?"

"મારા સરતાજ, મારા મુરબ્બી, તમોજ હતા, છો, અને સદા કાયમ રહો!" એમ કહી તે વહાલાને તેણી અતી ઘણા હેત સાથ વળગી પડી. મોડું થયલું હોવાથી તેણીને તે ઘર તરફ પહોંચાડવા ગયો અને વધુ કાલે જરૂરજ ખુલાસો કરવા ખાત્રી આપતો પાછો ફર્યો.

(પ્રકરણ ૯ મું.)

મારા બાવા તો લોર્ડ છે!

વફાદાર નારી—વફાદાર નર,
જીગર પર કરે છે, અજાયેબ અસર,
ખુદાની ખલકતનો કયાં પાર છે,
નરો બેવફા તો વફા નાર છે.

"પણ પ્યારા ચાર્લ્સ," તેણી તેની તરફ દયામણી નજરે, બીજે દીને ઠેરવેલે ટાઇમે તેણીએ ચાર્લ્સને મળતાં, જોઇ કહ્યું, "મારા વહાલા, હવે તો આપણને એક થવાના આનસીબ ઘણાજ થોડા છે."

" કાંય ? " તેને અજાયબીથી પુછ્યું.

" જ્યારથી મારા પીતા લોર્ડ મેક થયા છે, ત્યારના ઘરપર ડોક રાખતા નથી અને જરા જરામાં લોર્ડ, ડયુક અને મારકવીશો-નેજ ગરદન મારેછ."

"લોર્ડ મેક ! તે કાયે દહાડેથી ?" તે એકદમ ભડકી બોલ્યો, "વારુ તેનું આખું નામ શું ?"

" લોર્ડ રોબર્ટ મેક ! ' તેણી જરા ચાર્લીના દેખાવથી અજબ થતાં બોલી, "એમનનુ નામ તો રોબર્ટ મેક હતું પણ ખાલી સોબને ખાતરજ એમને જોન્સ સ્ટીવનસનનું નામ ધારણ કર્યું હતું અને એમન કોઈ લોર્ડ મેકના ભત્રીજા થતા હતા તે પણ મેં હમનાજ જાણ્યું, હું તો કેઇ મારા બાવાના કાકા થતા ને ઓળખતી નથી."

"આ હા હા હા ! ત્યારે બી જેમ્સ સ્ટીવનસન, તે રોબર્ટ મેક–આઇ મીન લોર્ડ રોબર્ટ મેક, હં !" ને તે વળી પાછો હસ્યો.

"જા બા, તુ હશેછ શું ચાર્લી ? હું હયાં બળીજળી જાઉંછ ને તુંને હસવુ આવેછ. અને હવે જો તેવન જાણે કે હું તારી સાથ બેસવુંછ, તો ખરેજ તેવણ કોણ જાણે શુંનું શું કરશે ! કારણકે જ્યારે તેવને પેલા કરતુકીઓ તરફથી ખબર પડી કે હું તમારી સાથ પત્રવહેવાર ચલાવતી હતી ત્યારે તેવણે ઘરમાં એવુ રમખાણ મચાવ્યું હતું કે બસ નહિ ને મને કંઇતરેહવાર ધમકીઓ આપી હતી."

"ત્યારે એમ કે તેવણ હવે લોર્ડ રોબર્ટ મેક એટલે તું તેમની બેટી તે એક નાટકકારની ધણીયાણી થઇજ કેમ શકે ?"

"ઓ ચાર્લી, તમે એમ ના બોલો વહાલા! હું કોઇબી જો-ખમે તમારીજ છું. અરે, આગ લાગે એવી લોર્ડ સીપને, જે દહાડેથી એવણુને તે ટાઇટલ મળ્યો છે, ત્યારથી જાણે બસ નદન ચકાસી ગયાછ. અને કાલે બપોરે બાર વાગેની ટ્રેનમાં લંડન જઈ પોતાના રૂકો તે લોર્ડના સોલીસીટરઓ પાસેથી મેલવનાર છે."

"ઓ હો હો, એટલી બધી ઉતાવળ?" તે મનમાં પટપટયો.

"ઠીક છે વહાલી રોઝ, તું જરા બીહ નહિ. તું ધારેછ તે કરતાં આપણે વધુ કછક સારા પોઝીશનમાં છૈયે. કાલે સહવારે હુ બીજા લોર્ડસીપની હજુરમાં હાજર થઇશ અને આપણું ભવીષ્ય તું જોકે કેવું સુધરેછ! ગુડબાય, સ્વીટી!"

"ગુડબાય લવ! કાલે તમો મને જરૂર મલશોની?"

"અલબત જરૂર અને કાલ પછી હું ખાત્રીથી કહુછ કે આપણે કદી જુદા પડશું નહિ."

ચાર્લીના જવા પછી ભલી રોઝ પોતાના ઘર તરફ પાછી ફરી પણ તેણીને આજે કંઇ અજબ સધીયારો અને રાહત લાગતી હતી.

પ્રકરણ ૧૦મું.

એલીસ અને મી. ડેર.

કળા કોણુ તારી જગતમા કળે ?
અરે, ભેદ તારા કહાંથી મળે ?
પયગમ્બર પીરોનું જ્યાં તેજ છે,
ખુદાની ખલક સર્વે આજેજ છે.

પ્રીય વાચક, એલીસને તો ભુલી ગયા હશો નહિજ. તેણી ઇંગ્લંડ આવી ત્યારથી તે કંપનીની જાણે સુકરનીજ દશા બેઠી હતી તેણીના પાર્ટપર એકેએક જણુ-જુવાન કે ઘરડું મરી ફીટતું હતું અને થીએટરની એકેએક ખુનેખુનાની બેઠકો ચીકાર રહેતી હતી. આખર લોકોની ઠઠ એટલી વધી પડી કે મી. ડેરને થીએટરની વધુ સગવડ ખાતર ડારબીશયર છોડી લંડનની એક થીએટર ડબલ ખરચે રોકવી પડી, અને આપણી ચાર્લી—એલીસની જોડી જો કે અંદરથી ભઈ બહેન તરીકેજ, પણુ સ્ટેજપર એક પેર તરીકે લંડનના લોકને ઘેલુ કરી મેલતી હતી. મી. ડેર, હાલ મીલ્યોનેર મેનેજર થઇ ગયા હતા તેમની ઉમર આશરે પાંત્રીસેકની હશે. તેમની બચપણુથી શરૂ કરેલી નાટકની કારકીદીમા તેવણે એલીસ જેવી નેક ભલી અને સર્વ વાતે એક લેડીને છાજે તેવી એકટ્રેસ જોઇ ન હતી. તેવણુને એલીસની ચાલચલણુ દરેક રીતે પસંદ હતી. પણુ હમના છેલ્લાં છેલ્લાં જાણે પ્રાણુ કાઢી આપતા હતા. પણુ બીજા એકટર એકટ્રેસીઓ વચ્ચે ચકચાર ન ચાલે તે સબબથી તેઓ હંમેશ દુર રહેતા હતા. પણુ હજુર તેઓ કુવારાંજ હતા અને હવે

તેવન જો બને તો પોતાનો ચાનસ અલીસ સાથ અજમાવવા વીચાર રાખતા હતા. એક દીવસ રીહરસલ પછી તેઓએ એલીસના રૂમમાં તેણીપર પોતાનો કાર્ડ મોકલી મળવાની રજા મગાવી.

"મી. ડેર, આજે મને મળવા માગેછ. તેબી મારા પ્રાઇવેટ રૂમમાં?" તેણી કંઇક હરખાતે હૈયે બોલી. "ખરેજ એવન એક કેવા સુદ્ધા ગ્રહસ્થ છે. ઓ ખોદા, કોણ જાણે થોડુંક થયું મને શું થગુછ કે એવનને જોઊંછ કે જાણે મને કઇક સંતોષ અને હરખ ઉપજેછ. હું જરૂર એવનને મળસ." એટલું કહી તેણીએ એક નરમાસ ભરી ચીઠી લખી પોતાના બોયને આપી મોકલ્યો અને પોતે કંઇક અજબ જેવી લાગણી સાથ કપડા બદલવા ગઇ.

"ગુડ મોરનીંગ મીસ એલીસ! હાઉ આર યુ? હું આશા રાખુછ કે તમુને કંઇકિ મારા આવ્યાથી હું અડચણમા મુકતો હોઇસ નહિ." "કહિ, નહિ, મી. ડેર! હું તમુને જોઇ ઘણી ખુસી છું, જરા કંઇ પીવાનુ લેશો? આપણે સાથે ચાહ પીસુ તો તમેને કઇ વાંધો છે?"

"નહિ કંઇજ નહિ, મીસ એલીસ! હું ખુસીથી તમારી ઓફર સ્વીકારૂં છું, મીસ એલીસ!" આખરે તે ઉઠી તેણીની ખુરસી આગળ ગયો. "આપણી કંપની જે હાલ સ્થીતીપર છે, તેને એવી ઉત્તમ ટોચે પોંહચાડનાર તમેજ છો એમ જો હું કહીશ તો તેમા કંઇબી સહરાગાત કહેવાસે નહિજ અને હું આશા રાખુછ કે હાલ આપણી સ્થીતી જેવી છે તેવી જાળવી રાખવામાં તમે મને મદદ કરશો." "મી૦ ડેર, એ તમો તમારી લાયકી બોલોછ, હું કદીબી એવુ ધારતી ન હતી," તેણી શરમાતા બોલી, "પણ જો તેમજ છે તો હું મારા શેઠને કદી નીમકહરામ નીવડીસ નહિજ."

" ડીયર માસ એલીસ, હવેથી તમો મને શેઠ યા મેનેજર કરી બોલાવસો નહિ એવી આશા રાખુછ. આપણે વધુ ઘાડા સમાગમમા આવ્યે તો કેવું સારૂ ? " તેને તેણીનો હાથ પ્યારથી પોતાના હાથમા ચાંપી કહ્યું.

" મી૦ ડેર, " તેણી સરમથી લાલ થતાં બોલી, " હું પણ તેવું ઇચ્છુછ " અને તેણી આગળ વધુ કાંઇબી બોલી શકી નહિ. તેણીની છાતી હરખ અને સરમથી ઉભરાઇ જતી હતી. શુ મી૦ ડેર પણ તેણી જે ઇચ્છતી હતી તેજ હાલ કહેનાર હતા ? અને આખરે તેમજ થયું. મી૦ ડેર હીમતથી મકકમ પગલે તેણીની આગળ વધ્યા અને તેણીનો ધ્રુજતો હાથ પોતાના હાથમાં લઇ ગુઠણુ મડયે પડયો. " એલીસ ડીયર, જો તુ વહાલી એમજ ઇચ્છેછ તો હું આશા રાખુછ કે તુ મારો હાથ અને સાચો પ્યાર કદી ના પાડશે નહિજ. વ્હાલી એલીસ, હયાં જો શરમાના મને " હા " કહી સુખીયો કર યા " ના " કહી સદાનો નાસીપાસ કર " અને એટલું કહેતાં સહેજ બીકથી તેને તે નરમ સુવાળા હાથપર એક મીઠું ચુંબન લીધું.

ગરીબ એલીસ, તેણીની છાતી તો હરખ ને મારે ફાટ ફાટ થતી અને ખુશમાં અને હરખથી જાણે તેણી એકદમ નીસોસ થઇ હતી. આખરે તેણીએ જબાં ખોલી.

" વહાલા ડેર, ઉઠો આજથી-આ ઘડીથી એલીસ તમારીજ છે. ઓ ખોદા, તારો કેવો આભાર ! "

અને હયા ડેરે ઉઠી પોતાની ભવીષ્યની મહોરદાર ને અતી ઘણા હેત સાથ પોતાના પાસામાં ખેંચી. પ્રીય વાંચક, આ જોડાંને હવે પોતાના સુખમાંજ છોડી આપણે આપણા ચાર્લીની ખબર લઇએ.

પ્રકરણ ૧૧ મું (છેલ્લું.)

સસરા જમાઇનો ખુલાશો.

કરી કરતુકો જોયો નતીજો હવે,
મળ્યો માર્ગ નવ કોઇ બીજો હવે,
અરે પાપ કેરો કહાં પાર છે?
સદા પાપીઓનો સીહાંગાર છે.

"હમના મારા લોર્ડ તમુને મળી શકશે નહિ, કારણ કે એઓ ઘણી ઊતાવલમાં છે અને હમના લંડન જનાર છે, માટે હું નહિ ધારતો કે તેઓ તમુને મળે."

"હા, તે હું જાણુછ." ચાર્લ્સે દૃઢ અવાજે કહ્યું. "મારૂં કામ ઘણુ અગતનું છે."

"ત્યારે ઠીક છે સાહેબ! હું તમારો કાર્ડ મારા લોર્ડને આપી જોવસ."

તે બોયે પાછો ફરતા ચાર્લસને જણાવ્યું કે "તેવણ તમુને મલી શકસે પણ તેવણે કહયું છે કે પાંચ મીનીટથી વધુ ખોતી તેવણ થઇ શકસે નહિ."

લોર્ડ રોબર્ટ પોતાના હાથમાં ચાર્લસનો કાર્ડ લઇ સખડીને પીઠ કરી ઉભા હતા, તેવામાં તે કાર્ડનો ધણી ત્યાં દાખલ થયો અને લોર્ડ સાહેબે જરા અકરીકટમાં બાઉ કર્યું.

"મી. લો?" તેવણ બોલ્યા.

"હા સાહેબ, અરે માફ કરજો મારા લોર્ડ........"

લોર્ડ મેક જરા મગન થયલા દીસ્યા. તેવણે પાછી જબા ઊપાડી.

"હા, હું લોર્ડ મેક થયો છું. હું ભુલતો નહિ હોઊં તો હું તમુને ઓલખુંછ મી. ચાર્લ્સ, તમો એક એકટર છેવ નહિ?"

"હા સાહેબ—મારા લોર્ડ!"

"અને ત્યારે તમારી મુલાકાતનું કારણ દેખાડશો સાહેબ?" તેણે જરા તાપમાં સવાલ કર્યાં. "વારૂં, તમુને મારી દીકરી સાથે કંઇક ઓલખાન હતી નહિ વારૂં?"

"હા, મારા લોર્ડ, અને તેજ કારણ સર હું તમો લોર્ડસીપ હજુર આવ્યો છું."

"શું ઊં?" તેવણે તરારો મુકયો, "તમો શું બોલ્યા?" તેને એક ઊંડો દમ ખેંચતા પાછો સવાલ કર્યો.

"જી, હા, એજ કે તમારી દીકરી રોઝ મને જાનો જીગરથી ચાહયછ, અને હું તેણીને મારા ખરા જીગરથી ચાહુંછ હમો પહેલાં એના માસીને ત્યાં મળ્યાં હતાં કે જયાં હું એક મ્યુઝીક ટીચર હતો. જે પછી હમો વારંવાર તક મલવે મલતાં હતા અને આજ સુધી હમો એક એક તરફ સાચ્ચા ને વફાદાર છૈએ."

"અત્તર ઘડી મારૂ મકાન છોડી જાઓ" તેને બરાડ પાડી. "અત્તર ઘડી નીચે ઊતરો, નહિં તો હું તમોને અપમાન કરી બહાર કાઢીસ અને હવે પછી જો તમે જરાબી મારી દીકરી સાથે સંબંધ રાખ્યોછ તો હુંબી જોઇ લેવશ." અને એમ કહી તે બહાર જતો હતો તેટલાં ચાર્લ્સ બોલ્યો.

"અં હ ! ત્યારે તમો જોઇ લેશોની મારા લોર્ડ ? હું તમોને મારી સાથ કેમ વર્તવુ તે બરાબર શીખવીસ અને મારેબી તમો સાથે કેમ વર્તવું તે બરાબર જાણુંછ." તે કઇક કરદાપ્રથી બોલ્યો.

"મારી સાથે કેમ વર્તવુ ? અત્તર ઘડી મારૂં ઘર છોડી જાઓ સાહેબ, નહિ તો ધકા મરાવી બહાર કાઢીસ. તમો શુ જોઇ એમ બોલ્યા ?"

"સાહેબ, મારૂં નામ જો કોઇ સખસ ચોરી લે તો તેને મારે શું શીક્ષા કરવી કે જેમ તમો હાલ કરી બેઠા છો?"

"અ ! શું ! શું ચોર્યુ? તમે શું કહ્યું?" તેને ધ્રુજતે સાહદે પુછ્યુ

"આયજ સાહેબ, મારૂં નામ રોબર્ટ મેકે છે અને મને મોટા નામનો અભાવ હોવાથી મેં મારૂં નામ 'ચાર્લસ લો રાખ્યુ હતુ અને મારા મરહુમ કાકાજી અને તેમના પુત્રના મરણથી તે ટાઇટલ "લોર્ડ રોબર્ટ મેકે" મને મળ્યો છે પણ તે ભરમ ભારી ને ખીસા ખાલી હોવાથી મેં તે ટાઇટલની કદી દરકાર રાખી નહિ, છતાં સાહેબ તે ટાઇટલ મારી અજાયેબી વચ્ચે તમે..." મી. જેમ્સે પોતાની આંગળીની ઇસારતથી તેને થોભાવ્યો. "પણ ત્યારે મારો સેક્રેટરી રોબર્ટ મેકે એક ધુટારો હશે ? અથવા તમે પોતે છો?" તેને ધ્રુજતાં કહ્યું "હા, હું ધારતોજ હતો કે એ મને મેડનેસ લાગું પડયુંછ. ઓ ખોદા, આય કેવી નાસીપાસ" "હા હું દેખાડી આપવા ખુશી છું અને તેમ હું જરૂરજ કરશ કે હું એક ધુટારો નથીજ પણ તમો આય કેમ થવા પામ્યુ તે સમજાવી સકશો મી સ્ટીવનસન ?"

"હા, જરૂર પણ ગહેરબાની કરી પેલા સાઇડ બોર્ડ પરથી જરા મને પીવાનુ પાણી આપશો?" તેને પાસે પડેલા એક સોફા પર બેસી જતાં કહ્યુ, "હા, હુ એક ભુલ ભર્યું પગલું ભરી ચુકોછ મી. ચાર્લસ!" તેને અત્તી નીરાસીથી કહ્યું. "પણ બેસો" હવેજ તેવણે સભ્યતા વાપરી

"હા, હુ સમજયો મી. જેમ્સ, તે કોણ હતો તે હું તમારી વાત પરથી બરાબર સમજી ચુકોછ તે માણસ નામે મી. ફ્રેંક્ષ એક જબરો ધુતારો છે હમારી કંપનીમાં તે એક એકટર હતો. એ ત્યાથી ઘણુક નુકશાન કરી એક હીરાનો નેકલેશ ચોરી લ્યા આય તરફ નાહસી આવ્યો હશે પોલીસે તેની પુંઠ પકડી હતી પણ તે નહિ પકડાવાથી અમે તેની પુઠ પકડવા પાછળ ખુવાર થવુ દુરસ્ત ધાર્યું નહિ અને આખરે તેને લ્યા તમુનેભી ઠગ્યા છે. તે મારે માટેની બીના જાણતો હોવાથી અને પકડાઇ જવાની બીહીકે મારૂં નામ ધારણ કરી લ્યાં આવ્યો હશે? હવે સમજયા મારા લોર્ડ?" તેને જરા ચેરના કરતી ધ્યે કહયુ.

"પણ તે નેકલેસ કેવો હતો વારૂં?" મી જેમ્સે અકડવકડ કરતા પુછ્યું "તેની તમુને કાઇક ખબર હશેની?"

"હું તમુને તે તો કેમ સમજાવી? પણ તે પર આંઠ બીલ્યાન અને પાંચ માણેક હતા અને વચ્ચમાં એક લોકેટ હતી. આસરે તે નેકલેસ હજારેક રૂપીયાની કીમતનો હશે"

"ઓ, હેવન્સ!" મી જેમ્સ ફીકકા પડના બોલ્યા, "અરે તે તો પેલા લુચ્ચાએ બે હજારે મને વેચ્યો છે, એવુ જણાવી ને કે તે અમારા મોટે ખાનદાનની એક અસલ ઇધાણી અને વારસો છે."

"હલ્લો ! યોર લોર્ડસીપ ત્યારે તમો તો બે ચારજીઝમાં આવ્યા છો. એકતો ખોટું નામ ધારણ કરવામાં અને બીજો ચોરેલો માલ રાખવાનો ચાર્જ તમુને લાગુ પડેછ "

"અરે ખોદાખાતર જરા આસ્તે બોલો મી. ચાર્લ્સ ! હું એ માટે ઘણો દલગીર છું." મી. જેમ્સે કાલાવાલા કરતી ધપે કહ્યું.

"ત્યારે સાહેબ, હવે મારા સવાલનો કંઇ જવાબ ? હું જે કામ માટે આવ્યો છું તેનુ કેમ, યોર લોર્ડસીપ ?"

"અરે, આગ લગાડો એ લોર્ડસીપને મી. ચાર્લ્સ, ઉરફે લોર્ડ રોબર્ટ મેકે, હું તમુને મોટી ખુસી સાથ મારા જમઇ તરીકે કબુલું છુ." એમ કહી તેને સેકહેંડ માટે હાથ લંબાવ્યો.

આ વાત કરતા ચાર્લીની નજર એક ડેલી ન્યુસપર પડી કે જેમા ઓસ્ટ્રેલ્યા જતી સ્ટીમરપર એક પેસનજરના મરણની ખબર હતી "ફ્રોક્ષ નામના આસરે પીસતાલી વરસના સખસને પોલીસે સક ઉપરથી પકડયાથી તેને આપધાત કર્યો હતો, પાસેથા અટો એક હજાર પાઉંડની રોકડ પુજી મળી છે."

"અફસોસ મી. જેમ્સ, આખર તમુરે ઠગનાર તે કીરતારની હજુર ગયો છે, જુઓ આ વાચો."

"ખોદા એને માફ કરે !" તેને કંઇક દલગીર થતા કહયું અને પછી બેલ મારી રોઝને બોલાવા હુકમ કર્યો.

"કંઇ મને કહયું પપા ડીયર ?" તેણીએ તુરત દોડી આવતાં સવાલ કર્યો, અને મી. ચાર્લ્સ ને જોઇ કંઇક ચોંકી

"હા દીકરા, જોની આજથી તમો મી. ચાર્લી હો ઉરફે લોર્ડ રોબર્ટ મેકેના ધણીયાણી લેડી મેકે છો સમજયા ? સુખી રહો મારા

વહાલાં બચ્ચાંઓ !" એટલું કહેતા તેને રોઝ અને ચાર્લીના હાથ એક કરી આપ્યા.

પ્રીય વાંચક, હવે કહેવાનું થોડુંજ રહયું છે. ચાર્લી અને રોઝ પોતાની માનીતી ઉમેદે પુગ્યા, અને મી. ડેર અને એલીસ પણ પરણી સુખી થયાં છે. તેઓના લગનને દહાડે ચાર્લીએ પેલો ચોરાયલો નેકલેસ તેણીને ઘટતા ખુલાસા સાથે પ્રેઝંટ કર્યો. હવે ચાર્લીએ નામ બદલ્યું છે એકટીગમાં તેની જગ્યા મી. ડેર રાખે છે અને આજે મી ડેર અને ચાર્લી, "ધી, ફ્રેકો બ્રીટીસ ડેમેટીક કંપની"ના જોડયા માલેકો થયા છે.


વહાલાં વાંચનાર, જેમ સર્વની ઉમેદો હર્યાં બર આવી છે તેમ તારી પણ આવે એટલુ ઇચ્છી રૂખસદ ચાહું છુ.

સમાપ્ત.


જયારે ફકત લંડન શહેરમાંજ બેથી
ત્રણ ડઝન અઠવાડિક ચોપા-
નીયા નીકળે છે ત્યારે

અઠવાડિક મજાહ

આખા હિંદ
માં એકલું
જ



વાંચ્યા અગાઉ



વાંચ્યા પછી

અઠવાડિક ગુજરાતી ચોપાનીયું છે.

નખરાંબાજ નશીબ

યાને

પાપીને મોંઢે અંતે ધુલ.

(એક અરબીયન કથા.)

અઠવાડીક મજાહ, વાર્તા-માલા—ત્રગડી

માટે ખાસ લખનાર:-" દીલશેર. "

તે- મીઠ કરીમાન જે. ઉદવાડીયા.

(પ્રકરણ પહેલું.)

ખુદા મારી બહાદુર પ્રજાને ફતેહ આપ !

"ધીરજ ધરો, મ્હારા નામદારો ! ધીરજ ધરો." તુરકસ્થાન દેશનો શાહજાદો બોલ્યો, "ખુદા છે, આપણને તે કરીમો રહીમ સાહેબ ફત્તેહજ આપશે."

કરીમખાંન પોતાનાં લશ્કરનાં સીપાઇઓને આ મુજબ હીંમત આપતો હતો.

વાંચક, તુંને કરીમખાંન કોણ છે અને શા માટે લશ્કરના માણસોને ઉપલા સુખનો કહ્યાં તે જણાવું છું.

કહેમાંન દેશનો શહેનશાહ **ઈબ્રાહીમ** અને તુરકસ્થાન દેશનો શહેનશાહ **અફ્‌જલ** બન્ને ભાઇઓ થતા હતા.

અફ્‌જલ ઘણોજ નેક શહેનશાહ હતો તેનાં દેશનાં લોકો હમેશાં સુખથી દીવસ ગુજરતાં હતાં.

તે શહેનશાહે પોતાનાં શહેરનાં લોકોની આબાદીને ખાતર શહેરમાં પુષ્કળ શુધારા કીધા હતા. નવી નવી ઇમારતો સાથે વળી એક એક **બગીચાતો** એવા સુંદર બનાવ્યા હતા કે બે ઘડી બેસવાથી માણુસ જાણે ઇંદ્રનાં સવર્ગમા બેઠો હોય, એમ લાગતું હતું.

જ્યારે તેનો ભાઇ **ઈબ્રાહીમ** કોઇ કોઇ વખત તેને મલવા આવતો, અને આ શહેરની ઉમદા રચના જોતો ત્યારે તેને ખુદ પોતાનાં ભાઇ સાથે લડાઇ કરી, શહેર પોતાને કબજે કરી પોતે તુરકસ્થાનનો શહેનશાહ થવાને ચહાતો હતો.

તેને પોતાનાં ભાઇ સાથે જુઠું છીદ્રુ સોદયું. અને તે થોડાજ વખતમાં એક ગંજાવર ફોજ સહીત તુરકસ્થાન ઉપર ચઢી આવ્યો.

અફ્‌જલનો બેટો **કરીમખાન** જે લશકરનો વડો હતો, તે પોતાનાં કાકાનાં લશકર સામે ટક્કર ઝીલવાં તેની ફોજ લઇ મેદાને પડયો હતો.

બન્ને લશ્કરમાં સામાં સામી નગારાંના અવાજો અને બન્ને ફોજ એક એક ઉપર તીરનો વરસાદ વરસાવવા લાગી.

તીરની લડાઇમાં કરીમખાંનની ફોજ ઘણી બહાદુરીભરી લડાઇ કરતી હતી અને કરીમખાંન પોતે જે તીર દુશમનો ઉપર ચલાવતો હતો તે તીર સેંકડોના સીંના વીંધી બહાર નીકળી જતો.

પણ વાંચક, જેનું નસીબજ ઉલટું, ત્યાં પછી ગમે તેવી બહાદુર ફોજ શું કરી શકે ?

એકા એક ત્યાં એવો પવન ફુકાવા લાગ્યો કે એક મોટો વંટોળીઓ આસપાસ ફરી વળ્યો અને કરીમખાંનનું લશ્કર ધુળથી ઢંકાઇ જઇ આજેજ થઇ ગયું.

આ તકનો લાભ લઈ, ઇબ્રાહીમ પોતાની ફોજ લઇ, લશ્કરપર જઇ પડયો અને બેરહમ એવીતો કાપાકાપી ચલાવા લાગ્યો કે હજારો બિચારા બહાદુર નવ જવાન તુરકીનાં સર ધડ વીનાનાં થઇ જમીનપર પડતાં હતાં.

જ્યારે કરીમખાંને તેનાં લશ્કરને ખરાબ હાલતમાં દીઠું ત્યારે તે નવજવાંન શહાજાદો દીલગીર થઇ ગયો. તેને પોતાની સમશેર મીયાનમાંથી કાઢી અને પોતે બહાદુરીથી લડવા લાગ્યો.

એવામાં કરીમખાંનની નજર કહેમાનના લશ્કરનાં વડા તરફ ગઇ

"અય બુરી બુન્યાદનાં ચોર, આય કામ તહારેથી થયું છે. તહારી સીખવનીથી ઇબ્રાહીમ પોતે ફોજ લઈ ચઢી આવ્યો છે, માટે હું તુંને માર્યા વગર છોડનાર નથી." એટલુંજ કહેતાંની સાથે કરીમખાને પોતાનાં તીરનાં ભારામાંથી એક તીર ખેંચ્યું અને ચીલો ચઢાવી તે પાક કેરમાંની ઉપર માર્યો. તે તીર જેવી છુટી કે કેરમાંની સરદારે આડી ઢાલ પકડી, પણ તે ફુંફારા મારતા તીરે ઢાલને એક બાજુ બેસાડી, જેમ કપડામાંથી સોય ઝટ પસાર થાય તેમ તે તીર ઢાલ વીંધી, કેરમાંનીની બાજુ વીધી ચાલતો થયો, અને તરતજ તે સરદાર ઘોડા ઉપરથી જમીનપર પડયો.

કરીમખાંને જ્યારે સરદારને પડેલો દીઠો ત્યારે તેને શમશેર કહાડી, ઘોડાને તેની તરફ ઝોંકાવ્યો, પણ એટલામાં તેની ફોજને નહાસ્તી જોઇ તે ગભરાયો.

"બહાદુરો, ધીરજ ધરો ! ખુદા આપણને ફતેહ આપશે !" કરીમખાંને કહ્યું પણ તેનું કહેવું કોઇએ સાંભળ્યું નહી અને તેઓ નહાસવા શીવાય જવાબ પણ નહી વાળ્યો.

કરીમખાને જ્યારે દીઠું કે લશકર નાંહીમત થઇ નહાંસે છે, ત્યારે તે બહાદુર સરદાર તદ્દન નાંસીપાસ થયો.

તેને પોતાનો ઘોડો લશ્કર તરફ ખડેરી મુકયો, અને પોતે પણ ત્યાંથી શહેરમાં ગયો.

(પ્રકરણ બીજું.)

તુરકસ્થાન પર ઘહેરો.

સૌજન સૌજન થાવો હુશીયાર,
હા, સરદાર છે બહાદુર હુશીયાર,
ઉઠાવો તીરો ને ખંજર,
કાપો દુશ્મનોનાં સર.
મારી, કાપી, કહાડી, ધાન,
થવા ન દેશો નામ બદનામઃ–સૌ.

"દીલશેર."

શીહાં મોંઢાના દેવને મારી પરીનો પહાદશાહ પોતાના સોનેરી તખત ઉપર બીરાજવાથી ત્યારે સહવારનું ઝળઝળું થયું હતું.

કેરમાનનો પાદશાહ પોતાની તમામ ફોજ લઇ તુરકસ્થાન તરફ વધ્યો, અને તે બરાબર શહેરનાં કોટ નજદીક જઇ પુગ્યો ત્યાં સુધી તેની સામે કોઇપણ લશ્કર થયું નહીં.

તે પોતાના મનથી એવું સમજ્યો હતો કે શહેરનાં તમામ લોકો નહાશી ગયા હશે ! પણ તેની ધારણા તદ્દન ખોટી હતી. જેવાં તેઓ એક પહાડની આગળથી પસાર થયા કે તરતજ બહાદુર તુર્કનું બનેલું બળવાન લશ્કર તેઓ ઉપર તુટી પડયું, અને એવી તો શમશેર ચલાવી કે કેરમાનીઓને મેદાનમાં ઉભું રહેવું ભારે થઇ પડયું. એવામાં દુરથી એક મોટું લશ્કર આવતું જણાયું અને તે લશ્કરનાં સરદારને ઉંમગ આવી. તે લશ્કર જ્યારે નજદીક આવ્યું ત્યારે તે લશ્કર કેરમાન શાહનું છે એવું બહદુર તુરકોએ જાણ્યું.

જ્યારે બહાદુર તુરકોએ લશ્કરને દીઠું ત્યારે પોતાની જીંદગીની દોરી કાપી, જીવ ઉપર આવી લડવા લાગ્યા. તેઓ પોતાના દેશ તરફની વફાદારીમાં મુરદુ થઇ પડતા હતા

"ઓ, ખુદા ! મારા દેશનાં બચાવ કરતાં મારા બહાદુર તુરકો મરેછ તેને તું જીનતમાં મોકલજે !" કરીમખાંને દુવા ચાહી.

ઉપલી દુવા છતાં તેની આંખ્યો આંશુંઓથી ભરાઇ આવી. "બશ, કરીમખાન બસ, હવે તારા માદર-પેદર અને બેહેનોનો સીતારો બદલાયો. હવે, કોણ જાણે હમારૂં શું થશે !" આટલું બબડી કરીમખાને ઘોડો શહેર તરફ દપટાવ્યો.

એટલામાં પેલું તાજું લશકર આવી, તુરકી ઉપર તુટી પડયું અને તે લશકરનાં જબરા મારાથી બીચારા બહાદુર તુર્કો પોતાના શરીરને ધડ વીનાના કરી જમીનપર પડવા લાગ્યા.

જ્યારે તમામ તર્ક લશકર આજેજ આવ્યુ ત્યારે તેઓએ તાબે થવા સીવાય કાંઈ છુટકો જોયો નહિ.

તેઓએ તરતજ પોતાની શમશેર નમાવી કે કેરમાંનીઓએ તેઓનાં હાથો જન્જીરથી જકડી લીધા.

ઉપર વાંચ્યુ કે કરીમખાંન ઘોડો દપતાવતો શહેર તરફ નીકળી ગયો. તે તુરત મહેલમાં દાખલ થયો, કે જ્યા તેનો **બાપ શાહ અફ્જલ**, શહેનશાહ બાનુ અને સઘળા ગમગીન ચહેરે બેઠાં હતાં.

" મહારા નામદાર પેદર, આપની આખેરીનો દહાડો નજદીક આવ્યો છે. નહાસો, હવે નહાસવા સીવાય આપણો બીજો કાંઈ છુટકો નથી. " કરીમખાંન પોતાની આંખમાં આશું સહીત બોલ્યો.

" કરીમખાંન, બેટા તું કેઠે નહાંસીજા. મારેથી ક્યાં નહસાઇ ને નહસાસે ! હું તો હવે અહીંજ અલ્લાને આધારે છું. ભલે બેટાં હું ફાંસીએ જવસ, પણ તું તારો જીવ બચાવ. " શહેનશાહ અફ્જલ દુઃખી જીગરે બોલ્યો.

" નામદાર પેદર, હું જાવું છ. ખોદા ચહાશે તો આયજ શહેર હું પાછું મેળવીશ, મારી કોશેશ ચાલુજ રાખીશ. એ પાપીને જીવથી મારી હું આપનું શહેર લેવશ. " કરીમખાંન ઘણુાજ ઝનુનમાં આવીને બોલ્યો. આ વેળા તેની બહાદુર ચશમો ગુસ્સાથી ફાટ ફાટ થતી હતી.

"જા, બેટા, તું જ્યાં જાય ત્યાં તારી અલ્લા નગેહબાંન કરશે!" તે બુઢ્ઢા બાપે પોતાનાં આફતાબ સમાંન ઝળકતા ખુબસુરત બેટાને કહ્યું અને દુ:ખી જીગરે સૌને ભેટી કરીમખાંન આંખ્યોમાં આંશું સહીત પોતાનાં હથીયાર લઇ અરબી ઘોડા ઉપર સ્વાર થયો અને પોતાનું એક વખતનું વ્હાલું વતન છોડી ગયો.

"છેલ્લી સલામ, મારા બહાદુર તુંને છેલ્લી સલામ! પરવરદીગાર તને ફ-તેહ બક્ષે! અને તારા બપાવાની ગાડી ઉપર તહનેજ બેસાડે!" જતી વખતે કરીમખાનને તેની માદરે આશીરવાદ દીધાં અને તેને ઘોડાને એદ મારી ત્યાથી ખડેરી. મું કયો.

જ્યારે તે શહેરનાં પાછલા દરવાજા આગળ જઇ પડયો, ત્યારે ચોકીદાર પણ રડવા લાગ્યો અને તેને છેલ્લી સલામ કીધી.

કરીમખાંન દરવાજાની બહાર પડયો અને આગળને આગળ રસ્તો કાપવા માંડયો.

કરામખાંન જ્યારે ત્યાંથી ત્રણ ચાર માઇલ દુર જઇ પુગ્યો, કે પેલુ કેરમાંની લસ્કર શહેરમાં દાખલ થયું, અને તેને શહેરમાં પોતાંનો શાહી **વાવટો** ઉડતો કીધો.

નાંપાક ઇબ્રાહીમે **રાજમહેલ** તરફનો રસ્તો લીધો. તેને તે મહેલમાં જતાંજ તેના ભાઇને એક કકડાવીને મંક્કી છાતીમાં મારી.

ગરીબ બીચારો બુઢ્ઢો અફજલ! તે લોખંડ સમાનની ભારી મુંક્કીની વેદના નહી ખમાવાથી જમીન પર પટકાઇ પડયો, કે તરતજ ઇબ્રાહીમે તેના હાથમાં જંજીરો નાંખી અને પોતાના માણસો પાસે ઉચકાવી, ત્યાંથી પોતાંના લશ્કરમાં લઇ ગયો.

(પ્રકરણુ ત્રીજું.)

જાઈના બેગમ.

(ગાયન)

તે વણુ ભલા ભુલે એ એ એ રે,
ભાવીનો ભરમ કોથી નવ ખુલે,
ભાવીનો ભરમ કોથી નવ ખુલે,
મુરખ મન ભલે ભુલાવ્યું ભુલે—તે

(સુકન્યા—સાવીત્રી.)

"બેગમ સાહેબ, તમે આટલાં દીલગીર શા માટે થયા છો?" જાઈનાની દાસી આઇના બોલી, "શું તમને અને તમારા પેદરને કાંઇ પંચાતી થઇ છે ?"

"નહિ આઇનાં, મને ને મારા બાપને કંઇ પંચાતી થઇ નથી."

"ત્યારે તમે દીલગીર થઇ કાંય ફરો છો ?" આઇના આતુરતાથી બોલી.

"આઇનાં, એ વાત પુછવાંની તને જરૂર નથી." જાઇનાં કંઇક તોરથી બોલી.

"ત્યારે તમે હમારો ભરમ પુછોછ, તે તમારો ભેદ હમને જણાવવો નહિ ?"

"બસ, બસ આઇનાં, તું મને છેડના, તું તારે હમણુા અહીંથી ચાલી જા." જાઇનાએ મીજાજ ખોઇ જવાબ દીધો. આઇના ત્યાંથી ચાલી ગઇ.

આઇનાના ગયા બાદ જાઇના પોતે ખુદાની બંદગીમાં મશગુલ થઇ.

"ઓ ખુદા, તમે મને મહાતાબ કરતાં વધુ ખુબસુરત બનાવી છે, તોપણ હજી સુધી મારે લાયકનો સાથી મને કોઇ મળ્યો નથી. મારી ઉંમર જો કે વીશ વરશની થવા આવી છે, એટલામાં આમેગામનાં શહાજાદાનું મારીપર માંગું આવ્યું પણ કોઇ મારે લાયકનો દીસ્તો નથી, માટે મારા જેવી ગરીબ અબળાપર દયા કરો. કોઇ મારે લાયકનો જવાન મને મળે તો અલ્લા હું તમારી મહોટી આભારી થાવું." ઉપલી બંદગી કરનાર જાંબુલ શહેરની શાહજાદી જાઈના હતી.

તેણીએ ઉપલી બંદગી કરી અને પોતે પોતાના ઓરડામાં કાંઈક વાંચવાને બેઠી, એટલામાં તેનો બાપ શહેનશાહ મહેરાબ દાખલ થયો.

"બેટી, હું આજે શીકારે જાવું છું." તે શહેનશાહ બોલ્યો. શહેનશાહને પોતાની એક પુરી બેટી વગર બીલકુલ ચાલતું નહીં હતું. તે કેઠેબી જતો તો જાઇનાને મળીને બહાર નીકળતો હતો.

"જાવ, નામદાર, ફતેહ કરો!" જાઇનાએ તેના બાપને કહ્યું અને તે ત્યાંથી ઉતરી ઘોડાપર બેસી શીકાર રમવાને નીકળી ચાલ્યો. તે હજી અરધે જંગલે ગયો એટલામાં તેને દૂરથી એક હરણને દીઠું. તેને ઘોડો હરણ તરફ દોડાવ્યો, પણ તે કમબખત હરણ તેના નાજુક પગથી એટલું તે દોડવા લાગ્યું કે ઘોડો તેની બરાબરી કરી શકતો નહીં. જ્યારે તે હરણ ઘણું દુર નીકળી ગયું ત્યારે તે પાદશાહ નીરાસ થઈ ગયો. તે ઘણો થાકી ગયેલો હોવાથી

એક ઝાડ નીચે સુઇ ગયો. થોડાજ વખતમાં તે ઉંઘાઈ ગયો, એટલામાં ચાર આરબો નાંગી સમશેર સાથ આવ્યાં.

"કોઇ પૈસાવાલો લાગે છે જો! એના આગમાનાં કપડાંજ વેચીશું તો પૈસાવાળા થઇ જઇશું." એક બોલ્યો.

"આહાહાહા, એની શમશેર રાખવાની મીયાન કેવી હીરા જદીત છે! જો આ મ્યાનનાં હીરાજ હું વેચી નાંખશ તો લખપતી થઇશ." બીજો બોલ્યો.

"અરે ભાઇ, મીયાન કરતાં એનો કમરબંધ તો જુવો કેવો સરસ છે! જો આયજ હું વેચીશ તો જનમ સુધી બચ્ચાં છોકરાંઓ ખાસે." ત્રીજાએ કહ્યુ અને ચોથો બોલેછ, એટલામાં એક દુરથી ઘોડેસ્વારની નજર તેઓ ઉપર પડી. તેને તે તરફ ઘોડો દપટાવ્યો.

"અરે, ભાય એનાં જુતા છે તે હું વેચશ તો સાત ઘેર ખરીદવાને શકતીવાન થવસ." ચોથાએ કહ્યુ અને સઘળાં સમશેર કાઢી મારવા જાય છે, એટલામાં પેલો ઘોડેસ્વાર પુર જોશમાં તેઓ આગળ ધસી આવ્યો.

તે તરતજ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો અને મીયાનમાંથી સમશેર ખેંચી તે ચારો બદમાસો સાથે અજબ બહાદુરીથી લડવા લાગ્યો. પોતાની સમશેરનાં જખમથી તેને બેને જમીનપર નાખ્યા. તેઓના પડવાનો અવાજ થવાથી અને તેઓની મોતની ચીસથી મહેરાબ જાગૃત થયો, અને અજાયબીથી આમતેમ જોવા લાગ્યો. તે સઘળું ચેતી ગયો અને પાસે ઉભેલા જવાનની બહાદુરી ઉપર આફ્રીન કરી.

પેલા જવાને પેલાં બીજા બે જણને પકડી જખમી કીધાં અને તેઓ જીવ લઇ ત્યાંથી નહાસી ગયા.

" ઓ ભાઇ, તું કોણ છે ? સારૂં થયું કે તું આવી પ-હોંચ્યો, નહી તો હું જીવથી માર્યો જતે. " મહેરાબ ઉપકારની આંખો સહીત બોલ્યો.

" નામદાર, મારૂં નામ કરીમખાંન કહે છે, અને હું તુરક સ્થાનનો રહેવાશી છું. " કરીમખાંન બોલ્યો

" તમે હમના કયાં જાવ છો ? " મહેરાબે પુછયું.

" નામદાર, મહારા બાપની સાથ મને મારામારી થવાથી હું દેશ છોડી ચાલ્યો આવ્યો છું. હવે કયાં જવશ તે હુ પોતે કહી શકતો નથી. " કરીમખાન મહેરાબેને ચઢાવતાં બોલ્યો. " તમે મારા રાજમાં ચાલો, હું તમારી જવામર્દી જોઇ અંત્યંત પ્રશંન થયો છું. મને કોઇ બેટો નથી માટે હું આજથી મારા બેટા સમાન ગણીને રાખસ અને તમને સુખ દેખાડીશ. " શાહ તેની બહાદુરી અને ખુબસુરતી ઉપર આફ્રીન થઇને બોલ્યો.

"તમે કયા મુલકનાં શહેનશાહ છો ?" કરીમખાને ખુશાલીથી ભરેલી છાટીએ સવાલ કીધો.

"હું જાબુલ શહેરનો શહેનશાહ મહેરાબ છું."

"આપ હયાં શા માટે પધારેલાં હતા ?"

"હું શીકાર કરવાને આવ્યો હતો"

"ઓહ, ત્યારે તો આજે તમારો શીકાર થતે."

"કરીમખાન, બેટા, જેની ઉપર ખુદાની મહેરબાની હોય છે તેને શું કોઇ મારી શકતે !"

"બરાબર છે નામદાર !" "ખુદાવીંદની મહેરબાની જેની ઉપર હોય છે, તેને આસમાન પરથી ફેંકી દેય તોપણ એક બાલને ઇજા થતી નથી અગર આગમાં નાંખે તોપણ તે જલશે નહી."

"તમારૂં કહેવું ખરૂં છે." કરીમખાન બોલ્યો "ચાલો નામદાર રાત પણ થવા આવી છે."

"હા ચાલો." મહેરાબે કહ્યું અને તેઓએ ઘોડાને જોરમાં ત્યાંથી છોડી મુકયા.

(પ્રકરણ ચોથું.)

ખુદા તુંને ફતેહ આપશે.

કરીમખાનને જાબુલમાં આવી રહ્યાને બરાબર મહીનો થયો હતો. શહેનશાહ મહેરાબે તેને પોતાનાં બેટા સમાન ગણી, તેને રાજ મહેલમાંજ ઉતારો આપ્યો હતો.

વાંચક, જોકે રાજ છોડી આવ્યા પછી પણ કરીમખાનના કીસમતે જોર કરી તેને બીજું રાજ અપાવ્યું હતું, તોપણ કરીમખાન કાંઇ ખુસી થઇ ફરતો નહી હતો.

તેને શહેનશાહએ ઘણું પુછ્યુ, કારણ કે તે શહેનશાહે તેનાં મહોડાં ઉપરથીજ પારખ્યું હતું કે નકી એ કોઇ રાજકુંમાર હશે. પણ કરીમખાને કાંઇ ખુલાસો કીધો નહી.

આજે પણ આપણે કરીમખાનને રાજબાગમાં બેઠો બેઠો હજારો વીચારો કરતો જોઇયે છીએ.

કરીમખાન જ્યારે વીચારમાં ગુઠાયલો હતો, ત્યારે તેની પછવાડેની ઝાડીની અંદર જાઈના છુપાઇ હતી. કારણકે તેનાં વીશે જાઇનાને પણ શક હતો.

"ઓ બદકાર ઇબ્રાહીમ!" તે લગાર મોટેથી મનથી બબડયો. "હું તારીપર કીનો લઇશ! મારા બાપનું શહેર તુર્કસ્થાન હું પાછું જરૂર હાથ કરીશ. પરવરદીગાર, તેમાં તું મને મદદ કરજે!" "ધીરજ ધર, શાહજાદા ધીરજ ધર! ખુદા તુંને ફ્તેહ આપશે!" એકાએક ઝાડીમાંથી જાઈના નીકળી આવી અને કરીમખાનને કહ્યું.

"ઓહ, કોણ? શાહજાદી જાઈના!" તે અજબ થઇ પુકારી ઉઠયો. "અરે, ખુદાને વાસ્તે આય ભેદ કોઇને ના કહેતાં."

"તમે ફીકર ના કરો. હું કોઇને કહીશ નહી." જાઈનાં બોલી. "તમે મને એટલું જણાવશો કે તમારા કાકાએ શા માટે તમારી સાથે લડાઇ ઉઠાવી?"

"બાનુ, તે વાત મને ના પુછો. અરે, મેં તેના લસ્કર સાથે ઘણી તકરાર ઝીલી, પણ ખુદાએ મને ફ્તેહ આપી નહીં." તે આંખ્યોમાં આશું સહીત બોલ્યો. "તમે કાંઇ ફીકર ના કરો, તમે તમારૂં શહેર ફ્તેહ કરશો, અને હું રાત દીવસ ખુદા પાસ એવી દુવા માગીશ કે તમુને ફતેહ આપે!" જાઇના બોલી.

"સાહેબા, મહારીપર તમારી આટલી બધીમહેરબાની છે, માટે હું મારે મનથી મને ઘણો ભાગ્યશાળી સમજું છું." કરીમખાને ઉપકારથી કહ્યું "ને તમારા જેવાં બુલંદ દરજ્જાનાં અને વળી

બહાદુર, મહાતાબ સમાન ચહેરાના શાહજાદાને મારી સામે ઉભેલા જોઇ હું પણ ઘણુંજ મને પોતાને ભાગ્યશાળી સમજું છું."

"બખ્તાવર બાનુ, હાલમાં હું શાહજાદો નથી, પણ એક તમારા ગુલામ જેવો છું." કરીમખાન બોલ્યો. "એમ ના બોલો. આજથી હું તમારી પોતાની દાસી થઇ રહેવામાં મોટું માન સમજીશ." જાઇને લગાર શરમાઇને હસતે મુખડે બોલી.

"એટલે શું તમે મહારી ઓરત થવા ઇછો છો ?" કરીમખાંન અજાયબીથી દબાઇને બોલ્યો. ખરેજ તેણીની ખુબસુરતીએ તેને લોહચુંબકની માફક ખેચ્યો હતો

"હા, કરીમખાન, હું તમારી સુખ દુ:ખની અને તમારી સેવા બજાવવા ભાગધણુ થવા ઇચ્છું છું." તેણી લાલ લાલ થતાં નીચી ડોક બોલી અને તે ખુબસુરત જવાનનાં ખભાંપર પોતાના બન્ને હાથો નાંખ્યાં.

"અરે, તમે શુ બોલોછો ? જો આય વાત તમારો પેદર જાણશે તો મને ધીકકારીને હાંકી કાઢશે."

"અને હું પણ ખુશીથી તમારી સાથે આવીશ." તેણીએ તુરત હીંમતથી કહ્યું.

"જાઈના, તું જરા લાંબો વિચાર કર, તારા માટે મારા કરતાં સરસ ઘણા શાહજાદાઓ મળશે" કરીમખાંન બોલ્યો.

"તમારાથી ઘણા સરસ હશે ખરાં પણ હવે મારા મનથી તે નકામા છે. બસ હું તો તમારી થઇ ચુકી છું." એટલું તેણી બોલી કે કરીમખાંને તેના હાથ પહોલાં કર્યાં અને તેના હાથમાં જાઇનાં જઇ પડી.

"પ્યારી જાઇના, આજ સુધી તો હુ રાજમાં નોકરી કરવા ઇચ્છતો હતો, જયારે હવે તું મારી થઇ એટલે રાજ જીતવા માટે મહેનત કરવી જોઇશે."

"વહાલાં, તમે મહેનત કરજો, ખુદા તમને ફત્તેહ આપશે."

"અને હું એવું ઇચ્છુછ, કે તું તુરકસ્થાનની રાણી બને !"

"ચાલો વહાલા વખત થવા આવ્યો છે, હું જાવુંછ"

"જા, પ્યારી, ખુદા તને તંદુરસ્તી બક્ષે !"

એટલું કહ્યું અને તેનાં ઉપસેલાં રૂખસારા ઉપર એક મીઠી ચુંમી કરી બન્ને જણાં છુટાં પડયાં.

(પ્રકરણ પાંચમું.)

ઈનસાનનું અંતઃકરણ પાપી હોય છે,
ત્યારે તેનાં ઉપર કુદરતનો માર પડે છે.

પરવા નહી જમાંના ખીલાફ હય;
રસ્તાં વોહી ચલું જો ઠીક ઓર સાફ હય.

(આગા મહોમદ હશ્ર કૃત)

(ખુબસુરત બલા)

આપણે તુરકસ્થાન તરફ ફરીશું. બદજાદ ઈબ્રાહીમે તેના ફીરેસ્તાં જેવા ભાઇ અફજલને બંદીખાને નાંખ્યો હતો, સાથે તેની ખુબસુરત નાજુક બેટી અને મહોરદાર પણ હતી.

તે બુરો શહેનશાહ અફ્જલનાં તખત ઉપર બેઠો હતો.

તે શહેનશાહે તખતે બેસ્તાંજ દરેક ચીજો ઉપર ભારે કર નાંખ્યો. આથી ત્યાંનાં લોકોથી કર નહી ભરાતો હોવાથી શહેર છોડી ચાલી જતા હતા.

ને પાહદશાહ ગાદી ઉપર બેઠો ખરો પણ તેને કાંઇ ફાયદો માલમ પડયો નહી, કારણ કે તે જયારથી બેઠો ત્યારથીજ માંદગીને બીછાને પડયો, જે તેના કર્યા કર્મનો કુદરતનો ફટકો હતો.

વળી એના જુના રાજમાં પણ અંધેર ચાલતુ હતું કેટલાક બદમાસો ધોળે દીવસે ગળાં કાપતાં હતાં, પણ તેનો ઇનસાફ નદારદ હતો.

આજે પણ એ બદકારને આપણે સુતેલો જોઇશું.

જ્યારે તે ભર ઉંઘમાં પડયો ત્યારે તેની આગળ સ્વપનામાં તેનો પેદર એક ઝેરી ચાબુક લઇ આવ્યો

"અય પાપી બેટા, તહારા પાપી કરમોંથી ખુદાતાલાની દરગાહમાં હમને શરમીંદું થવું પડયું છે. તમે બન્ને ભાઇઓને મહારા મુંવા બાદ સરખું રાજપાત મળ્યું, તો પણ તેં તહારા ભાઇ સાથ બદ ચાલ ચલાવી." એટલુ કહી તેને ચાબુકના દશબાર ફટકા ઇબ્રાહીમના બરડા પર ખેંચી કાઢયા. તે પાપી તે ઝેરી મારથી બુમ બરાડા મારવા લાગ્યો અને બચ્ચાં મુવાફેક થરથર ધ્રુજવા લાગ્યો.

" ઓ, પેદર મને ના માર ! ઓ, મહારી પીઠ ફાટી ગઇ."

" ઓ પાપી બેટા, તારી બુરી ધારણાથી હમારા રૂહની ઉપર ધુળ ઉડે છે. હમુને જીનતમા ફીરેસ્તાઓ તાનાં મારે છે." અબદુલે ગુસ્સાથી ડોળા કકડાવના કહ્યુ.

" ઓહ, હવેથી હુ—મહને——" તે એટલુ બોલ્યો અને વધારે બોલવા જાય છે એટલામાં અબદુલ ત્યાથી ગુમ થયો.

પ્રીય વાંચક, અબદુલને ગુમ થવા દઇશુ ઇબ્રાહીમને સુનેલો રહેવા દેઇ, આય સારો મોકો મળ્યો છે, ત્યાં એક બે બોલ હું તમને કહીશ.

ઉપર હું લખી ગયો છું કે ઇનસાન જો પાપી હોય તો તેનાં ઉપર કુદરતનો માર પડે છે, એ વાત કાંઈ ખોટી નથી

એક પાપી માણુસે પાપનું કામ કીધું તો પછી તેનાં કીધેલાં કરતુકો તો તેની સામે અને સામેજ આવશે અને તેને દુખી કરી પજવશે.

પાપી માણુસની પરીક્ષા તેનાં મોંઢા ઉપરથી કરવાની છે. પહેલું એક પાપી માણુસને મરવા પણ ગમતુ નથી. જો તે મરવા સુતો હોય તો તેનો જીવ પણ જાય નહી. તેનાં કીધેલાં કર્મો તેને આ જહાનમાં દુઃખ દેખડાવી પછી તેનેથી દુર થાય છે, અને ત્યારેજ તે ઇનસાન છુટકારાનો છેલ્લો દમ ખેચી, આય જહાંન છોડી જાય છે

વળી પાપી માણુસ ગમે તેવા પાપી કર્મો કરે, ગમે તો ખુન કરી પકડાય નહી, પણ તેનું પાપ તેનાં આગળ આવી સ્વપનામાં ઝબકાવે છે. આથી બીચારો સ્વપનાંમાંજ જે કીધુ હોય તે ખરે-ખરૂં આજુબાજુના સમજે તેમ કહી દેય છે. એવા રીતે પાપી ઇનસાન પોતાનો છુપાવેલો ભેદ પોતેજ ફોડી મારે છે.

બામદાદનો વખત થયો હતો અને મૃગોએ લોકોને જગાડવાને માટે બુમ મારી. મૃગનાં બોલવા પછી થોડે વખતે આફ્તાબની સ્વારી થઇ અને પાછી દુન્યા રોશનીથી સુફેદ થઇ.

મહેરાબ પહાદશા પોતાના તખ્તપર આવી બેઠો. આજે તે ઘણોજ દિલગીર અને દુઃખી દેખાતો હતો. "અય નામદારો, રોજ સ્વપ્નામાં મહારો પેદર આવી મને રોજના બાર ફટકા મારે છે અને કહે છે કે તારે લીધે હમારૂં રવાન ખુદાતાલાની દરગાહમાં શરમીંદુ થાય છે. માટે એવો શુ ઉપાય કરૂં કે મારા બાપનું રવાન ત્યાં ખુશી થાય ?" શાહે પોતાના જીગરના દંખથી દુ.ખી થતાં કહ્યું અને દરબારમાંથી કાજી સાહેબ કે જે ઘણા ઇલમી અને પાકીજેહ હતા તે ઉઠયા અને શાહને નમ્યા. "શહેનશાહ, મહારા જેવા પીરમરદનું કહ્યું તમે માની અફ્જલને ગાદી સોંપી દેવ, તો તમારા બાપનું રૂહ ખુશી થશે." "નહીં, હું તેમ કરનાર નથી." તે ગુસ્સાથી બખાલ્યો "ભલે મહારા બાપનું રૂહ એથી વધું શરમીંદુ થાય, પણ અફ્જલને ગાદી નહીં સોંપું" "ત્યારે પછી આવો સવાલ કરોજ નહિ, નામદાર!" કાજીજી નરમાસથી બોલ્યા.

"કાજી સાહેબ, તમે કોણુની સામે બોલો છો તેનો કાંઇ તમુંને ખ્યાલ છે?" એક દરબારનો અમીર મહેરાબને ચઢાવતાં બોલ્યો.

"તમારી માફક હું "હા"માં "હા" બોલી તુકર ખાતો નથી. હું ખુદાને ચાહું છું અને ખુદા વાજબીજ બોલું છું." કાજી સાહેબ ગંભીરપણે બોલ્યા.

"કાજી સાહેબ, હું તમારા જેવા પરમગુરૂની આબરૂ રાખી તમુને હજી કાંઇ બોલતો નથી, માટે ચુપ થઇ તમારી જગ્યાપર બેશી જાવો." ઇબ્રાહીમ લગાર તોરમાં બોલ્યો.

"પહાદશાહ સલામત, તમે આ બુરાઓનાં કહેવાથી ઘણાં પાપી કામ કરો છો, માટે મારૂં કહેવુ યદ રાખજો કે પાછળથી તમુને પસતાવું ઘણુંજ પડશે"

"ચુઉપ બે મરવત! આટલી વખત સુધી તો મેં તારી આબરૂ રાખી, પણ હવે રાખનાર નથી! કોઇ છે, બાંધો આ પાપીનાં હાથને અને લઇ જાવો કયદખાનામાં."

"ખબરદાર, જો એવુ કામ કીધુ છે તો મહારા ઇલમથી તારૂં શહેર ઉંધું મારસ."

કાજીજીએ કહ્યુ કે પેલા સીપાઇઓ ચોંકયા.

"બાંધો જોવ છો શું!" શહેનશાહે પાછો હુકમ કર્યો કે પેલા તેની આગળ હાથ પકડવા ગયા, એટલામાં કાજી સાહેબે કાંઇ ઇલમ પઢયો અને ત્યાથી તે પીરમર્દ ગુમ થઇ ગયો

ત્યાથી ગુમ થયા બાદ કાજી શાહેબ અફ્જલના કયદખાના આગળ ગયા અને ઇલમનાં જોરથી ભીત તોડી, અફ્જલ અને સર્વે જણને કોઇ જાણે નહી તેમ બહાર કહાડી, ત્યાં ઇલમ ફુકયું કે તે કયદખાનુ બળવા લાગ્યું અને થોડાજ વખતમાં તે સઘળું બળીને ભસમ થઇ ગયું.

જયારે ઇબ્રાહીમ શાહે આ વાત જાણી ત્યારે તે દલગીર થવાને બદલે ખુશી થયો. કારણ કે તે જાણતો હતો કે હવે અફ્જલ મરી ગયો અને એના બાપનું રવાન ત્યાં ખુશી થશે.

પણ તે કમબખ્તને ખબર નહી હતી કે કાજીજી સાહેબ તેને લેઇ ચાલ્યા ગયા હતા.

(પ્રકરણ ૬ઠું.)

દુર થા પાપી હ્યાંથી.

સીતારાની ચાલથી, શાહ બને છે દેડ
એમાં છે સત્ય નહી, સાચુ વદે "દીલશેર"

ત્રણ મહીનાનો ગાળો.

કરીમખાનને ત્રણ મહીના જાણુલમાં થયા હતાં, તે અરસામાં કરીમખાન અને જાઇનાને એવો તો પ્રેમ બાન્યો હતો કે તે લખવાની તાકાત મહારા જેવા બાવીસ દીવાળી જોયલા પોરીયાની (!) કલમમાં નથી કદાચ મારા બીરાદર હોમી ડંગોર જો કામમાં રોકાયલા નહી હતે તો તે ભાઇ એ પ્રેમનો ચીતાર આપી શકતે.

બાપુ હુંબી પ્રેમનો ચીતાર કંઇક તો આપતે પણ હું તો બા ભણુનાર ગણુનારને હમેશાં (કુવા પછવાડે બેસી) ધરમના લખાણો કરનાર, તે કેમ આપી શકું ! કદાચ લખું તો એકાદ લેખક કહેશે "બાવા, હમે આટલાં તેમાં વળી તમે એક બે પોરીયા કયાથી ફુટી નિકળ્યા."

હવે ભાઇ આટલા ને તેટલાએ ગુણતા તો નીચે શું ન આવે, ત્યારે આપણે વીષેશ નામ ને નાન્યતર જાતીને આધારે ભાગું તુટું ચીતરી મારી વીદ્વાન લેખકોથી દુર રહીએ. કેમ ભાઇ કાંઇ સમજ્યા? આયા ખ્યાલે શરીફમે ! ભટાઇને જવા દો. આપણે આપણી વારતા પર આવીશું.

ઉનાળાની સાંજે એક બે જણા હાથમાં હાથ ઘાલી બાગમાં

અહીથી તહી ફરતા હતા તે બન્નેમાં એક ગોલાબનું ઝાડ હતું અને તેની પાસેનો જવાન ખુદ તે ઝાડના ફુલોને ચુંમનાર માળી હતો.

તેઓ ફરતા ફરતા એક બેન્ચ આગળ આવ્યા કે પેલી નાજનીન પોતાના મધુર હલકથી બોલી,

"વહાલા કરીમખાંન, જો આપણી ઇચ્છા હોય તો આપણે આય બેન્ચ ઉપર બેશીયે." જાઇના બોલી.

"પ્યારી, જેવી તહારી મરજી." કરીમખાને કહ્યું અને તેઓ બેઠાં.

તેઓ બેઠાં ખરા પણ તેઓને કાંઇ બીજી વાત ખબર હતી નહી. તેઓ બાગમા બેશી પોતપોતાં વચ્ચે પ્રેમભરી વાતો કરવા લાગ્યા.

તે બાગ ખુદ શાહજાદીનો હતો અને ત્યાં કોઇ મરદથી આવી શકાતું નહી હતુ પણ કરીમ છુપો આવતો હતો.

તેઓ એકએકને બગલગીરી કરી પોતપોતાનો હીશાબ એક એકનાં ગાલ ઉપર કીશ કરી બાકી શું ન લાવતા હતાં, એટલાંમાં ત્યાં એકાએક **મહેરાબ** આવી પહોચ્યો

મહેરાબે પહેલવહેલુંજ આવી રીતે જોયુ હતું. આ દેખાવથી તેની આંખમાં ખુન ભરાઇ આવ્યું. તે તેઓ આગળ ઝનુનમા આવ્યો કે તેઓ ચોકયા.

કરીમખાન, મહેરાબને જોઇને વાંકો વળી નમ્યો.

"આહહહાહા, નાપાક, તેં એક વખત મહારો જાન બચાવ્યો છે, નહી તો આજ કતારીથી તાહરો જાન કહાડી નાંખતે." મહેરાબ લાલ પીળો થતાં ગુસ્સાથી બખાળ્યો. આથી કરીમખાન ઉપર

કોઇ અસર થઇ નહિ. તે હિંમત અને નરમાશથી પોતાનું શીર નમાવી બોલ્યો.

"નામદાર, હુ કાંઇ નીચ ખાનદાનનો નથી પણ—"

"ચુઉઉપ બદમાસ, વધારે ના બોલ અતરઘડી મહારૂ શહેર છોડી ચાલ્યો જા. નહી તો ખતા ખાસે." કરીમખાનને મહેરાબે છેલ્લી ચેતવણી આપી કે તે બીચારો એક બોલ પણ બોલ્યા વગર ત્યાથી ચાલ્યો ગયો.

અરે કીસમત ! શું તારી કરામત! શીતારા શુ તારી ચાલ ! અને શું તહારો કહેર ! શું તુ કોઈ ઉપર નેહરસ્ત થઇ બેઠો તો તેને ભીખારી અને બદ અવતારે લાવશે ! યા તુ પ્રસન થયો તો એકનો દરજ્જો શાહેનશાહ જેટલો વધારશે !

ભાઇ, એવી સીતારાની ચાલ છે. સુખ અને દુ ખ શીતારાથી છે માટે તમારે દુ:ખની વખતે ધીરજ ધરી ધરમનાં ફરમાન મુજબ તે કીરતારની બંદગી કરવી કે તે શીતારો વધુ દુ.ખ આપતો અટકે, અને તેનો કહેર પાછો ખેંચી લેય

"ના લાયક બેટી, મેં તુંને ફરવા હરવાની રજા આપી ત્યારે તું આવું કામ કરેછ? એક શાહજાદી થઇ ગુલામનો સગ કરેછ !" મહેરાબે પોતાની બેટીને કડવાસથી કહ્યું.

"નામદાર પેદર, મેં ગુલામનો સંગ નથી કીધો, પણ તુરકસ્થાનનાં શાહેનશાહ અફ્જલના બેટા કરીમખાનનો સંગ કીધો હતો." જાઇના ધીમેથી શર નમાવી બોલી.

"હેં ! શું ? ત્યારે એ જવાન તુરકનો શાહજાદો હતો?" મહેરાબ અજબ થઇ પુકારી ઉઠયો.

"હા, એને મને પોતાનો ભેદ જણાવ્યો હતો" જાઇના બોલી.

"તું ખરૂં કહેછે" ફરીથી મહેરાબે આતુરતાથી સ્વાલ કર્યો.

"હા, હું અલ્લાના સોગદથી કહું છુ." જાઇનાએ એટલું કહ્યુ અને પોતાના બાપ જેવા બાપ ઉપર એક ધીકકારની નજર ફેંકી ત્યાંથી ચાલી ગઇ

"ખરેખર મે ખોટુ કામ કીધું." મહેરાબ બબડયો.

"જો અગાઉથી મને ખબર હતે તો નકકી બન્નેની શાદી કરી આપને અરે હજીબી અહીં તહી હોય તો કહેવું સારૂં ! લાવ હું થોડાક સવારને એની સોધમા મોકલું.

❀ ❀ ❀ ❀ ❀

મહેરાબનાં કહેવાથી કરીમખાન ચાલ્યો ગયો હતો. તે ત્યાંથી તરતજ તબેલામા ગયો, અને પોતાના ઘોડાને અદરથી કાઢી, એક ચીઠ્ઠી જાઇના પર લખી તે ઘોડા ઉપર બેસી તેને હિન્દુસ્થાન જવાનો માર્ગ પકડયો.

કરીમખાનને કેટલોક દુર જવા પછી દાસી આઇનાએ તેની ચીઠ્ઠી જાઇનાને આપી, તેમા નીચલુ લખ્યું હતુ.—

"પ્યારી જાઇના,

હુ અહીથી હીન્દુસ્થાન તરફ જાવું છું ખુદા ચહાશે તો આપણે જલડીજ મળીશું.

લી. તારો સદાનો વ્હાલો કરીમખાન."

ઉપલી ચીઠ્ઠી આઇનાએ જાઇનાને આપી, તે તેણીએ વાંચી અને દીલગીર થઇ તેણી દીલગીર ચહેરે કાંઇક વીચાર કરતી બેઠી.

પ્રકરણ સાતમું.

વહાલાની શોધમાં.

એ—પ્રેમમાં નીંદ્રા ના આવે જરી,
મ્હારો વહાલો ગયો વનવાસરે-પ્રેમમાં.

(દોહરો)

નરનારીનો પ્રેમ ભાઇ પાકો જામ્યો જેહ,
કદી ન તુટશે કોકથી, તુતે તુત્યો તેહ;
અધુરામાં હાર છે, પુરે પામે સુખ,
"કુંવર" કહે પ્રેમ ન પુરો, નકકી વેઠાવે દુ ખ.

("દીલશેર")

"કરીમખાન, વહાલા કરીમખાન, હવે હું અહી એકલી રહીને શું કરૂં ? અરે તહારો બળાપો હું કેટલા દીવસ કરૂ ?

હા, હુંબી તારી ખરી માશુક ત્યારેજ કે તુંને શોધી કાઢી તહારી સાથે બસ રહું."

જાઇનાં ઉપલું બબડી. તેણીની આંખોમાં આશું ભરાઇ આવ્યાં, એટલામાં તેની દાસી આઇના આવી

"બહેન આઇના, તું એક મહારૂં કામ કરશી ?" "હા બેગમ સાહેબા જે કહેશો તે કરીશ." આઇના આદાબથી બોલી.

"આઇના મહારે માટે તહારા બાપના કપડાં નહી લાવી આપે ?" જાઇનાં ધીમેથી કરગરીને બોલી.

"મરદનાં કપડાં તમુને શા માટે જોઇએછ ?" આઇનાંએ આતુરતાથી સ્વાલ કર્યો.

"આઇના, આપણી દરબારમાં એક શાહજાદો આવેલો છે, તેની વખાણ લોકો ઘણી કરે છે, માટે મારો વીચાર છે કે મરદનો પોશાક પહેરી તેને જોઇ આવું. જોવુ એ મહારે લાયકનો છે!"

"શાહજાદી, કયે ગામનો છે ?" આઇનાં બોલી

"અલલતપુ શહેરનો શાહજાદો છે" 'કયા શહેરનો શાહજાદો છે? બકરી કાપુ શહેરનો ?" આઇનાંએ ટોરમાં હસીને સામો સ્વાલ માર્યો.

"નહી, ગાંડી, ઉલનખ્ખુ દેશની અંદર અલલતપુ નામનુ શહેર, છે, તે શહેરનો શાહજાદો છે. જા આઇનાં, તુ જલદી લઇ આવ. મહારા લગન એનાં સાથે થયા પછી હું તુને ઇનામ આપીશ."

"વારૂ બાઇજી, હુ લઇ આવુંછ." એટલું જાઇનાને કહી આઇના પોતાને ઘેર ગઇ, અને તેના બાપના કપડાં જે ધર્મગુરૂ જેવા હતાં તે લાવી, કારણકે તેનો બાપ રાત દીવસ અલ્લાહની બંદગી કરતો હતો. કપડા આવ્યા બાદ જાઇનાએ આઇનાંને એક ચીઠ્ઠી ઘોડાનાં વેપારીને હાથમાં આપવાને આપી. એક સારી ચાલનો ઘોડો લઇ, તે ઘોડાનો વેપારી જાઇનાના મહેલ તરફ આવ્યો. જાઇનાએ તેના પૈસા ચુકવ્યા અને આઇનાને કાંઇ બનાવત કરી બહાર મોકલી. પછી પોતે પેલા મરદનાં કપડાં પહેરી ઘોડા પર બેસી, હિંદુસ્થાનની દીશા તરફ ઘોડાને ડપટાવ્યો.

આફ્રીન છે જાઇનાં, તું તારા આશકને કેટલી વફાદાર છે કે તેનીજ શોધમાં તું અખળા જાત મુસાફરીની જંજાલ અને

સકો વેઠવા નીકળી પડી. એજ ખરી નાર કે જે પોતે એકનેજ વળગી રહી તેની સાથે સુખ દુ:ખની ભાગ્યન બની રહે.

બાપું, એ આગલા જમાનાં ગયા, પણ હાલની તો વાતજ ના કરતા, હમનાં તો કાદરમીયાંકા દીવાલા પડા તો દુશરા મીયાં તૈયાર હૈય !

બસ, અહી એટલુંજ કહીશ કે મોહબ્બત તરફ હંમેશાં આપણે નજર કરવીજ નહી અને કરવી તો પુરી કરવી, કારણકે ઘણી સ્ત્રીઓ ને જાણુતા તો હશો કે તમારા કરતાં કોઈ વધુ સરસ મળ્યો તો તેણીએ આપેલુ પ્રોમીસ રદ કરી પેલા બીજા સાથે મોજ કરે છે. તો પછી તમે પોતેજ વીચાર કરશો તો તમુને માલમ પડશે કે આથી પેલાનું કેવુ જીગર તુટે છે? વળી આજ ચોપડીમાં પારસી સંસારીક વાર્તા-માળા-ત્રગડીની પહેલી વાર્તામાં વાચશો કે ધનમાય કાવસ તરફ કેવી વફાદારી બતલાવી અને બુઢ્ઢાને થાપ આપી અંતે કાવસનીજ મહોરદાર થઈ.

પ્રિય વાચક, જો કે આ વાર્તા તો મે ઓરીજીનલ લખી છે પણ તેની અંદર આપણને રમુજ સાથ ઘણું જાણવાનું મલે છે, વળી હું જે વાર્તામાં ઓરતોનાં નામ લઉં છું, તે આપણા પેલા કાણા જોશી લલુરામ સંભુશંકરને પુછીને લઉં છુ બાપુ, કે કઈ રાશીની ઓરતો વધુ વફાદારી બતલાવે છે, અને કોણ કોણને સારી પ્રીતી રહે છે. આથી કાણા જોશી પાઘડીમાંથી ટીપણું કાઢી ઉપર હોઢીયું મુંકાવી ચલીત કુંડળી અને સાંમુદ્રીક શાસ્ત્રીને આધારે મને કહે છે તેનું નામ હું ચીતરી કાઢું છું.

(પ્રકરણ આઠમું)

કુદરતનો ફટકો

વાંચક, આપણે તુરકસ્થ'ન તરફ ફરીશું અને ઇબ્રાહીમના શહેરમાં જરાક નજર કરીશુ તો આપણને તે શહેર પહેલાં કરતાં ઉજદ અને સખતી સ્થિતિમાં માલમ પડશે કારણ કે ચોમાશું લગભગ ખલાસ થવા આવ્યું હતું, પણ વરસાદ ત્યાં બીલકુલ વરસ્યો નહોતો

જો કે તે બાજુ વરસાદનો ફીરેસ્તો હંમેશા ગાજવીજ કરી આવતો હતો, પણ હવે પાપી થયેલી આ જગ્યા જોઇ તે ત્યાં વાદળો ખાલી કરતો નહિ.

તે શહેરમાં દીવસે તડકો તો એટલો પડતો હતો કે તાપથી ચાલતા માણસોને ચક્કર આવી જમીન પર પડતા.

ગોયા ત્યાં કોઇનો શ્રાપ ઉતર્યો હોય એમ લાગતું હતું.

શહેરનાં તમામ કુવાઓ સુકાઇ ગયા હતા અને કોઇક જગાએ પાણી મળતું હતું પણ તે તદ્દન ખારૂં. આથી લોકોમા ભારે ત્રાસ વર્તી રહ્યો હતો.

વળી ત્યાંના ખેતરો જોઇશુ તો તે તદન શુકાઇ ગયલાં માલમ પડતા હતા. કોઇ પણ માણસ ત્યાં વસ્તુ હોય એમ જણાતું નહતું.

વાંચક, કોઇ કહેશે કે એ બધુ શાથી થયું હતુ ? તો તેનો જવાબ સહેલ છે. પેલા નાપેકાર ઉપર કુદરતનો ફટકો પડયો હતો, અને તેની આશા ભ્રષ્ટ થઇ હતી.

તે શહેરમાંથી લોકો ધીમે ધીમે ઘરો ખાલી કરી બીજે શહેર રહેવા નિકળી જતાં હતા. જેઓ પૈસે ટકેથી ભરપુર હતા, તેઓ રહ્યા હતા અને જે બીચારા ગરીબ હતા તેઓ શહેર છોડી ભટકતા થઇ ગયા હતા. અરે કમનશીબી !

તે શહેર અગાઉ એક બાગે બહેસ્ત જેવુ લાગતું હતુ જ્યારે હાલ તે એક દોજખ સમાન દીસ્તું હતું. ગોયા ત્યાં એક ખવીસ આવી વસીયો હોય, અને શહેરને પાયામાલ કરતો હોય એમ નજર આવતું હતું. બદકાર લાલચુ ઇબ્રાહીમ કયારનો સમજી ચુકયો હતો કે આ શહેરની ખાનાખરાબી તે કાંઇજ નહી પણ કુદરતનો મહાન ફટકો પડયો હતો. પણ તે દયાહીણ કહે શુ ?

બીજી ગમ આપણે અજફૂલને જોઇશું તો તેને પોતાની ઓરત બેટી અને પેલા પરેજગાર પીરમરદ સાથ એક પહાડ ઉપર જઇ વસવાત કીધો હતો. તેઓની નેકી પ્રમાણે તેઓને તો અહી બહેસ્ત મલ્યું હતું. ત્યા દરેક જાતની સગવડ કુદરતેજ કરી હતી.

તેઓ આરામ અને સુખચેનથી ત્યાં રહેતાં હતાં અને ૧ ફૂલાદી, મેવા ખાઇ તે દયાળુ કીરતારની બંદગી કરી ખુશખુવાબમાં આરામ કરતા હતા.

હા, તેઓ પોતે ખુશખુઆબમાં આરામ કરતાં હતા પણ ઇબ્રહીમને તેમ હતું નહી. તે તો રાત્રે હમેશાં ચોંકીને બીહ ઉઠતો. આજ પેલાએ આવીને માર્યો, કાલે નાંમે દખ્યો, પરમ દીવસે કોઇ છાટી ઉપર ચઢી બેઠું. આવા આવા દેખાદો તે જોતો હતો અને બાતેનથી અત્યંત દુઃખી વ પશેમાન થતો હતો.

તે સઘળી વાત દરબારમાં કરતો, આથી હાજી-હાજી કરી ખાનારાઓ તેને દીલાસો દેતા કે "જે નેકીની રાહે ચાલે તેને ખુદ શહેતાન એવીજ રીતે ઝબકાવે છે, માટે તમારે રાત્રે ખુદાને યાદ કરીનેજ સુવું." દરબારીઓનું સમજી તે રાત્રે કાંઇક હજારો વખત ખુદાને યાદ કરતો, પણ તેનાં કીધેલા કર્મો તેની આગળથી દુર જતાં નહી હતાં.

તે પાપીએ ત્યાંના ઘણા રાજાઓને બીન તકસીરે માર્યાં હતાં, અને વળી તેના **કેરમાંન** શહેરમાં બીચારા ઘણાને બીન તકસીરે રહેંશીયા હતા માટે વાચક, એવું પાપ તે ખુદા કેમ માફ કરી શકે?

શું એ એક શહેનશાહ છે, તેથી એનેં દુ.ખ ભરી દેવું જોઇએ એમ કરી ખુદા તેને જવા દેય?

નહી, નહીં, કદી નહી ખુદાની દરગાહમાંતો કાંટે તોલીને ન્યાય થાય છે. પછી ગમે તેવો રાજા કાંય નહી હોય, યા ભલો પૈયગમ્બર કાંય નહી હોય, તેને સરખોજ ઇનસાફ મળે છે.

પ્રકરણ નવમું.

શું મારા બેટી ગુમ થઈ?

આપણે આગળ વાંચી ગયા છીયે કે જાહના મરદનો વેશ પહેરી કરીમખાંનની પછવાડે ગઇ હતી.

આ વાત જ્યારે મહેરાબે જાણી ત્યારે તે ઘણો દીલગીર થયો અને પોતે કીધેલાં કામોથો તે પસતાવા લાગ્યો

"અરે ખુદા, મેં કેવું પાપી કામ કીધું કે એક બુલંદ દરજજાનાં શાહજાદાને મેં ધીક્કારી કાઢયો અરે એનાથી તો હું જીવથી બચ્યો, નહી તો માર્યો ગયો હતે." એટલું મનથી બબડી તે પોતાની બેગમ આગળ ગયો.

"પ્યારી, તું જાણેછ કે આપણી બેટી જાહના એકાએક ગુંમ થઈ છે?" મહેરાબ દીલગીરીથી બોલ્યો અને બેગમ ચોંકી.

"હેં-હેં-હે ! શું મારી બેટી ગુમ થઈ! અરે તે કયાં ? દોડો, શોધો તેનો અરે મારી બેટીને મારી આગળ લાવો." તેણી હરણુફાર થઇને કકલાંત કરતાં બોલી. મહેરાબ આથી ઘણોજ દુ:ખી થયો.

"પ્યારી, તું એટલું ગોધીયારૂં નહિ કર, મેં ઘણા માણુસોને મોકલ્યાં છે તેઓ તેણીનો પતો જરૂર લાવશે."

"માંણુસો કયાં જાણુનાનાં છે કે તેણી કયે રસ્તે ગઇ છે?"

"મહારા ધારવા પ્રમાણે તેણી કાબુલ તરફજ ગઇ હશે?" મહેરાબ બોલ્યો.

"જ્યાં ગઇ હોય ત્યાંથી મારી બેટીને સોધી લાવો, નહીતો હું માથા ફોડી મરી જવસ." તે માતાએ પોતાની બેટીના ગુમ થવાથી બાવરી થતાં કહ્યું

"બાનુ, પ્યારી, જરા ધીરજ ધર, સબુરી પકડ હું હમણા એને શોધી મગાવું છું." એટલું કહી તે ત્યાંથી ચાલ્યો ગયો. અને બેગમ એક ખાલી ખુરસી ઉપર ધપ દેતી કે બેસી પડી.

આપણે હવે બાઇનાને જોઇશું તેણીએ ઘોડાને ચારે પગે છોડી દીધો અરધો લાબો માર્ગ તેણી કાપી ચુકી હતી. તેણી કેહે જરા થાક પણ નહી ખાતી હતી અને તે ઉતાવલી આગળને આગળ ..થતી હતી.

હજી કશો પત્તો મળ્યો નહી હતો. જ્યારે તેણીને ઘણીજ થાક લાગી અને ખોરશેદ ગર્ક થયો ત્યારે તેણી ઘોડા ઉપરથી ઉતરી અને એક ઝાડ નીચે સુતી, કે તેણી ઉપર ખુદાએ ગલબો કીધો.

સ્વપનાંમાં તેણી આગળ એક બુઢ્ઢો પીરમરદ આવ્યો.

"બાનુ, તું તારા દીલમાં ગમ નાં ધર. તારી ધારેલી મુરાદમાં તું જરૂર ફતેહ પામશે. તારો બહાદુર કરીમખાન તુંને મલશે અને પાછું તે રાજ જીતશે." એટલું કહીને પીરમરદ ગુમ થયો કે બાઇનાં ઝબકીને ઉઠી અને તે દયાળું કીરતારની બંદગી કરવામાં મશગુલ થઇ.

તેણીએ બંદગી ખતમ કીધી પછી પાછી ઘોડા ઉપર સ્વાર થઇ અને ઘોડાને ચારે પગે છોડી મુકયો.

તે બીચારૂં મુંગુ પ્રાણી પોતાનાં સવારનું કામ જરૂરનું હશે એવું સમજી ચચાર પગે કુદી વીજળીની વેગે પસાર થવા લાગ્યું.

જયારે સુર્ય પોતે દરીયામાં છુપાયો અને પુર્વેથી મહાતાબ પ્રકાશ્યો ત્યારે જાદુનાં પોતાના ઘોડા પરથી ઉતરી પડી અને તે મુગાં પ્રાણી આગળ થોડુક ઘાસ આજુબાજુથી લાવી નાખ્યું અને પોતે ત્યા એક ફળનુ ઝાડ હતુ ત્યાથી થોડાક ફળ ખાઇ પાણી પીધું પાછી તેણી પોતાનો માર્ગ ઉતાવળે કાપવાને ઘોડા ઉપર સવાર થઇ અને તે અધારી રાતમાં ઘોડાને જગલમાથી પસાર કરવા લાગી.

ભાઇઓ, હાલની બાનુ આમ કરશે નહિ. તેણીઓ તો એટલી બહાદુરો કે એક મુંવેલો ઉંદર જોઇને ભ.ગી જશે. એક કસારી દીલ ઉપર પડી તો સતરશોને સાઠ ચીચયારીઓ પાડી, આખુ ઘેર ગજાવશે, અને બુમ બરાડા સમજી લોકો મદદે આવશે. અને જોશે તો એક-હું મુવેલી કસાઆ આ આ રી !

(પ્રકરણ દસમું.)

"ઈન્સાનનું દીલ સાફ હોય છે તો તેની નીગેહબાની પરવરદીગાર કરે છે."

જે ઉપર હોય ખુદાની મહેરબાની,
તે કોઇનો માર્યો મરે નહી,
ચાહો તો ફેંકો અગનીમાં પણ,
તે નર કદી બળે નહી.

સાંજની વખતે **પરીનાં** પહાદશાહ ઉપર સીહાં મોઢાના હબસીએ હુંમલો કીધો અને તે પરીનાં પહાદશાહ દરીયામાં છુપીયો થયો, કે પુર્વ દીસા તરફથી રોશન મહાતાબ પોતાના તારા સીતારાનાં લશ્કર સાથે ફરીને હબસીને દાબી પોતે રાતની વખતે દરેક ઠેકાણે થોડુંક અજવાળું નાંખ્યુ.

રાતની વખતે આપણે બીચારા કરીમખાંનને જોઇશું તો તે બીચારો એક દરામણા જંગલમાં પોતાના ઘોડાને બાંધી બેઠો હતો.

અરે નખરાંબાઝ નશીબ, તારા શું નાચ નખરાં ! જોકે તેં તેનું શહેર છોડવ્યા પછી એક રાજમાં સારી હાલતે લાવ્યું અને વળી પાછું તેને નખરાંપણું દેખાડી તે રાજમાંથી તેને છુટો કીધો.

શું તું તે રાજવાળા ઉપર મહેરબાન નથી ? અરે ત્યારેતો તે ભલા જવાનને સુખી કરવો જોઇયે, કારણકે તે બીચારાએ પોતાના સારા વખતમાં કોઇને પણ દુઃખ નથી દીધું, તો તું શા માટે તેને દુઃખ દેયછે ?

* * * *

મધ્યરાત્રીનો હોગામ થયો હતો.

મહાતાએ પોતાની રૂપેરી ચદર જંગલે જગલ બીછાવી હતી અને ત્યાં ગોયા સહવાર જેવુ લાગતું હતું

વળી જગલ, ભુત પલીદ યાને વાઘ સિંહ વિગેરે જંગલી પશુઓથી ભરપુર હતું.

આવા દરામણા જંગલમાં કરીમખાન એકલો ઝડ નીચે સુતો હતો. તે બીચારાની આગળ ખુદા સીવાય કોઇ હતું નહી. ફક્ત તે મુંગુ પ્રાણી ત્યાં એમથી તેમ ઝાડની સાથે વીટળાતું હતું.

જ્યારે કરીમખાન સુઇ ગયો ત્યારે તેની પાસેના જંગલમાંથી એક દરામણો શીહ પોકાર કરતો આવતો હતો. તે શીહનો અવાજ સમજી ઘોડો દરવા લાગ્યો, કરીમખાનને તેનુ ભાન હતુ નહી તે બીચારો થાકેલો હોવાથી તદન ભર ઉંઘમા હેવાનની માફક પડયો હતો.

જ્યારે તે સિંહને ત્યાં માણુસનો વાસ આવ્યો ત્યારે તેને ચુપકીદી પકડી અને જયાં માણુસનો વાસ આવતો હતો તે બાજું આસતે આસતે ગયો.

અરે ખુદા, બીચારા કરીમખાનને જગાડ કે તે પોતાની બહાદુરીથી સિંહને મારે ! પણ નહી, તેનો સીતારો એવો બુરો હતો કે તેને જાગવા પણ દેતો નહી હતો. તે દરામણો સિંહ તેનાથી થોડેક દુર હતો

તે એવો ધીમે ચાલતો હતો કે ત્યાંકાંઇપણ અવાજ થતો નહી હતો. હવે તે સીંહ કરીમખાંનથી લગભગ બાર ફુટને છેટે હતો અને ચાહ્યું કે એક કુદકો મારી તે જવાનના તોટા ઉપર

ચઢી બેસે. જેવો તે કુદકો મારવા જાયછ એટલામાં ત્યાં એક જબરો ધડાકો થયો અને તેનું બાજુમાનું ઝાડ ફાટી તેમાંથી સુફેદ પોશાકમાં સજ થયલો એક પીરમરદ નીકળી આવ્યો.

"સબર કર વનરાજ, સબર કર ! જો તું જરા પણ આ માણસને સતાવશે તો આયજ ઘડી તુંને બળીને ભસમ કરશ." તે કોઇ અજાણ્યો આવેલો પીરમરદ બોલ્યો

તે પીરમરદના બોલવાથી તે સીહ કંઇ અજબ શકિતથી એકદમ ચોંકયો અને તે જવાનની નીગેહબાનીમાં તે પીરમરદને ઉભેલો જોઇ, તે સરમીદો થયો અને તે પોતાનુ માથું નમાવી તે પીરાનપીરને શહેજદો કરી ત્યાથી ચાલતો થયો.

જેવો સીહ ચાલી ગયો કે તે પીરમદેં પેલાને આશીરવાદ દીધા.

"અય નેકીના બચ્ચા, હંમેશા તહારી મુરાદમાં ફતેહ પામજે, અને જે ચાહે તે ચીજ કરવામા તહારો મદદગાર તે બન્ને જહાનનો સાહેબ થજે!" તે પીરમરદ કહીને પોતાની લાકડી ફેરવી અને ત્યાં તે ઝાડ જેવું હતું તેવું થઇ ગયું.

* * * *

જંગલની અંદરથી થોડેક દુર એક સવાર પોતાના ઘોડાને દપતાવતો દુરથી આવતો હતો.

તે કોણ હતો તે વાંચક તું પીછાણશે ? તે કોઇજ નહી પણ આપણા કરીમખાનની વફાદાર **માશુક જાઇનાં** હતી.

તે પોતાના વહાલાની સોધમાં નીકળી હતી અને તેણીએ પોતાનો ઘોડો એવો તો છોડી મુકયો હતો કે ગોયા કમાનમાંથી તીર નીકળી જાય તે માફક દોડતો હતો.

થોડાજ વખતમાં જે જંગલમાં કરીમખાંન સુતો હતો તે જંગલમાં તેણી આવી પુગી.

કરીમખાંન તો સહવારૂં પડયું હતું એટલે ઉઠી ઉભો થયો હતો અને તેને સીંહ કે પીરમરદનું કાંઇ પણ ખબર પડયું હતું નહી.

તે ઉઠયો અને ખુદાની બંદગીમાં મશગુલ થયો.

જેવો તે બંદગી કરેછ કે પેલો સવાર ત્યાં આવી લાગ્યો અને કરીમખાંનને જોઇ ખુદાનાં સુક્રાના કરી ત્યાં ઘોડા થોભાવી ઘોડા ઉપરથી ઉતર્યો.

કરીમખાંન પહેલે ઠગાયો અને પછી તેના મુખ પર બરાબર નીગાહ કરી જોયું ત્યારે તેનાથી એક ચીસ પડાઇ ગઇ. તેણે જાઇનાને ઓલખી.

"કોણ ? પ્યારી જાઇના ?"

"વહાલા કરીમખાંન, હું તમારી જાઇનાજ છું."

એટલું કહી તેણી કરીમખાનનાં હાથમાં જઇ પડી.

પ્રકરણ અગ્યારમું.

આરામની, દુઃખ દામની પ્રીયા તું પતીમાં પ્રેમની,
ચોમ તાપ ઉરના ધારનારી તું સીતલ ધારાબની,
માલા જપું તમ નામથી નથી ઇચ્છા દામ દમામની,
નીત્ય સેવા કરૂં સ્યામની અતી તુ ભગવની ભામીની.

(સુકન્યા–સાવીત્રી.)

(દોહરો)

ધીરજ ધરો વહાલા તમો, ખુશીથી બેસો પાસ,
બંન્ને જગતનો સાહેબ તે, પુરસે આપણી આશ.

(દીલશેર)

તેજ ઠેકાણે તે બન્ને જણાં બેઠાં હતા. "પ્યારી, ચાલ આપણે જલદી હીન્દુસ્તાન પુગ્યે. ત્યાં રજપુતાનામાં મહારો એક રજપુત રાજા દોસ્ત છે તે મને મદદ કરશે."

"વહાલા, તમો મહારી પાસે બેસો, બે ઘડી આપણે આરામ લઇએ. તે પરવરદીગાર તમુને ફતેહ આપશે !" જાઇનાએ કહ્યુ કે તે બેઠો, કારણ કે તેણી અત્યંત થાકી ગઇ હતી.

"વહાલી, તું મારે માટે આટલું દુઃખ શા માટે જોય છે ? મારા કરતાં કોઇ બીજો રાજકુમાર સરસ નથી ?"

"બસ વહાલા, મને વધારેના બોલાવો. હું તો હવે જનમ સુધી તમારીજ છેઉં. જો તમે રાજ ગાદી પર નહી બેસસો ને આવી હાલતે

રહેશો તોપણ હું એજ હાલતમાં મારા ખરા અંતઃકરણથી તમારી તાબેદારી કરીશ.

"મારી વહાલી, આફ્રીન છે તુંને! તારા જેવી નેકનાર દુન્યામાં થોડીજ હોય છે." એટલામાં સામેથી એક મોટું લશ્કર આવતું જોઇ તે ચોંકયો.

"અરે, આય ફોજ કોણની છે ?" કરીમખાન અજાયબીથી પુકારી ઉઠયો અને સામે નજર કરી તપાસવા લાગ્યો. થોડાક વખતમાં પેલું લશકર આગળ આવ્યું અને બે જણાને જોઇ આસ્તે આસ્તે ચાલવા લાગું.

વાચક, આ લશકર હિન્દુસ્તાનના રજપુતાનાના રાણાના ચંદ્રસીહનું હતુ.

ચંદ્રસીહને કરીમખાંન સાથે સારી દોસ્તી હતી. વળી કેટલીક લડાઇમાં કરીમખાંને ચંદ્રસીહને મદદ પણ કીધી હતી. આથી ચંદસીહએ પોતાના રાજકુંવર ઉદયસીહને લશ્કર આપી કરીમખાનની મદદ માટે મોકલ્યો હતો.

ઉદયસીહ પોતે ચાર લાખ બહાદુર રજપુતોની ફોજ લઇ આવ્યો હતો. તે પેલા જંગલમાં બે જણાને જોયાથી ચોંકયો.

"કોણ કરીમખાન ?" તે સરદાર અજબ થઇ બોલ્યો અને તેઓ ભેટી પડયા. "કોણ ? ઉદયસીહ, અરે તમે આય લશ્કર લઇને કયાં જાવો છો ?" કરીમખાને પુછયું અને તેઓએ સઘળી બીના એકએકને કહી.

"માહરા પીતાજીએ આ સેવા સેના આપણી મદદે મોકલી

છે, માટે મહારાજ તમે આ સેનાની મદદ વડે પાછું તમારૂ શહેર જીતી લેવો."

"ફોજ બધી મળીને કેટલી છે?" કરીમખાને પુછ્યું.

"બધી મળી ચાર લાખ માણસનું લસકર છે, તે સઘળુ લડાયક છે." ઉદયસીંહ બોલ્યો.

"હા, તહારી આય ફોજ વડે હું મહારૂં શહેર જીતી શકીશ." કરીમખાને કહ્યુ

"જીતશો મહારાજ, તમે તમારા ઘોડા ઉપર સવાર થઇ હમારી સાથે ચાલો."

"હા આપણે પહેલે જાબુલ જઇએ ને પછી મારે શેહરમા જઇશું."

"ભલે જ્યાં જવું હોય ત્યાં હમો જઇશુ." ઉદયે કહ્યુ અને તેઓ સાથે આગળ વધવા લાગ્યા.

કરીમખાનનુ મહોડુ ખીલી રહ્યું હતું અને જાઇના પણ ખુશ ખુશ થઇ ગઇ હતી. હા, હવે તેઓનો સીતારો જોર કરતો જણાતો હતો. કુદરતની મહેર તે બદબખત ઉપર ઉતરેલી દીસ્તી હતી.

(પ્રકરણ બારમું.)

કાજી સાહેબની અજબ કરામત.

ફોજની તારાજી.

આપણે આગળ વાંચી ગયા છીયે કે કાજીસાહેબનાં આશરા હેથળ અફ્જલ તથા તેની બાનું **હશીના** અને તેની બેટી **ખુર-શેદ** હતી.

જ્યારે ઉપલી વાત ઇબ્રાહીમે હલકારાઓ તરફથી જાણી ત્યારે તેના દીલમાં નવેસરથી જોશ પેદા થયો.

તેને પોતાના માય જણ્યાં ભાઇને પકડી ફાંસીને લાકડે લટ-કાવવાના હડહડતા સોગંદ લીધા.

આજે પણ તે તેનાં તખત ઉપર બેઠેલો હતો.

"મીરજા," તેને તેના સેનાપતીને કહ્યું.

"હુકમ સરકાર!" મીરજા નમીને બોલ્યો.

"જાવ આપણા લશકરમાંથી વીસ હજાર સવાર લઇ જ્યાં અફ્જલ છે ત્યાં અને તેને, તેની ઓરત અને તેની બેટીને પકડીને લાવો."

"જેવો હુકમ નામવર!" મીરજાં બોલ્યો અને તે દરબારમાંથી બહાર પડયો.

જ્યારે આય વાત અફ્જલનાં એક આગલા મીત્રે જાણી ત્યારે તે પોતે ઘોડો દપટાવતો પેલા પહાડ આગળ જઈ પુગ્યો, અને સઘળી ખબરથી તેઓને વાકેફ કર્યા.

"આવવા દેવ, લાખોની ફોજ હશે તોપણ આય પહાડ ઉપર ચઢી શકશે નહી."

કાજી સાહેબ બેફીકર મલમ ભણુના બોલ્યા.

"શાહેબ, હમે તમારે આશરે છીયે." અફ્જલ કકલીને બોલ્યો.

"ફીકર નહિં કરો મારા બચ્ચાંઓ, તમને કોઇ પકડી શકશે નહિ." કાજી શાહેબે કહ્યુ.

હવે આપણે મીરજાં તરફ જોઇશું. તે વીસ હજારની જંગી ફોજ સાથે પેલા પહાડ આગળ આવવાને ઉતાવલે નીકળ્યો હતો.

બરાબર ૭ કલાકે મીરજાંએ તે પહાડથી એક માઇલને છેટે છાવણી નાંખી.

જ્યારે કાજી સાહેબે લશકર આવતું જોયું ત્યારે તે પોતાની ઇલ્ગી લાકડી લઇ પહાડની ટોંચ ઉપર ઉભો રહી ખુદા તરફ ધ્યાન ધરવા લાગ્યો.

હવે પેલું લશ્કર લગભગ પહાડ આગળ આવ્યું.

"ચઢી જાવો પહાડ પર અને ગીરફ્તાર કરો સર્વે જણને." મીરજાએ પોતાના માણસને હુકમ કીધો.

"ખબરદાર, જો પહાડ ઉપર ચઢશે તો તારી આખી ફોજને બાળી તારાજ કરશ."

કાજીજીએ ગુસ્સાથી બરાડ મારી કહ્યું પણ તેનું કહેવું કોઇએ

સાંભળ્યુ નહી અને તેઓ જંગી પહાડ ઉપર ધસારાબંધ ચઢતા ગયા કે ત્યાં એકાએક એવી તો આગ ફરી વળી કે અરધે રસ્તે ચઢેલાં માણુસો ઝોલાં ખાઈ નીચે પડવા લાગ્યા અને તેઓનો કચ્ચડઘાણ નીકળી ગયો.

જ્યારે બીજા લસકરના માણુસોએ અને મીરજાએ એવું દીઠું ત્યારે ઘોડાની લગામ ફેરવી નહાસવા લાગ્યા.

દુર ઉભા રહી જોતાં માલમ પડયું કે વીસ હજાર લસ્કરના માણુસમાંથી ફક્ત પાચરો આદમી ભાગ્યે દેખાતા હતા.

"યા અલ્લા! કાજીજી સાહેબનીબી શું ગેબી કરામત! કે સર્વેનો કચ્ચડઘાણ કરી નાખ્યો

મીરજા મનથી બબડયો અને પોતે ઈબ્રાહીમના દરબારમા ગયો કે જ્યા ઇબ્રાહીમ ઠસ્સામાં બેઠેલો હતો

"પકડી લાવ્યા? તે બદકારને હાજર કરો મહારો આગળ, તે મુંજીને-" ઇબ્રાહીમે ગુસ્સાથી બખાળવા માડયુ પણુ તે હીણુભાગ્ય કયાંથી જાણે કે અહી તો ઘાણુ નીકળી ગયો હતો?

"પાદશાહ સલામત! મારા કપાલમાંથી તેઓને પકડી લાવુ?"

"કેમ? તમારો સાથે મેં આટલું મોટું લશકર આપેલુ તો પણુ તમે તેને પકડી શકયા નહી?"

"નામદાર, હમે તેઓને પકડવાને ગયા હતાં પણુ કાજીજી સાહેબનાં ઇલમ આગળ હમારૂં કાંઇ ચાલ્યું નહી. કાજી સાહેબે એવો ઇસમ ફુંકયો કે આપણા લશકરની આસપાસ આગ સળગી ઉઠી અને તેને જોરે આપણાં ઘણા માણુસો બળી મુવા અને કેટલાકનો કચ્ચડઘાણુ નીકળી ગયો.

"શું એ વાત ખરી છે?' ઇબ્રાહીમે હરણફાર થઇને પુછયું.

"હા, વાત ખરી છે." મીરજાએ કહ્યુ.

"કમબખ્ત કાજીમાં આટલી બધી કરામત છે? જો અગાઉથી મને ખબર હતે તો હુ એને તેજ ઘડી જીવથી મારી નાખતે." ઇબ્રાહીમ હોઠ કરડીને બબડયો.

હવે દરબારનો વખત પુરો થયલો હોવાથી તે બરખાસ્ત કરી પોતાના મહેલમાં ભારી જીગરે ચાલ્યો ગયો અને ખાધા પીધા વગર ગમગીન ચહેરે તે બીછાને પડયો

(પ્રકરણ તેરમુ.)

જવાન બેટીનો ગમ

પ્રીય વાંચક! આપણે જાબુલ તરફ એકવાર ફરીથી જઇશુ અને રાજ મહેલમાં જોઇશું તો રાણી **દીલનવાજ** પોતાનાં ખાવીદ મહેરાબ સાથે કાંઇ પચાતી કરતી માલમ પડે છે.

"તમે કેવા માણસ છો? અરે તમે ખોદા પરસ્ત છેવો કે એક ગરીબને ધીકકારી તમે કાઢી મુકયો? તેની સાથે મારી લાડકી બેટી પણ ગુમ થઇ. તેનો પણ પત્તો મળે નહી. ઓ હવે શુ કરૂં?" તેણી આશું ખેરવતી અને માથુ ફોડતી બોલી.

"પ્યારી બેગમ, ધીરજ ધર હમના આપણા લસકરનાં હલકારા લોકો ગયા છે તે ખબર લઇ આવશે."

"તેઓ શું જાણેછ કે જાઇના કયાં ગઇ છે?"

"ગાંડી, મેં અરધાને હીન્દુસ્તાન તરફ દોડાવ્યા છે અને અરધાને બીજી રાહે મોકલ્યા છે."

"તે કાંઇબી હોય પણ મને મારી બેટી લાવી આપો" અને તે બેફામ થઇ જમીન ઉપર પટકાઇ પડી.

"ધીરજ ધર, બેગમ જલદીજ આપણી બેટી મળશે." મહેરાબે હીમત આપતાં કહ્યું

"કયારે મલશે? મલશે, મલશે, કરતાં ત્રણ મહીનાં થવા આવ્યા." રાણી જરા તાણીને બોલી.

"આટલો વખત થોભી તો બીજો થોડોક વખત સબુર કર" મહેરાબે કહ્યુ અને તે ત્યાંથી ગયો.

મહેરાબ ત્યાંથી ગયો તેવોજ તે પોતાની દરબારમાં જઇ તખત ઉપર બેઠો અને થોડાજ વખતમાં એક હલકારાએ આવીને ખબર કીધી.

"નામદાર શહેનશાહ, હિન્દુસ્તાન તરફથી ભારી રજપુતની ફોજ આવે છે, તે ફોજનો ઇરાદો કેરમાન શહેર ઉપર ચઢાઈ કરવાનો છે તે લસકરનો વડો કરીમખાન છે અને તેની સાથે તમારી બેટી જાઇના પણ છે." હલકારાએ શર નમાવીને કહ્યું.

"કોણ? કરીમખાંન રજપુતની ફોજ સાથે તુર્કસ્તાન જાયછે! ઓહ, ત્યારે હુંબી એને થોડીક મદદ કરીશ." તે લગાર હીમત મેળવતાં ખુશ જીગરે બોલ્યો.

"નામદાર, તમારે કરીમખાનને મદદ કરવીજ જોઇયે. કારણ કે તમારી બેટી એની સાથે છે અને હવે તમારી બેટી એનીજ થઈ ચુકી છે." મહેરાબનાં વજીરે કહ્યું.

"ખરી વાત છે. ચાલો આપણા લશકરના માણુસોને તૈયાર થવાનો હુકમ કરો, હું કરીમખાનની મુલાકાતે જાવુંછુ." મહેરાબે ઉલટથી કહ્યું અને તે ત્યાંથી ઉઠીને રાણીને ખુશખબર કહેવાને ગયો.

મહેરાબને મોઢેથી આ ખુશખબર સાંભળી બેગમ ખુશી ખુશી થઇ ગઇ અને પોતાની દીકરી તથા ભવીષ્યનાં જમાઇને લેવાને માટે પોતે પણ શહેનશાહ સાથ જવાને તૈયાર થઇ.

શહેનશાહ મહેરાબે ભપકામાં લશ્કર તૈયાર કીધું અને રાણી તથા તમામ લશ્કરને લઇ કરીમખાનની મુલાકાત માટે ગયો.

રાતનો વખત થયો હોવાથી તેજ ઘોડાનો સાહેબ દરીયામાં ગરક થયો અને મહાતાબ પોતે ખલક ઉપર સ્વારી કરી પુર્વેથી ઉપર આવતો દેખાડયો.

કરીમખાને ત્યાં ટણુઓ મારી લશકર ફરતું રાખી મુકામ કીધો.

"મારા ભાઇ ચંદ્ર, તું મારો ખરો દોસ્ત છે. અરે દોસ્ત હોય તો એવા હોવા જોઇએ કે પોતે દુઃખની વખતે કામ આવે." કરીમખાન બબડયો કે જાઇનાં તેની આગળ આવી.

"કેમ પ્યારા શુ કરોછ? એકલા એકલા શું બબડોછ?"

"કાંઇ નહીરે પ્યારી, હું તો છેતે ખુદાને યાદ કરતો હતો." કરીમખાન બોલ્યો. "જાઇનાં પ્યારી, તું મહારી આગળ બેસ."

"હું તો ખુદા પાસે માગતી હતી કે કયારે તમો મને પાસે બેસવા કહેવ.' તેણી હરખાતી બોલ્યો.

"ચાલ, આવ બેસ" કરીમખાંને માયાથી કહ્યું અને તેને જાઇનાનું માથું પોતાની છાતીમાં દાબી તેણીના ગોરા ગાલ ઉપર એક ગરમ બોસો લીધો અને તેનો જવાબ જાઇનાએ પાછો કરીમખાંનને તેજ દમે વાળ્યો.

તે બન્ને પ્રેમીઓ પોતાના તબુમાં બેસીને એક એક સાથે હશી ખુશીથી ખુશ ગુફ્તેગો કરતા હતા.

તે બંન્ને જણાને સારો સપ હતો. (અને મેં પણ પેલા કાણા જોશીનાં કહેવા મુજબ બધી ગણુતરી કાઢીને કુંદલીને આધારે નામો ઠેસવ્યાં છે)

વાંચક, ધણી ધણીયાનીમા સપ હોય તોજ સસાર સુખી નીવડે છે, નહી તો પછી જ્યારે ધણીયાણી સાડાબાર માગે અને ધણી પોણા ચઉદ માંગે કે સંસારમા સડો પડે. પછી તે સડો કોઇ અક્લાતુનથી નીકળી શકનો નથી. માટે સ્ત્રી જાતે હમેશાં પોતાના ધણીને થંડો રાખવો, તેની તરફ વફાદારી બતલાવવી, તેની તાબેદારી કરવી, તેના સુખમા ભાગ લેવો અને દુઃખે જીવ સડકે કરવા તૈયાર થવું જોઇએ.

જો આવી રીતે હોય તોજ સ્ત્રી ખરી કહેવાય અને બેહસ્તનુ કામ તેને પતીને પુંજી અહીંઆજ કીધું એમ જાણવું.

વાંચક, આજે મારી બાવીસ વરસની ઉમરમાં મને ઘણો સારો અનુભવ મળ્યો છે, મેં પણ થોડાક કુટુંબની રીતભાત તપાસેલી છે

વળી કેટલાક બીચારા ભણુનાર ગણુનાર અને હંમેશાં ખુદાની

રાહ પર ચાલનાર માંણુસોની પણ આબરૂને જાંખ લાગેલી મેં જોઇ છે.

કેટલીક પોરીઓની રીતભાત જોઇને પણ દાંતમા આંગળી પકડેલી છે. અને વળી કેટલાકને સારી શીખામણ પણ દીધેલી છે, કે જે થકી તેણી પોતાનાં ભવીષ્યના રાજા તરફ વધુ પ્રીતી દેખાડી શકે.

સ્ત્રીએ હંમેશાં એકનેજ વળગી રહેવુ જોઇયે. કારણ કે એકની પ્રીતી તેજ જાવેદાન તુલીક પુગે છે. આજે પેલો તો કાલે બીજો પરમ દીવસે ત્રાજો એમ ધોબીના વાગા બદલ્યા કરે એટલે ખલાસ. પછી ભવીષ્યના વરરાજા તરફ સારી લાગણીની કાંઇબી આશ ફોકટ. ભાઇ, નારી જાતી વીશે મેં એક વાત :મહારા મુસલમાન ફ્રેન્ડને મહોડેથી સાંભળી છે તે અહીં ટુકમાં આ ાવી યોગ્ય થઇ પડશે.

મહમદહુશેન નામનો એક મુસલમાન ગાજર વાડીની મુગા ગલીમાં રહેતો હતો. તેને એક બેટી હતી, તેનુ નામ લાડથી જાન બેગમ કરી રાખ્યુ હતું.

જાન બેગમ ઘણીજ રૂપ.ળી હોવાથી બાવાજીએ તેને ગમે ત્યાં ફરવા હરવાની છુટ આપી હતી.

જ્યારે તે બેટીએ જોયું કે બાપનો મહારી પર વધુ પ્યાર છે ને હું કેઠે જવસ તોપણ તેવણ બોલશે નહી, ત્યારે તે છોકરી જ્યાં ગમે ત્યાં ફરવા અને મોજ કરવા લાગી.

તેણી રોજ કસાઇ મહોલામાં તેની સહીને ત્યાં જતી. તે

સહીનો ભાઇ **જમાલખાંન** એક અચ્છો ગાનારો હતો. ધીમે ધીમે જાનબેગમ તો તેના સાથે પ્યારમાં પડી.

જમાલખાંન પણ ગોરી ચામડી પર લોભાયા અને કાંઇ પૈસા વેરવામાં બાકી રાખ્યું નહી. છેવટે ત્રીજોરીનુ તલ્યું આવ્યું ત્યારે કરજ કીધું.

જ્યારે હદ બહાર કરજ થઇ ગયું ત્યારે તેવણુની ધરપકડ થઇ અને આથી ગભરાઇ જઇ તે શીક પડયો અને શીક પડતાંજ તે બીચારાને લકવો થયો. લકવાની બીમારીથીજ તે ખલાસ થઇ ગયો.

જ્યારે જમાંલખાંન મરણ પામ્યો ત્યારે જાનબેગમ તેવણુની પડોસમાં વસ્તા કાજી સાહેબ મહમદશાહ સાથે નખરાં કરવા લાગી અને નખરાનું પરીણામ ઉલટાઇ જઇ ઘણુ ગંભીર આવ્યું. આથી તેનાં બાપે જાનબેગમને ઘણી ધમકાવી, કેટલીક મારી અને બામણુ લઇ કાજી સાહેબની ખબર લેવા જાય છે એટલામાં કાજી સાહેબ કોણુ જાણે કયાં વંજો માપી ગયા.

વળી પાછું છ મહીનાં વેર થંડુ પડયું અને વળી પાછો જાનબેગમના ભેંજાનો કીડો ચવડયો, કે તેના બીજા પડોસી હશન સાથે પ્યારમાં પડી. હશન પણ મત્લાબક્ષ હતો એટલે તેને હથેલીમાં ચાંદ દેખડાવી બીજી સાથે ગોઠવાયો અને અંતે ત્રણુમાં તેણીને હાર મળી અને ચોથો સોધવા નીકળી.

ચોથો ભાઇ એક ચકરમ મળ્યો. તેતો અવારનવાર જાનબેગમ માટે મીઠાઇ, હાફુશ તથા દરેક ચીજ લઈ જવા લાગ્યો, અને એક દીવસે પકડાતાં તેની પણુ કેસરી થઇ.

જ્યારે જાનબેગમે જોયું કે નશીબમાં ધણીનું સુખ નથી ત્યારે બીચારી નીરાસ થઇ અને છેવટે કુંવારીજ બુઢી થઇ. માટે વાંચક, તું વીચાર અને તપાસ કર કે જાનબેગમ પેલા પહેલા જવાનને ખાદામાં નહી નાંખતે, કરજદાર નહિ કરતે અને તેની સાથે પરણી હોતે તો તેને કેવું સુખ મળતે! પણ એના કરમના ભોગ કે પૈસાની લાલચું બની સાન પાંચને નીચવવા ગઇ અને છેવટે તેનું પરીણામ શું આવ્યું તે તમે પુરે પુરૂં જાણી ચુકયા છો. વાંચક, આપણી વાર્તાથી હું ઘણીજ દુર નિકળી જવા માટે આશા છે કે મને દરગુજર કરશે.

(પ્રકરણ ચઉદમું.)

મેલાપ.

(ગાયન)

આશા મારી છે ખરી, (૨) માન, માન, યઝદાં તું જરી
દાદ મારી, દે તું વારી, હંમ પરનું દુ.ખ દે તાળી,
રંજ કાપો, ગજ આપી, કર સુખી તુ ઘર જરથી ભરી,
માંગુ હું કરગરી, માન-માન.

કરીમખાંન પોતે પોતાના તબુમાં તેની પ્યારી જાઇનાં સાથે બેઠો હતો.

"જાઈનાં, તું થોડોક વખત તારા બાપને ત્યાં રહેજે કારણકે લડાઇની દોડ ધામમાં હું તુંને કયાં સાચવીશ." કરીમખાંને કહ્યું.

"નહી પ્યારા, હું તો તમારી સાથેજ આવશ. તમે મને કાંઇ નબલી ના સમજતા, મને પણ તલવાર સારી રીતે ફેરવતા આવરેછ" જાઇનાં હીમતથી બોલી.

"પ્યારી, તે વાત ખરીછે. પણ ઘણું કરે તો તુ ઓરત છે, કદાચ કોઇ પાપીના ઘેરાવામાં ગઇ તો પીડા પડે." કરીમખાંન તેને પસવારતાં બોલ્યો.

"ત્યારે તમે મને સાથે લઇ નહી જશો ?"

"નહી પ્યારી, હુ મારા બદકાર કાકા ઉપર કીનો લેવા જાઉં ત્યાં તુંને કેમ લઇ જઇ શકું ?"

"તમે મને નહી લઇ જશો તો હું તમારા ગયા પછી મરી જઇસ." જાઇનાંએ નંખાયલા સાદે કહ્યુ અને તેણીની આખ્યો ભરાઇ આવી. "પ્યારી, ડાહી થા, એમ ઘેલા ના કહાડ તું મહારી સાથે કયા આવશે ?"

"તમે જ્યાં જશો ત્યા આવશ" જાઇનાંએ કહ્યુ એટલા ઉદયશીહ તે લોકોના દહેરામાં અચણુચો આવી લાગ્યો

"કરીમખાન, એક ભારી લશકર દુરથી અહીયા આવતુ દેખાય છે. ખબર નથી પડતી કે એ તુફાની લસકર કોણનું છે." ઉદયાસીહ અજાયબીથી બોલ્યો.

"ભાઇ ઉદયસીહ, લશકરને તૈયાર થવા કહો, જોઇએ કોણનુ લસકર છે." કરીમખાને કહ્યુ કે ઉદસીંહ ત્યાંથી ગયો અને કરીમખાન પણ તૈયાર થઇ જાઇના સાથે લશકરમાં આવ્યો.

કરીમખાને જાઇનાને એક લાખ લસ્કરની વચમાં રાખી અને પોતે બાકીની ફોજ સંગાત લઇ ચાલ્યો.

જ્યારે પેલી તરફ મહેરાબનાં લશ્કરે કરીમખાનનું લશ્કર દીઠું ત્યારે તે વીચારમાં પડયો કે એ ફોજ કોણની હશે.

તેને તરતજ એક હલકારાને તે ફોજની ખબર કહાડવા માટે મોકલ્યો. તે હલકારો કરીમખાનનાં લશ્કરની લગભગ નજદીક ગયો. કરીમખાને તે હલકારાને આવતા જોઇ લશ્કરને ઉભું રહેવાને કહ્યુ કે તે લશ્કર ત્યાં ઉભું.

હવે પેલો હલકારો કરીમખાન આગળ આવ્યો અને તહેને કરીમખાને પુછ્યું,

"નામદાર, હમારા જાબુલના પાદશાહે પુછાવ્યું છે કે તમે કયે દેશ જવાના છો? અને કયા દેશના રહેવાસી છો?" પેલા હલકારૂએ કરીમખાંનને પુછ્યુ

"હુ તુરકસ્તાનના આગલા શહેનશાહ અફજલનો બેટો કરીમખાન છું. હું લડાઇ કરવાને માટે રજપુતની ફોજ લઇ તુરકસ્તાન તરફ જાવું છું" એટલુ કરીમખાને કહ્યુ કે પેલો હલકારો નમી ત્યાંથી ઘોડાની લગામ ફેરવી મહેરાબ આગળ ગયો.

તેને મહેરાબને જઇ વાકેફ કીધો કે તે લશ્કર કરીમખાનનું છે.

જ્યારે કરીમખાંને મહેરાબને આવતો દીઠો ત્યારે તેના મનમાં વહેમ આવ્યો કે કદાચ મને પકડવા આવતો હોશે પણ ખુદ મહેરાબ ત્યાં લસકર ઉભુ રાખી તેની ઓરત સાથે કરીમખાંન તરફ આવતો જણાયો ત્યારે કરીમખાંનને ધીરજ આવી. થોડાજ વખતમાં મહેરાબ કરીમખાન આગળ આવ્યો.

"નામદાર, અણજાણપણામાં મહારેથી કાંઇ બોલાયું હોય તો માફ કરજો." મહેરાબે નમીને કહ્યું.

"નામદાર, તમુને બધુ માફ છે. એ તમે નહી બોલ્યા હતા પણ મારાં નખરાં કરતાં નશીએ અણુજાણપણામાં એવીરીતે બોલાવ્યું." કરીમખાને કહ્યું.

"કરીમખાન, મારી બેટી જાઇનાંને તમે જોઇ છે?" મહેરાએ આતુરતાથી પુછયું.

"નહી, કયાં ગઇ?" કરીમખાંને ખોટું ડોળ કરી જુઠું બડાવ્યું. "તેણી તમારા પ્યારમાં દીવાની બની તમે ગયાં તેજ દીવસે કોણુ જાણે કયાં નીકળી ગઇ." મહેરાએ દીલગીરીથી કહ્યું અને પોતે રડવા જેવો થઇ ગયો. કરીમખાને તેને રડતાં જોયો, આથી દયા આવી અને ઉદયસીંહને ઇસારો કીધો કે તે જવાન રાજકુવર પોતે લશકરમાં જઇ જાઇનાને લઇ આવ્યો.

"લેવ, આ તમારી બેટી!" કરીમખાને કહ્યું અને તેઓ ત્યાં મળ્યાં.

"કરીમખાંન પહેલે તમે જાબુલ ચાલો અને ત્યાંથી હુ પણ તમુંને થોડુંક લશકર આપવા ઇચ્છું છું."

"નહી, નામદાર, હુ જાબુલ નહી આવુ, કારણકે મારે ઉતાવળે લડાઇ કરવાની છે.

મહારા માય બાપ તથા બહેનને તે મુંઝીના પંજામાંથી છોડવવાના છે." કરીમખાંને કહ્યું.

"કરીમખાંન તમે મહારો એટલો સુખન રાખો અને મહારી સાથે જાબુલ ચાલો." શહેનશાહ મહેરાએ કહ્યું.

"વારૂં, ચાલો પણ હું ત્યાં બે દીવસથી વધારે દીવસ રહેવસ નહી."

"હા, ફક્ત બે દીવસ રહેજો અને મહારી ખેતીનાં નેકા તમારી સાથે કીધા પછી જજો" મહેરાએ કહ્યું અને કરીમખાન તથા સઘળાએ ત્યાંથી જામુલ જવાનો રસ્તો પકડયો અને દીવસ એક મુકામ કરી રાત્રે મુસાફરી કરી. તેઓ જામુલ જઈ પુગ્યા અને બીજે દીવસે મહેરાએ કંઇ પણ ધામધુમ વીના તેની બેટી સાથે કરીમખાનની સાદી કરી, તેઓને હંમેશ સુખીના એક કીધાં.

(પ્રકરણ પંદરમું.)

કાજી શાહેબની ગફલતી અને તેનું પરીણામ.

અફજલને કેવી રીતે પકડવો અને ફાંસીને લાકડે લટકાવવો તેનો વીચાર કરતો ઇબ્રહીમ બેઠો હતો.

તે પાપીનાં મનમાં તો બસ તેનાં ભાઇને મારવાનોજ વીચાર હતો.

તેને અફજલને પકડવા માટે ઘણું કીધું પણ કાજી સાહેબનાં ઇલમ આગળ કોઇનું કાંઇ ચાલ્યું નહી.

અંતે ઇબ્રાહીમ નાસીપાસ થયો. પણ તેના ભેજામાં એક વાત યાદ આવવાથી તે ચોંકયો.

"હા, પેલાઓ સાય—પેલા મવલાબક્ષો મહારા કેદખાંનામાં છે, તેઓને એ કામ સોંપવું જોઇએ, તે લોકો એ કામ બજાવશે." ઇબ્રાહીમ મનથી બબડયો અને પોતે જેલમાં ગયો. તેને સાત લુટારૂઓને સઘળી વાત કહી.

તે લુટારામાં જે વડો લુટારો હતો તેને ઇબ્રાહીમે ઘણી મોટી લાંચ આપવા કહી. આથી તે નાપાક લુટારાના સરદાર નઝુએ ખુશીથી "હા" કહ્યું

ઇબ્રાહીમે તે લોકોના હાથમાથી બેડી કાઢી નંખાવી, પોતાના મહેલમાં લઇ ગયો ત્યાં તેઓને સારૂ ખાવાનું આપ્યું.

"જોવ ભાઇઓ, તમે ફતેહ કરીને આવશો તો હુ તમુને સારી જગ્યા આપશ, હું તમુને નેહાલ કરીશ" ઇબ્રાહીને તેમને ચઢાવતાં કહ્યું.

"કાંઇ ફીકર ના કરો નામદાર, હું કાલે જોર એ લોકોને તમારી આગળ લાવીને નહિ હાજર કરૂ તો મહારૂં નામ નઝુ નહિ."

"વારૂં જા, ફતેહ કર !" ઇબ્રાહીમે કહ્યું

"નામદાર, તમે મને બેસુદ્ધ કરવાની કાઇ દવા હોય તો આપો."

"હા, હું આપું." ઇબ્રાહીમે કહ્યું અને તેને એક શીશી પેલા લુટારાના હાથમાં આપી, તે તેને લીધી અને પેલા સાને જણાએ રસ્તો પકડયો.

રાત અંધારી હતી. ફક્ત તારાઓ આસમાનમાં ચમકયા કરતા હતા, બાકી બીજે ઠેકાણે કાંઇ હતું નહી.

પહાડમાં કીધેલા મુકામમાં અફ્જલ, હશીના અને તેની બેટી સર્વે સુઇ ગયા હતા અને સાથે કાજીજી સાહેબ પણ ભુખમાં ભર ઉંઘમાં પડયા હતા.

આવા વખતમાં પેલા સાતે લુટારૂઓ આસ્તે આસ્તે પહાડ ઉપર ચઢયા.

તેઓ એવા તો ધીમે ચઢતા હતા કે કોઇ સંસારો જાણી શક્યું નહી.

હવે તેઓ પહાડ ઉપર ચઢયા ત્યાં તેઓને ચાર જણા સુતેલા માલમ પડયા.

પેલા બદકારોએ ચારે જણાને દીઠાં અને તુરત તેઓનાં નાકમાં પેશી દવા સુંઘાડી દીધી અને તેમાંથી ત્રણ જણાને ઉંચકી ચાલતા થયા.

જો કે તેઓ કાજી શાહેબને હાથ લગાડવા જતા હતા પણ નણુએ પેલાઓને ના કહ્યું કે "એની પાસે છલમ છે. કદચ જાગી ઉઠશે તો આપણને બાળી ભસમ કરશે." નણુએ તેઓને એટલું કહ્યું કે તેઓએ ત્રણે જણને ઉંચક્યા અને આસ્તે આસ્તે નીચે ઉતરી ત્રણ જણાને ઘોડા સાથે બાંધી ઝપાટામાં ત્યાથી નીકળી ગયાં.

થોડા વખતમાં ઇબ્રાહીમ આગળ તેઓ આવી પુગ્યા અને તે ત્રણેને તેની આગળ હાજર કર્યા, આથી ઇબ્રાહીમ ખુસી થયો.

જયારે પેલા ત્રણ જણા સુદ્ધીમાં આવ્યાં અને તેઓએ પકડાઇ ગયલાં દીઠા ત્યારે હાય અફશો કરવા લાગ્યા.

બીજી તરફથી કાજી સાહેબ હુશીયારીમાં આવ્યાં અને ત્યા જોય છે તો કોઇ મળે નહી, આથી હાય અફસોસમા પડયા અને ત્યાંથી પાંઉ પીયાદા પાછા તે જગા ઉપર જવાને તૈયાર થયા.

(પ્રકરણ સોલમું.)

ત્રણે જણા ફાંસીને માચડે.

(દોહરો)

લખ્યા લેખ નવ મીટે કીસમત રૂઠી ના વાડ,
કલ્યુગ જે નગપે ભ્રમ્યો, દીધો અનહદ ત્રાસ.

(અધીપતી. અઠવાડિક મજાહ)

હા, આય સોલમું પ્રકરણ લખતાં મહારી જવાન કલમ ધ્રુજે છે. અરે બીચારા નીર્દોસ ત્રણ જણાઓ આજે ફાસીએ જશે!

ખુદા આય શુ સીતમ! નખરાંબાઝ નશીબ આય તારા શું નખરા! અરે બીચારા નીર્દોસની તુને દયા નથી આવતી!

શું કુદરત પોતે પાપીને આય જહાનમાં ફાવવા દે છે? જ્યારે તેને રાત દીવસ આરાધનાર નેક માણસો ઉપર સખતી નાંખે છે ને વળી છેલ્લે તેને ફાંસીએ લટકાવે છે!

અરે, તોબાહ, આય તો કુદરતનો અજબ રંગ છે! શું ખોદા પાપી તરફ વધુ ધ્યાન રાખે છે, અને આ ત્રણેની તરફ ધીક્કારની નજરથી જોય છે?

નશીબના હાથમાં માણસોની લગામ આવી તેથી તેની સાથે નખરાં કરી આવે અવળે રસ્તે દોડાવે છે! બસ, બસ ભાઇ બસ, આ તો તદન અતેરૂંજ થયું! બીચારો અપજશ તેના બેદકાર ભાઇનાં કાંઇ વાંકમાં નથી તોપણ તેનો ભાઈ તેને ફાંસીને લાકડે ચઢાવાને તૈયાર થયો.

ધીક્કાર છે એવા મા જણ્યા ભાઇ ઉપર કે જે પોતાના ભાઇને પણ ફાંસીને લાકડે લટકાવાને તૈયાર થયો ! ચાલો માંડીવાળો અને હવે આપણે અફ્‌જલ ગમ જોઇએ.

તેઓ ત્રણુ જણા, પાસે આવતી તેમની મોતની ઘડી માટે વિલાપ કરતા હતાં.

"અરે, અરે ખુદા, હમારી ઉપર શું જુલમ ! અરે, હમે ત્રણે જણાં ફાંસીને માંચડે ! ઓ, હમે તારો શું વાંક કીધો કે હમને ફાસીએ લટકાવે છે ?" અફ્‌જલ આશુંઓ ગેરવતો બબડયો. જેલનો સીપાઈ તેઓ આગળ આવ્યો અને તે પણ આંખમાં આશુ સાથ ત્રણે જણાઓને ફાંસીના માચડા આગળ લઇ ગયો.

બદકાર ઇબ્રાહીમે તે ફાસીના માચડા મેદાનમાં તૈયાર કરાવ્યા હતા અને તે ત્રણે માટે જુદા જુદા હતા.

વળી તે પાપીએ શહેરમાં દાંડી પીટાવી તમામને જોવા પણ બોલાવ્યા હતા, અને પોતે પણ તે જગ્યાએ ગયો હતો.

જ્યારે પેલો જેલર ત્રણે જણાને ઇબ્રાહીમ આગળ લઇ આવ્યો ત્યારે તે પાપી તેના ભાઇને પોતાની મરજી ઉપર ફત્તેહ પામેલો જોઇ ટકારમાં બોલ્યો.

"જા અફ્‌જલ, આય તારે માટે તખ્ત તૈયાર કરાવ્યું છે તે પર બેસી આરામ કર."

"ભલે ભાઇ, હું એ તખ્ત પર આરામ કરશ પણ મારી દુવાથી તું હંમેશા સુખી રહેજે." તે ભલા ભાઇએ પોતે ફાંસી જતી વખતે પણ અફ્‌જલને નેક દુવા દીધી. તેઓ ત્રણે નિર્દોષ જીવડા રડતાં અને પોતાના કર્મને શ્રાપ દેતાં માચડા ઉપર ચઢયા.

અરે, વાંચક, ઉપલું લખતાં મહારૂ .પોતાનું હૈયું ભરાઇ આવે છે, ત્યારે તું શુ આખમાંથી આંશું નહી ખેરવશે !

ખચીત તું આશું તો પાડયા વગર રહેશેજ નહી.

તેઓ ત્રણે જણાં રડતા ફાંસીને માચડે ચઢયાં કે તેઓના ગલામાં ફાંસીનું દોરડુ પડયું.

જેવું ફાંસીનું દોરડુ પડયું કે આશમાન એકાએક ઘેરાઇ આવ્યું અને એવોતો પવન ફુંકાવા લાગો કે મોટા મોટા વંટોળીઆ થઇ સઘળાની આંખોમા ધુળ ભરાઇ ગઇ.

આકાશમાંથી મહોટા બરફના કટકા પડવા લાગ્યા અને તે જોઇ સઘળાં નહાસવા લાગ્યા.

એવામાં ત્યા આગળ એક સુફેદ પોષાકમાં સજ થયલો આદમી આવ્યો અને પેલા ત્રણ જણાના ગલામાંથી ફાંસીનું દેરડુ કહાડી નાંખી ત્રણેને લઇ ચાલ્યો ગયો.

તે થોડેક દુર ગયો કે પેનુ તુફાન એકદમ નરમ પડી ગયુ અને ઇબ્રાહીમ માચડાની સામે જોયછ તો ઓ, તેની અજાયબી ! માચડા આગળ ત્રણેમાંનું કોઇ પણ હતું નહિ, ત્યારે તેઓ ગયા કાં ?

વાંચક, તુંને જણાવીશ કે તે ત્રણે જણાના ગળામાંથી ફાંસીનું દોરડું કહાડનાર પેલા દલમી કાજી સાહેબ હતા.

તેની કરામતથીજ સઘળું થયું હતું અને ગરીબ તેઓ બચવા પામ્યા હતા.

કાજી સાહેબ તે ત્રણ જણાઓને લઇને બીજી જગ્યાએ ગયો અને ત્યાં જઇ તેઓ પાછા બીન દહેસતે રહેવા લાગ્યા.

અફ્જલે કાજી સાહેબનો ઘણો ઘણો ઉપકાર મ.નો.

"અરે, શાહ તું મને એટલું કહે કે એનું શહેર ઉધું માર, તો તે કરવાને પણ હું તૈયાર છું."

"નહી કાજી શાહેબ ! એ પોતાનું પાપ જોઇ પસ્તાય એટલુંજ બસ છે."

"અરે, તમે કેવા ભલા માણસ દેખાવો છો કે હજી તમુને તે નાપાકની દયા લાગે છે !' કાજી સાહેબ બોલ્યા

(પ્રકરણ સતરમું.)

ઈબ્રાહીમનો ગભરાત.

આપણે કરીમખાન તરફ ફરશું તે નામદાર જંગી લશ્કરની મોટી ફોજ સથે પહેલે કેરમાન તરફ ગયો ત્યા જતાંને વરજ કેરમાન શહેર ફતેહ કીધું અને ત્યાં એક મોટી ફોજ મુકી ત્યાંથી તુરકસ્તાન જવાને નીકળ્યો

આ ખબર ઇબ્રાહીમે જાણી કે કરીમખન મોટી ફોજ ની સાથે મારી પર હુમલો કરવા આવે છે, અને તહેને કેરમાંન શહેર ફતેહ કીધુ. આવી ખબર સાંભળી તે નાપાકના દીલમાં ભારે ગભરાત પેડા થયો, અને તેના હાડેહાડ ધ્રુજવા લાગ્યા, પણ તેને હુશીઆરી વાપરી એક લાખ માણુસને શહેરથી ૧૦ માઇલને છેટે રાખી શહેરનું રક્ષણુ કરવાનો વીચાર કીધો. તેની સરદારી મીરજાંને આપી અને પોતે એક લાખ માણુસ સાથે શહેર સંભાળવા બેઠો.

આપણા કરીમખાનને જોઇશું તો તે પોતાની ફોજ સાથે આવતો માલમ પડે છે. તેને ખબર નહીં હતી કે આરબોનું બનેલું લશકર મેદાનમાં છે.

જ્યારે તે તે લશકરની નજદીક લગોલગ જઇ લાગ્યો, ત્યારે કરીમખાંનને તે લશકરનો ઝુંડો નજર આવ્યો. તે જોઈ કરીમખાને તે લશકર ઇબ્રાહીમનું છે એમ તુરત જાણ્યું.

"મહારા નામદારો, તમે અહીંથી પચાસ હજાર માણસો જુદા થઇ પાછલીગમથી આવો કે નાપાકોને આપણે ઘેરામાં લઇ તીરનો વરસાદ વરસાવીએ."

કરીમખાને આ મુજબ કહ્યું કે તે લશકરમાં જે સરદાર હતો, તેનુ નામ સુર્યસીહ હતું, તે જબરો લડવૈયો હતો. તે પોતાની સાથે પચાસ હજાર સવાર લઇ ઉત્તર દીશા ગમ જવાને રવાનાં થયો.

બીજી બાજુથી કરીમખાને લશકરનાં માણસોને તલવાર કાઢવાનો હુકમ કર્યો.

જેવો તલવાર કાઢવાનો હુકમ થયો કે નગારાઓ ધમાધમ ઠોકાવા લાગ્યા અને થોડાજ વખતમાં બન્ને તરફનાં લશકરો એક એકમાં ભેળાઇ ગયાં.

ત્યાં એવું તો જંગ મચી રહ્યું કે બોલવાનીજ વાત નહી. તે લડાઇમાં આરબો ઉપર રજપુતોએ એવો તો મારો ચલાવ્યો કે આગલું પાછલુ જોયા વગર ત્યાંથી વંજા માપવા લાગ્યા પણ પેલીગમથી સુર્યશીહ નીકળી આવ્યો. આથી તેઓ ઘેરાવામાં પડયા.

જ્યારે સુર્યસીંહ પણ પોતાના લશ્કર સાથે આરબો ઉપર જઇ પડયો, ત્યારે આરબોનો વધુ ઘાન નિકળવા લાગ્યો. થોડાજ વખતની લડાઇમાં તો ત્રીસ હજાર આરબો જમીનદોસ્ત થયા.

જ્યારે આરબો ઘણાંજ જમીન ભેટવા લાગ્યા ત્યારે મીરજા અફસોસ કરવા લાગ્યો અને પોતે લડાઇમાં ઝીપલાવા લાગ્યો. તે ઉભો ઉભો રજપુતો ઉપર તીર છોડતો હતો પણ સીતારો ઉંધો હોવાથી તેનો છુટેલો તીર તેનાંજ માણસોને લાગતો હતો.

જ્યારે કરીમખાને તે બદકારને પોતાના લશ્કર ઉપર તીર મારતો દીઠો ત્યારે તેને તેની કમાન ઉપર તીર ચઢાવી ટાંકીને એવી તો મીરજાની તરફ છોડયો કે તેની છાટી વીંધી તીર બીજા દશ આરબોની છાટીમાંથી આડોઅવળો નીકળી ગયો.

તે તીરના લાગવાથી મીરજા જમીનપર પડયો અને તરતજ તેને પોતાનો જાન તે કીરતારને હવાલે કીધો.

જ્યારે આરબોનો સરદાર માર્યો ગયો ત્યારે તેઓ દીલગીર થયા, અને વધુ મરવા લાગ્યા અને કેટલાક લો તાબે પણ થઇ ગયા.

જ્યારે કરીમખાંને જોયું કે આરબો તાબે થવા માંગે છે, ત્યારે તેને લશ્કરને ફરમાવી તેઓ ઉપર ઘેરો ઘાલ્યો અને આરબોને તલવાર નમાવી દેવાનો હુકમ કીધો.

તલવાર નીચે મુકી દઇ આરબો કરીમખાન આગળ આવ્યા અને તેઓને પકડી હાથમાં બેડી નાંખી.

(પ્રકરણ અઢારમું.)

શહેરની ફતેહ.

મેદાનમાં આરબોની ફોજનો ઘઘાણ કહાડી કરીમખાન શહેર તરફ વધ્યો અને ત્યાં ઇબ્રાહીમ જે ફોજ લઇને ઉભેલો હતો તે સામે થયો

કરીમખાંન પણ તેની સામે થયો અને બન્ને કાકા ભત્રીજાને ના લશકર એક એકમાં ભેળાઇ ગયા.

એક બાજુ લશકર ભેળાયું કે કરીમખાન ઇબ્રાહીમની શોધમા ગયો અને તે મળતાજ તેના ઘોડાને તીર મારી ઇબ્રાહીમને જમીન પર નાખ્યો અને તરતજ પોતે ઘોડા ઉપરથી કુદી પડયો અને નાપાકના બન્ને હાથો બાંધી ઘોડા સાથે ઘસડતો તેના લસકરમાં લઇ ગયો અને પાછો આરબો ઉપર મારો શરૂ કર્યો.

કરીમખાને અરધું લશ્કર પોતાની સાથે લીધું અને બાકીનાં લશકર સાથે શહેરમાં દાખલ થયો. તેને ઝપાટામા પાછું પોતાનું શહેર કબજે કીધુ અને ત્યા તેનો વાવટો એકવાર ફરીથી ઉડતો કીધો.

જયરે અરબી લોકોએ જાણ્યુ કે કરીમખાને શહેર ફતેહ કીધું ત્યારે લડાઇ બંધ કરી સર્વે લોકો તાબે થયા કે કરીમખાને તેઓને જીવતદાન બક્ષ્યું.

ઉપરની વાત અફ્ઝલને ખબર પડતાંજ તે કાજી સાહેબ સાથે શહેરમાં આવવાને તૈયાર થયો અને ત્યાંથી રસ્તો કાપતો શહેરમાં આવ્યો.

શહેરનાં લોકોએ અફ્ઝલને પીછાણ્યો અને ખુશીના પોકારોથી તેણે વધાવી લીધો.

અફ્જલ પોતાનું વતન જોઇ ઘણો ખુશી થયો અને ખુદાના શુક્રાના કરતો તેનાં મહેલમાં ગયો. ત્યા કરીમખાંન તેને મલ્યો કે તે બાપ બેટો ભેટયા.

કરીમખાન અને સઘળા મળ્યા. અફ્જલે સઘળો ખુલાસો કીધો. કરીમખાન તે સાંભળી ઘણો ગુસ્સે થયો. કરીમખાંને કાજી સાહેબનો ઘણો ઉપકાર માંન્યો અને તેને પોતાના પેહરને જણાવ્યું કે હું ઇબ્રાહીમને કાલે સુળીએ લટકાવીશ.

કરીમખાનનું સાભળી અફ્જલે પહેલે ના કહ્યું, પણ કરીમ-ખાંનની જીદ આગળ તેનુ કાંઇ ચાલ્યું નહી. તરતજ કરીમખાને ફાસીનો માંચડો ઉભો કરવાને હુકમ કીધો અને તેનો હુકમ બજાવવા સીપાઇઓ દોડયા.

(પ્રકરણ ઓગણીશમું.)

ઈબ્રાહીમ ફાંસીને માંચડે.

ઇબ્રાહીમને ફાંસી આગળ લાવી ઉભો રાખ્યો હતો.

આ વખતે તે નાપાકનું મ્હોડું તદ્દન ઉતરી ગયું હતું. તે નાપાકને લેવાને માટે જમદેવ કયારનો ખોટી થતો હતો. વળી સૂળી તેની ગોડમાં મહેમાનની આપવાને તૈયાર બની હતી.

"ઇબ્રાહીમ, તારે કાંઇ કહેવું છે. હવે તુંને ફાંસીને લાકડે જવું પડશે !" કરીમખાને તેને કહ્યુ પણ તે પાપી કાંઇ બોલ્યો નહી.

"બોલ, અય જાલીમ જુહાક, બોલ, કયાં ગઇ તારી દીલાવરી અને કયાં ગઇ તારી ફોજ ?"

કરીમખાંને પાછુ ગુસ્સાથી કહ્યું પણ તેનો કાંઇ જવાબ મળ્યો નહી. ગોયા તેની જીભજ ગળામા ઉતરી ગઇ હતી.

"નામદારો, હવે માચડા ઉપર ઢીલ નાં કરો." કરીમખાને કહ્યું કે ઇબ્રાહીમને ફાંસીને માચડે ચહડાવામાં આવ્યો અને હવે તે લથકતું પઠકતું બોલ્યો.

"હા ખુદા, મહારા કર્યા કરતુકની શીક્ષા હું અહીં ભોગવીને આવુંછું માટે મને તું માફ કરજે ! ભાઇ અફજલ, મારેથી જે કાંઇ થયું તે માફ કરજે." એટલું કહી તેને પોતાના હાથે દોરડું ગલામાં નાંખ્યું અને ઉપર કુદકો મારી નીચે આવ્યો કે ગળું ચપતાઇ ગયું ને થોડાજ વખતમાં તે મરણ પામ્યો.

ઇબ્રાહીમ મુવો કે અફજલ પોતે પોતાનાં ભાઇ આગળ ગયો અને માહેતમ કરવા લાગ્યો.

કરીમખાને પણ માહેતમ કીધી અને પોતાની રશમ મુજબ સુખડની પેતીમાં મુંકીને ઇબ્રાહીમને દાટયો.

ખુદા એના રૂહને શાંતી બક્ષો !

(પ્રકરણ વીસમું.)

સુખી છેવટ.

વાંચક, મ્હારી વાર્તાનુ છેલ્લું પ્રકરણ લખી હું તારેથી રજા લઇશ.

કરીમખાંને બે માણસોને જાબુલ દોડાવ્યાં અને સઘળી વાત મહેરાબ અને જાઇના પર કહેડાવી. થેડાજ વખતમાં પેલા સ્વારો જાબુલ ગયા અને ત્યાં શાહેનશાહને ખબર કીધી

શહેનશાહ મહેરાબ પોતાનાં જમાઇની મુલાકાતે ઘણી ધામધુમથી ગયો, અને સસરા જમાઇઓ ભેટયા.

અફ્જલ પણ પોતાના વહેવાઇને મલ્યો અને તે બન્ને મતારાઓ શરાબબાજી કરવાને બેઠા.

શુભ મુરત જોઇ કરીમખાંન ગાદીએ બેઠો અને પાછો જુનો શહેનશાહનો અમલ ચલુ થયો. એક વખતનું ઉજજડ વેરાણ થયલુ શહેર પાછું આજી રહ્યું.

વાંચક, આપણે ચાર વરસનાં ગાળા પછી જાઇના અને કરીમખાંન ગમ જોઇશું. જાઇનાં એક બાલકને પોતાના ખોળામાં રમાડતી માલમ પડે છે.

પરવરદીગારે તેમને ત્યાં એક ફરજંદ આપ્યું હતુ અને તેનું નામ કરીમખાંને જહાંગીર રાખ્યું હતું તેને રમાડતા તે બન્ને જણાં બેઠા છે. ચાલો, ખુદા એ લોકોને સુખી રાખે !

સમાપ્ત.